સૌરાષ્ટ્ર આવૃત્તિ

# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૫ વર્ષ

R.N.I. No. GUJ GUJ /2013/58486

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 160 ■ વિક્રમ સંવત ૨૦૮૨
નિજ જયેષ્ઠ વદ-૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 8 July 2026, Wednesday ■ REGD.No. MCS/058/2018-20

બુધવાર, ૮ જુલાઈ ૨૦૨૬, (૧૦ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦


ઈન્ટરવલ પૂર્તિ ૫ ૬ ૭

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# સુરતમાં બારે મેઘ ખાંગા થયા, બાર કલાકમાં બાર ઈંચ

## આખા દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ, નવસારીમાં પણ ૧૦ ઈંચઃ કરંટ અને ડૂબી જવાથી બે દિવસમાં સાતનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વરસાદે સતત બીજા દિવસે સુરત શહેર અને જિલ્લાને ધમરોળ્યું હતું. સુરતમાં સવારે છ વાગ્યાથી સાંજે છ વાગ્યાના બાર કલાકમાં ૧૨.૨૪ ઇંચ વરસાદ વરસ્યો હતો. જ્યારે સુરત જિલ્લાના કામરેજમાં ૧૫.૮૭ ઇંચ વરસાદ વરસ્યો હતો અને પલસાણામાં ૧૪ ઇંચ વરસાદ વરસ્યો હતો. મહુઆમાં ૭.૮૩ ઇંચ વરસાદ નોંધાયો હતો. ત્યારબાદ નવસારીમાં પણ ૧૦ ઇંચ વરસાદ નોંધાયો હતો. સુરત,નવસારી, તાપી, ડાંગના અન્ય ૨૦ જેટલા તાલુકામાં ત્રણથી સાત ઇંચ જેટલો વરસાદ નોંધાયો હતો. સૌરાષ્ટ્રમાં મંગળવારે વરસાદે પોરો ખાધો હતો અને ગીર-સોમાનથ, અમરેલી, જૂનાગઢમાં સામાન્ય વરસાદ વરસ્યો હતો.

દરમિયાન સુરતમાં વીજળી પડવાને લીધે એક બાળકીનું મોત નિપજ્યાના અહેવાલો આવ્યા છે. આ સાથે કતારગામમાં ધાબા પર નહાવા ગયેલી બાવીસ વર્ષની નવવધૂનું પડી જવાથી મોત નિપજ્યું છે. આ સાથે મંદિરના મુખ્ય ટ્રસ્ટી રામ સુરેશ પાંડેનું કરંટ લાગવાથી મોત નિપજ્યું હતું. જ્યારે પાલી વિસ્તારમા આઠ વર્ષીય બે બાળકીના ડૂબી જવાથી મોતના અહેવાલો બહાર આવ્યા હતા.

મળતી માહિતી અનુસાર, કતારગામ વિસ્તારમાં બાવીસ વર્ષીય રીશિતા રાજન મિસ્ત્રી ધોધમાર વરસાદનો આનંદ માણવા માટે પોતાના ઘરના ધાબા પર નહાવા માટે ગઈ હતી. આ દરમિયાન અચાનક આકાશમાંથી વીજળી રીશિતા પર આવીને પડી હતી અને યુવતી ધાબા પર જ ઢળી પડી હતી. પરિવારને જાણ થતા તેને હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, પરંતુ તબીબોએ તેને મૃત જાહેર કરી હતી. મળતી માહિતી અનુસાર રીશિતાના લગ્ન છ મહિના પહેલા જ થયા હતા.

તો બીજી બાજુ માન દરવાજા વિસ્તારમાં રહેતી અલીના સ્કૂલેથી પરત ઘરે આવી ત્યારે ઘરના દાદરની રેલિંગમાં શોર્ટ સર્કિટને કારણે તેને ઝટકો લાગ્યો હતો અને તે પડી ગઈ હતી. ઈજાગ્રસ્ત દીકરીને હોસ્પિટલમાં માતા લઈ ગઈ હતી, પરંતુ તબીબોએ તેને મૃત જાહેર કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે સુરતમાં સોમવારે રાંદેર વિસ્તારમાં બે જણને કરંટ લાગતા તેમનાં મોત થયાં હતાં.

(જુઓ પાનું ૨) ▶▶




સુરતમાં છેલ્લા બે દિવસથી પડી રહેલા એકધારા વરસાદને લીધે રસ્તાઓ પર પાણી ભરાઈ ગયાં છે.

### મુંબઈમાં રાહત, પાલઘરમાં આફત

# વસઈ, નાલાસોપારા, વિરારમાં પાણી ઓસરતાં નથી

## ગુજરાત જતી ટ્રેનો અટવાઈઃ પાલઘર જિલ્લામાં દસનાં મોત

મુંબઈઃ દેશની આર્થિક રાજધાનીમાં મંગળવારે વરસાદનું જોર થોડું ઘટતા ભારે વરસાદમાં થોડી રાહત મળી હતી, પરંતુ પાલઘર જિલ્લામાં હજી પૂર જેવી સ્થિતિ હતી. વસઇ અને વિરાર વચ્ચેની ટ્રેનો મંગળવારે બપોર પછી બંધ કરી દેવાઇ હતી. મુંબઈથી ગુજરાત જતી ઘણી ટ્રેનો સુરતમાં ભારે વરસાદને લીધે અટકાવાઇ હતી. પાલઘર જિલ્લામાં વરસાદને સંબંધિત દુર્ઘટનામાં અત્યાર સુધી ૧૦ જણ માર્યા ગયા હતા. દરમિયાન, રત્નાગિરિમાં અનેક ભેખડ ધસી પડવાની ઘટના નોંધાઇ હતી.

હવામાન ખાતાએ મહાનગર માટે 'ઓરેન્જ' અલર્ટ જાહેર કર્યું હતું અને છૂટાછવાયા ભારે કે અતિભારે ઝાપટા પડવાની અને કલાક દીઠ ૬૦થી ૭૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાવાની આગાહી કરી હતી.

મુંબઈમાં વરસાદને કારણે સર્જાયેલી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને મંગળવારે બધી શાળા અને કૉલેજો બંધ રહી હતી.



પાલઘર જિલ્લામાં છેલ્લા બે દિવસથી ભરાયેલાં પાણી કોઈ રીતે ઓસરી નથી રહ્યાં અને તેને કારણે લોકોને પારાવાર હાલાકી પડી રહી છે. (એજન્સી)

પાલઘરમાં વિરાર - વસઇ વચ્ચે પૂર જેવી સ્થિતિ હતી. આમ છતાં, મંગળવારે સાંજે વરસાદનું જોર થોડું ઘટ્યું હતું.

વિરારથી ચર્ચગેટની પહેલી લોકલ ટ્રેન રાતના ૩.૫૭ વાગ્યે ઉપડી હતી. મધ્ય રેલવેમાં ટ્રેનો મોડી દોડતી હતી.

પાલઘરમાં ૩૮૯ પરિવારના ૧,૨૬૧ લોકોને પાલઘર, વસઇ અને વાડા તાલુકામાંની રાહત શિબિરમાં શિફ્ટ કરાયા હતા. વિરારમાં નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ અને સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની ટુકડી ગોઠવાઇ હતી. આ વિસ્તારમાં છેલ્લાં થોડાં દિવસથી સતત પડી રહેલા વરસાદને કારણે પૂર જેવી પરિસ્થિતિ ઊભી થઇ હતી.

જિલ્લા કલેક્ટર ઇંદુરાણી જાખડે

(જુઓ પાનું ૨) ▶▶

### ૨૦૦૮ અમદાવાદ સિરિયલ બ્લાસ્ટ કેસ

# ૩૮ આરોપીની ફાંસીની સજા બહાલ, ૧૧ને જનમટીપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હાઈ કોર્ટે મંગળવારે ૨૦૦૮ના અમદાવાદ સિરિયલ બ્લાસ્ટ કેસમાં સ્પેશિયલ કોર્ટના ચુકાદાને યથાવત્ રાખ્યો હતો. કોર્ટે ૩૮ દોષિતોને મૃત્યુદંડ અને ૧૧ અન્ય લોકોને આજીવન કેદની સજાની પુષ્ટિ કરવામાં આવી હતી. ૨૬ જુલાઈ, ૨૦૦૮ના રોજ થયેલા બૉમ્બ બ્લાસ્ટમાં ૫૬ નિર્દોષ માર્યા ગયા હતા અને ૨૪૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. હાઈ કોર્ટે ગુજરાત સરકારને ૩૧ માર્ચ, ૨૦૨૭ સુધીમાં પીડિતોને વળતર ચૂકવવાનો પણ નિર્દેશ આપ્યો હતો. માર્યા ગયેલા લોકોના પરિવારોને ૧૦ લાખ રૂપિયા ગંભીર ઈજા પામેલા લોકોને પાંચ લાખ રૂપિયા અને સામાન્ય ઈજા પામેલા લોકોને ૧ લાખ રૂપિયા આપવામાં આવશે. હાઈ કોર્ટના ચુકાદા બાદ આરોપીઓ દ્વારા હાઈ કોર્ટમાં સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવા માટે સમય માંગવામાં આવ્યો હતો. જેને ધ્યાને રાખી ગુજરાત હાઈ કોર્ટે પોતાના ચુકાદાના અમલ પર ત્રણ મહિનાનો સ્ટે આપ્યો છે. જેથી હવે ત્રણ મહિના સુધીના સમયગાળા દરમિયાન આરોપીઓ હાઈ કોર્ટે આપેલી સજાને સુપ્રીમ કોર્ટમાં પડકારી શકશે.

૨૬ જુલાઈ, ૨૦૦૮ના રોજ અમદાવાદમાં સિરિયલ બૉમ્બ બ્લાસ્ટ થયા હતા, જ્યારે બે દિવસ પછી સુરતમાંથી ઘણા વણફૂટેલા બૉમ્બ મળી આવ્યા હતા. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કરવામાં આવેલી તપાસમાં ૧૦૦થી વધુ આરોપીના નામ જાહેર કરવામાં આવ્યા હતા, જેમાંથી ૭૮ આરોપીએ ટ્રાયલનો સામનો કરવો પડ્યો હતો. ફેબ્રુઆરી ૨૦૨૨ માં, એક સ્પેશિયલ કોર્ટે ૪૯ આરોપીને દોષિત ઠેરવ્યા હતા અને અન્ય ૨૮ જણાને નિર્દોષ જાહેર કર્યા હતા.

૨૦૦૮ના હુમલાઓમાં પહેલી વાર હૉસ્પિટલોને નિશાન બનાવવામાં આવ્યા હતા. હુમલાખોરોના નામે મોક૩૮ આરોપીનીલવામાં આવેલા

(જુઓ પાનું ૨) ▶▶

# દમાસ્કસમાં ફ્રાંસના પ્રમુખ મેક્રોનની હૉટેલની પાસે ધડાકાઃ અનેક ઘાયલ

દમાસ્કસઃ અહીં ફ્રાંસના પ્રમુખ એમેન્યુલ મેક્રોન જે ફૉર સિઝન્સ હૉટેલ ખાતે રોકાયા હતા, તેની પાસે મંગળવારે થયેલા અસંખ્ય ધડાકામાં ઓછામાં ઓછા ૧૮ જણ ઘાયલ થયા હતા.


સિરિયાના ગૃહ મંત્રાલયે સંબંધિત માહિતી આપતા જણાવ્યું હતું કે ફ્રાંસના પ્રમુખ મેક્રોન સિરિયાના પ્રમુખ અહેમદ અલ-શારાને મળવા તેમના મહેલમાં પ્રવેશ્યા ત્યારે તેમની હૉટેલ પાસે ધડાકા થયા હતા. એમેન્યુલ મેક્રોન સલામત છે અને તેમણે સિરિયાના પ્રમુખ સાથેની બેઠક યોજી હતી.

અહેમદ અલ-શારા સિરિયામાં સત્તા પર આવ્યા પછી તેમને મળવા સિરિયા આવનારા મેક્રોન પશ્ચિમના દેશોના સૌપ્રથમ વડા છે.

ફ્રાંસના પ્રમુખ એમેન્યુલ મેક્રોન તુર્કિયેના અંકારામાં આયોજિત 'નાટો'ના સભ્ય દેશોના નેતાઓની શિખર પરિષદમાં ભાગ લેવા જતાં પહેલાં સિરિયા આવ્યા હતા.

આમ છતાં, મેક્રોનને હૉટેલને બદલે ક્યાં લઇ જવાયા, તેની માહિતી આપવાનો સિરિયાના અધિકારીએ ઇનકાર કર્યો હતો. (એજન્સી)

# અમરનાથ યાત્રા શરૂ થયાના પાંચ દિવસમાં હિમલિંગ પીગળી ગયું



સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુ : અમરનાથ યાત્રાનું પ્રતીક બરફનું શિવલિંગ આ વર્ષે યાત્રા શરૂ થયાના પાંચ દિવસની અંદર પીગળી ગયું. સત્તાવાર રીતે, ૧૦૦,૦૦૦ યાત્રાળુઓ પાંચ દિવસમાં ગુફા મંદિર પહોંચ્યા, જ્યારે બિનસત્તાવાર રીતે, આ આંકડો ૧,૫૦,૦૦૦ છે. પરિણામે, અમરનાથ યાત્રાનું પ્રતીક બરફનું શિવલિંગ, જે દર વર્ષે રક્ષાબંધન પહેલા ભક્તોના શ્વાસની ગરમી અને ગરમ હવામાનને કારણે ઝડપથી પીગળી જાય છે, તે ફરી એકવાર વિવાદનો મુદ્દો બની ગયું છે.

અમરનાથ યાત્રા શ્રાઈન બોર્ડના અધિકારીઓએ પીગળવાની પ્રક્રિયાને નકારી કાઢી છે અને કહ્યું છે કે તે એક કુદરતી ઘટના છે, પરંતુ કાશ્મીરી પર્યાવરણવાદીઓ આ વાતથી અસંમત છે, તેઓ દલીલ કરે છે કે આનું કારણ નિર્ધારિત ક્ષમતા કરતાં વધુ શ્રદ્ધાળુઓને યાત્રામાં ભાગ લેવાની મંજૂરી આપવી છે.

છેલ્લા ઘણા વર્ષોથી, હિમલિંગના ઝડપથી પીગળવાને રોકવા માટે લેવામાં આવેલા પગલાં અપૂરતા સાબિત થઈ રહ્યા છે. હકીકતમાં, ગુફામાં શ્રદ્ધાળુઓના ઘસારાને કારણે બરફના શિવલિંગને નુકસાન થઈ રહ્યું છે, કારણ કે તે લાખો શ્રદ્ધાળુઓના ગરમ શ્વાસનો સામનો કરી શકતું નથી. શ્રાઈન બોર્ડના અધિકારીઓ

(જુઓ પાનું ૨) ▶▶

# 'સિટ'ના અંતિમ અહેવાલ બાદ હું બધા આક્ષેપોનો જવાબ આપીશઃ ચંપત રાય

અયોધ્યાઃ અયોધ્યાના રામ મંદિરના ચંદા-ચોરી અંગે સ્પેશ્યલ ઇન્વેસ્ટિગેશન ટીમ (ખાસ તપાસ ટીમ, સિટ) તેનો અંતિમ અહેવાલ આપશે ત્યાર બાદ હું મારી સામેના બધા આક્ષેપોનો જવાબ આપીશ, એમ શ્રી રામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર ટ્રસ્ટના ભૂતપૂર્વ મહામંત્રી ચંપત રાયે કહ્યું હતું.

રામસેવકોને હસ્તલિખિત પત્રમાં રાયે કહ્યું હતું કે મારી સામે 'પાયાવિહોણા આક્ષેપો' કરવામાં આવ્યા છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે મેં આક્ષેપો પર મૌન ધારણ કરવાનું પસંદ કર્યું છે. ટ્રસ્ટની સામાન્ય સભા પહેલાં સિટનો વચગાળાનો અહેવાલ સુપરત કરવામાં આવ્યો હતો. પહેલાં આ અહેવાલને અતિ ગોપનીય કહેવામાં આવ્યો હતો, પરંતુ પછી એને જાહેર કરવામાં આવ્યો હતો. રાયે કહ્યું હતું કે એક વાર સિટ એનો અંતિમ અહેવાલ આપશે ત્યાર બાદ હું દરેક બાબતનો મુદ્દાવાર જવાબ આપીશ અને લોકો સમક્ષ આખું સત્ય આવશે. 'સિટ'ના સાત જૂને દાનમાં ઉચાપત પ્રકાશમાં આવી હતી. ૨૫ જૂને સિટના વચગાળાના અહેવાલના આધારે

(જુઓ પાનું ૨) ▶▶

# ભારત વિસ્તારવાદમાં નહિ, પણ વિકાસમાં માને છેઃ મોદી

જાકાર્તાઃ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઇન્ડોનેશિયાની સંસદને મંગળવારે સંબોધતા જણાવ્યું હતું કે ભારત વિસ્તારવાદમાં નથી માનતો અને વિકાસને પંથે આગળ વધી રહ્યો છે.

મોદીએ કરેલું આ નિવેદન હિંદ-પ્રશાંત મહાસાગરના વિસ્તારમાં ચીનના વિસ્તારવાદી વલણના સંબંધમાં અગ્નિ એશિયાના દેશોમાં વધેલી ચિંતાના સંદર્ભે મહત્ત્વનું છે.

ભારતના વડા પ્રધાને ઇન્ડોનેશિયાના પ્રમુખ પ્રબોવો સુબિઆંતો અને ટોચના નેતાઓની હાજરીમાં ઇન્ડોનેશિયાની સંસદને સંબોધતા જણાવ્યું હતું કે ભારત અને ઇન્ડોનેશિયાના દ્વિપક્ષી સંબંધ વધુ દૃઢ બનાવવા પ્રયાસ કરાઇ રહ્યા છે. દુનિયા ભવિષ્યમાં ભારતના ૧૪૦ કરોડ અને ઇન્ડોનેશિયાના ૨૯ કરોડ લોકોને સમૃદ્ધિના માર્ગે સાથે કૂચ કરતા જોશે.

તેમણે જણાવ્યું હતું કે ભારત હિંદ-પ્રશાંત મહાસાગરના વિસ્તાર સહિતના પ્રદેશને મુક્ત અને ખુલ્લો રાખવાની હિમાયત કરે છે.

મોદીએ જણાવ્યું હતું કે ભારત વિસ્તારવાદનો નહિ, પણ વિકાસનો પંથ અનુસરે છે. ભારત અને ઇન્ડોનેશિયા વચ્ચે વિવિધ ક્ષેત્રે સહકાર સાધવાની 'અમર્યાદિત તક' રહેલી છે.

તેમણે જણાવ્યું હતું કે ભારત અને ઇન્ડોનેશિયા વચ્ચેના સંબંધમાં દરિયાનું અંતર બાધારૂપ નથી. બન્ને દેશ લોકશાહીમાં વિશ્વાસ ધરાવે છે. બન્ને દેશો ત્રાસવાદ સામેની લડતમાં

(જુઓ પાનું ૨) ▶▶



# મોદીને ઇન્ડોનેશિયાનો સર્વોચ્ચ અવૉર્ડ

જાકાર્તાઃ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું મંગળવારે ઇન્ડોનેશિયાના સર્વોચ્ચ અવૉર્ડ 'બિન્તાંગ આદિપૂર્ણા'થી સન્માન કરાયું હતું. ઇન્ડોનેશિયાના પ્રમુખ પ્રબોવો સુબિઆંતોએ તેમને આ ચંદ્રક એનાયત કર્યો હતો. મોદીએ ભારત અને ઇન્ડોનેશિયા વચ્ચેની મિત્રતા દૃઢ બનાવવા કરેલા કાર્ય બદલ તેમનું આ સન્માન કરાયું હતું. ભારતના વડા પ્રધાનની ઑફિસે 'એક્સ' પર લખ્યું હતું કે મોદીજીનું આજે સવારે ઇન્ડોનેશિયાના સર્વોચ્ચ અવૉર્ડથી સન્માન કરાયું હતું. આ સન્માન ખરેખર તો કરોડો ભારતીયોનું છે. તે ઇન્ડોનેશિયા અને ભારત વચ્ચેના સંબંધનું પ્રતીક છે. અમે ઇન્ડોનેશિયાના પ્રમુખ પ્રબોવો સુબિઆંતોના આભારી છીએ. (એજન્સી)

# ભાવનગરમાં હાઉસિંગ બોર્ડના જર્જરિત મકાનોનું ડિમોલિશન શરૂ, ૪૦ મકાન પર બુલડોઝર ફેરવાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરના જુદા જુદા વિસ્તારોમાં ગુજરાત હાઉસિંગ બોર્ડના ૩,૭૦૦થી પણ વધુ જર્જરિત અને મકાનો ઝળૂબતા મોત સમાન ઊભાં છે. ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા ભરતનગરમાં અતિશય જોખમી મકાનોને અગાઉથી જ નોટિસ આપી હતી, મકાનોના તમામ કનેક્શનો કાપીને મકાનો ખાલી કરાવવામાં આવ્યાં હતાં. આખરે તંત્ર દ્વારા કડક હાથે કામગીરી કરીને ૪૦ જેટલા જર્જરિત મકાનો પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું.

જોકે, આ વખતે ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા ચોમાસા પહેલાં જ શહેરના તમામ જર્જરિત મકાનોને ખાલી કરવા માટેની નોટિસ ફટકારી દેવામાં આવી હતી. તેમ છતાં કેટલાક રહીશો દ્વારા મકાન ખાલી નહીં કરાતાં, તંત્ર દ્વારા આ અતિશય જર્જરિત મકાનોના નળ, ગટર અને વીજ જોડાણો કાપી નાખવાની ફરજ પડી હતી. આખરે મકાનો ખાલી થતાં જ ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા ભરતનગરના મારુતિનગર તેમજ કૈલાશનગરમાં કુલ ત્રણ બ્લોકના ૪૦ જેટલા મકાનો પર બુલડોઝર ફેરવી તેને જમીનદોસ્ત કરી દેવાયાં હતાં. તંત્રના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ આ કાર્યવાહી આગામી દિવસોમાં પણ સતત ચાલુ રાખવામાં આવશે. જેમ જેમ બાકીનાં મકાનો ખાલી થતાં જશે, તેમ તેમ હાઉસિંગ બોર્ડ દ્વારા અતિશય જોખમી મકાનોને તોડી પાડવાની કામગીરી આગળ ધપાવવામાં આવશે.

ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા ડિમોલિશનની શરૂ કરાયેલી આ કડક કાર્યવાહી અંતર્ગત આગામી દિવસોમાં શહેરના ભરતનગર વિસ્તારમાં આવેલા મારુતિનગર, શિવનગર અને કૈલાશનગર વિસ્તારના કુલ સાત જેટલા

(જુઓ પાનું ૨) ▶▶

# શેત્રુંજી ડેમના તમામ ૫૯ દરવાજા અઢી ફૂટ સુધી ખોલાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ સૌરાષ્ટ્રના સૌથી મોટા અને ભાવનગર જિલ્લાના જીવાદોરી સમાન પાલીતાણા ખાતે આવેલો શેત્રુંજી ડેમ ભારે પાણીની આવકને પગલે સંપૂર્ણ છલોછલ થઈ ગયો છે. ડેમનું નિયત જળસ્તર (રૂલ લેવલ) જાળવી રાખવા માટે શરૂઆતમાં ૨૦ દરવાજા ખોલવામાં આવ્યા હતા. જો કે, ઉપરવાસમાં ખાસ કરીને અમરેલી અને ધારી પંથકમાં વરસેલા અતિભારે વરસાદને કારણે ડેમમાં પાણીની આવક સતત વધતી રહી હતી. પરિણામે, સાત જુલાઈના રોજ વહેલી સવારે ૪:૪૦ કલાકે શેત્રુંજી ડેમના તમામ ૫૯ દરવાજા અઢી ફૂટ સુધી ખોલી નાખવાની ફરજ પડી હતી.

મંગળવારે સવારે ડેમમાં ૨૧,૮૦૦ ક્યૂસેક પાણીની આવક સામે એટલી જ જાવક નોંધાઈ હતી. તમામ દરવાજા ખોલાતાં હેઠળવાસમાં આવેલી શેત્રુંજી નદીમાં ઘોડાપૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. તંત્ર દ્વારા

(જુઓ પાનું ૨) ▶▶

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# રામ મંદિરને મળેલી ચીજોનો હિસાબ, પારદર્શકતાની દિશામાં પહેલું પગલું

**અયોધ્યા** રામ મંદિરના દાનની ચોરીના વિવાદ વચ્ચે રામ મંદિરનો વહીવટ કરી રહેલા શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે ચંપત રાય અને અનિલ મિશ્રાનું રાજીનામું સ્વીકારી લેવાયું અને ચંપત રાયના સ્થાને કૃષ્ણ મોહનને નવા મહાસચિવ બનાવી દીધા. ચંપત રાય અને અનિલ મિશ્રાએ અઠવાડિયા પહેલાં જ રાજીનામાં ધરી દીધેલાં પણ ટ્રસ્ટના બંધારણની છટકબારીનો લાભ લઈને બંને હોદ્દા પર ચીટકી રહેશે એવી આશંકા વ્યક્ત કરાતી હતી. સદ્નસીબે એવું કશું થયું નહીં ને ટ્રસ્ટના બંધારણ પ્રમાણે જ રાય ને મિશ્રાનાં રાજીનામાં સ્વીકારીને બંનેને રવાના કરી દેવાયા. ચંપત રાયના સ્થાને આવેલા કૃષ્ણ મોહન ઈન્ડિયન ફોરેસ્ટ સર્વિસ (IFS)ના ભૂતપૂર્વ અધિકારી છે અને અત્યારે ટ્રસ્ટી છે જ. કૃષ્ણ મોહનને વચગાળાની વ્યવસ્થાના ભાગરૂપે મહાસચિવ બનાવાયા છે જ પણ તેમણે શરૂઆતમાં જ બતાવેલા અભિગમને જોતાં રામ મંદિરનો વહીવટ પાટે ચડે એવી આશા જાગી છે.

કૃષ્ણ મોહને સૌથી પહેલું પ્રશંસનીય કામ રામ મંદિરને મળેલી સોના-ચાંદી સહિતની ચીજોનો હિસાબ લોકો સામે મૂકીને કર્યું છે. રામ જન્મભૂમિ ચળવળના કાર્યકર સંતોષ દુબેએ આક્ષેપ કરેલો કે, રામ મંદિરમાંથી લગભગ ૧,૨૫૦ કિલો સોનું, મોટા પ્રમાણમાં ચાંદી, હીરાજડિત અને અષ્ટધાતુ ઇંટો ગુમ થઈ ગઈ છે. ફેબ્રુઆરી ૨૦૨૧ થી જુલાઈ ૨૦૨૨ સુધી રામ મંદિરના એકાઉન્ટ ઓફિસર રહેલા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વયંસેવક મહિપાલસિંહે પણ કહેલું કે, રામ મંદિરમાં દાનમાં આવતા સોના-ચાંદીનો કોઈ લેખિત રેકોર્ડ રાખવામાં આવતો નથી. સોના-ચાંદી સહિતના ધાતુના દાનના ફોટો લઈને આ ચીજો ચંપત રાયને મોકલી દેવાતી હતી. ટિન્નુ આવીને બધું લઈ જતો પછી બધું ક્યાં જતું તેની કોઈને ખબર નથી. શિવસેનાના ઉદ્ધવ ઠાકરે રામ મંદિરમાં ગયા ત્યારે ચાર કિલો ચાંદીની ઈંટો ભગવાનનાં ચરણોમાં સમર્પિત કરી હતી. આ ચાંદી પણ મળતી નથી એવા આક્ષેપો થયા હતા.

બીજા પણ આક્ષેપો થયેલા અને તેના કારણે એવી શંકા ઊભી થયેલી કે, ચોરો રૂપિયા તો ઠામી જ ગયા પણ ભગવાનને દાનમાં મળેલી ચીજોને પણ છોડી નથી. ભગવાનના ધામમાં પણ ધાપ મારીને બધું સગેવગે કરી નાંખ્યું છે. રામ મંદિર ટ્રસ્ટે આ આશંકાઓને નિર્મૂળ કરવા માટે દાનમાં મળેલી ચીજોનું રજિસ્ટર જાહેરમાં મૂકી દીધું. એટલું જ નહીં પણ જે પાંચ ખાસ ચીજો ચોરાઈ ગઈ હતી તેને પણ લોકો સામે મૂકી દીધી. ટ્રસ્ટના ખજાનચી ગોવિંદદેવ ગિરિએ સાફ શબ્દોમાં કહ્યું છે કે, અમારી પાસે આવી ૨૮૦૦ વસ્તુઓની યાદી ધરાવતું રજિસ્ટર છે અને બધી ચીજો સુરક્ષિત પણ છે તેથી ચિંતા કરવાની જરૂર નથી. અત્યારે અમે પાંચ ખાસ વસ્તુઓ ફક્ત નમૂના તરીકે બતાવવા માટે લાવ્યા છીએ પણ જરૂર પડશે તો બધી ચીજો રજૂ કરવાની પણ અમારી તૈયારી છે.

રામ મંદિર ટ્રસ્ટનું આ વલણ એકદમ યોગ્ય છે કેમ કે ધર્મસ્થાનનો વહીવટ પારદર્શક અને શંકાથી પર હોવો જ જોઈએ. ચંપત રાય આણી મંડળીએ કુલડીમાં ગોળ ભાંગીને ગોરખધંધા કર્યા અને બધું છુપાવી છુપાવીને કર્યું તેમાં ભગવાન રામના ધામ સાથે એક કલંકિત પ્રકરણ જોડાઈ ગયું. ચોરોના અધર્મના કારણે ધર્મનું ધામ કલંકિત થાય એ શરમજનક કહેવાય પણ જે થયું તેને ભૂંસી શકવાના નથી તેથી જાગ્યા ત્યારે સવાર કરવી પડે. રામ મંદિર ટ્રસ્ટ જાગ્યા ત્યારથી સવાર કરીને હવે પછી પારદર્શકતા રાખે અને કશું છુપાવે નહીં તો કોઈ અધર્મ નહીં થાય.

રામ મંદિર ટ્રસ્ટે એ દાનમાં મળેલી ચીજો તથા રજિસ્ટરનું જાહેરમાં પ્રદર્શન કરીને એ દિશામાં પહેલું કદમ ઉઠાવ્યું છે. હવે પછી દાનમાં મળેલી રોકડની ગણતરી કરવાનું કામ પણ ચોરીછૂપીથી કરવાના બદલે સૌને દેખાય એ રીતે થાય તો તેમાં પણ કોઈ ઘાલમેલ નહીં થાય. અત્યારે રોકડની ગણતરી કરવાનું કામ ખાનગી એજન્સી પાસે છે. તેના બદલે મંદિર શ્રદ્ધાળુઓને માનદ વેતન ચૂકવીને તેમની પાસે પણ આ કામ કરાવી શકાય. ઉજ્જૈનના મહાકાલ મંદિરમાં રોકડમાં કોઈ દાન જ સ્વીકારાતું નથી અને માત્ર ઓનલાઈન જ દાન સ્વીકારાય છે. જે પણ રકમ આવે એ સીધી મંદિરના ખાતામાં જમા થાય તેથી રોકડની ચોરીનો ખતરો જ નહીં. અત્યારે મોટા ભાગનાં લોકો પે-એપ વાપરે છે ને સ્કેન કરીને પેમેન્ટ કરે છે તેથી આ સિસ્ટમ બહુ અસરકારક છે. બીજાં મંદિરોમાં પણ આ પ્રકરની સિસ્ટમ હશે જ ને રામ મંદિરમાં પણ આવી જ સિસ્ટમ ગોઠવી શકાય કે જેથી ચોરીનો ખતરો જ ના રહે. આ તો એક વિકલ્પ છે પણ બીજી કોઈ એવી સિસ્ટમ પણ ગોઠવી શકાય કે જેના કારણે કોઈ પણ પ્રકારના આક્ષેપો જ ના થાય.

રામ મંદિરમાં ચોરીની વાતો બહાર આવી પછી એવા બચાવ થયા કે, આ મંદિરને બદનામ કરવાનું કાવતરું છે ને ઉપજાવી કાઢેલા આક્ષેપો થાય છે. રામ મંદિરના ટ્રસ્ટીઓએ અત્યારે પણ એ જ વાતો કરી છે. ગોવિંદદેવ ગિરિએ પોતે કહ્યું કે, જૂઠાણાનો પ્રપંચ ઊભો કરવામાં આવી રહ્યો છે. ઉત્તર પ્રદેશ સરકારે બનાવેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી) તપાસ કરી જ રહી છે તેથી કાવતરું છે કે નહીં તેની ખબર પડી જશે પણ રામ મંદિરના ટ્રસ્ટીઓએ હવે જૂઠાણાંના પ્રપંચ સહિતની વાતોથી દૂર રહેવું જોઈએ કેમ કે રામ મંદિરમાં ચોરી થઈ છે એ હકીકત છે. આક્ષેપો થઈ રહ્યા છે કેમ કે રામ મંદિર સાથે સંકળાયેલા લોકો ચોરીના આરોપી છે અને જેમની જવાબદારી આ ચોરી રોકવાની હતી એ લોકોએ કશું ના કર્યું.

રામ મંદિરના ટ્રસ્ટીઓએ ચંપત રાયને પ્રમાણિકતાનાં સર્ટિફિકેટ આપવાનું પણ બંધ કરવું જોઈએ. ચંપત રાય કે તેમના મળતિયા ચોરીમાં સામેલ છે કે નહીં તેની તપાસ એસઆઈટી કરી જ રહી છે. આ તપાસમાં કોણે શું ભૂમિકા ભજવી એ બહાર આવવાનું જ છે. આ રિપોર્ટ બહાર આવે એ પહેલાં ચંપત રાયની પ્રમાણિકતા શંકાથી પર હોવાની વાતો કરીને ટ્રસ્ટીઓ એવી છાપ પાડી રહ્યા છે કે, તેમને ચંપત રાય સહિતનાં લોકોને છાવરવામાં રસ છે. તમે પોતે એવું કહો છો કે, કાયદો કાયદાનું કામ કરશે ત્યારે કાયદાને કાયદાનું કામ કરવા દો ને? તમે શું કરવા કાજી બની રહ્યા છો?

આ ટ્રસ્ટીઓની સરખામણીમાં રામ મંદિર ટ્રસ્ટના નવા મહાસચિવ કૃષ્ણ મોહને અત્યંત સમજદારીભર્યું વલણ બતાવીને કહ્યું છે કે, રામ મંદિરના મેનેજમેન્ટ અને સંચાલનમાં ખામીઓ રહી ગઈ હતી અને હવે આ ખામીઓ દૂર કરવાની છે. ચોરીની ઘટનાના કારણે સમાજમાં બનેલા માહોલના કારણે આપણા ટ્રસ્ટની છબી ખરાબ થઈ છે અને આપણે બધા ટ્રસ્ટીઓ આ ખરાબ છબીને સુધારવાનો પ્રયાસ કરવાનો છે. કૃષ્ણ મોહને ટ્રસ્ટની ભૂલ સ્વીકારી જ નથી પણ તેમાં સુધારાની જરૂર હોવાનું પણ સ્વીકાર્યું છે. તેના કરતાં મોટી વાત એ છે કે, ટ્રસ્ટની ઈમેજ ખરાબ થઈ ગઈ હોવાનું પણ તેમણે નિખાલસતાથી સ્વીકાર્યું છે. આ અભિગમ બધાંએ અપનાવવો જોઈએ ને ટ્રસ્ટની ઈમેજ સુધારવા માટે મચી પડવું જોઈએ. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન-સૌર વર્ષાઋતુ, બુધવાર, તા. ૮-૭-૨૦૨૬, પંચક સમાપ્તિ

ભારતીય દિનાંક ૧૭, માહે અષાઢ, શકે ૧૯૪૮
વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, નિજ જયેષ્ઠ વદ-૮
જૈન વીર સંવત ૨૫૫૨, માહે નિજ જયેષ્ઠ, તિથિ વદ-૮
પારસી શહેનશાહી રોજ ૨૮મો જમીઆદ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૫
પારસી કદમી રોજ ૨૮મો જમીઆદ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૫
પારસી ફસલી રોજ ૨૦મો બહેરામ, માહે ૪થો તીર, સને ૧૩૯૫
મુસ્લિમ રોજ ૨૨મો, માહે ૧લો મોહરમ, સને ૧૪૪૮
મીસરી રોજ ૨૪મો, માહે ૧લો મોહરમ, સને ૧૪૪૮
નક્ષત્ર રેવતી બપોરે ક. ૧૫-૫૯ સુધી, પછી અશ્વિની
ચંદ્ર મીનમાં બપોરે ક. ૧૫-૫૯ સુધી, પછી મેષમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ), મેષ (અ, લ, ઈ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૮, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૨, સ્ટા.ટા.
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૮, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૭, સ્ટા. ટા.
-: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
ભરતીઃ સાંજે ક. ૧૭-૧૪,
ઓટઃ સવારે ક. ૧૧-૦૭, મધ્ય રાત્રે ક. ૦૦-૦૮ (તા. ૯)
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ' નામ સંવત્સર, નિજ જયેષ્ઠ કૃષ્ણ - અષ્ટમી. પંચક સમાપ્તિ બપોરે ક. ૧૫-૫૯.
શુભાશુભ દિનશુદ્ધિઃ સાંજે ક. ૧૬-૦૧ સુધી શુભ
મુહૂર્ત વિશેષઃ લગ્ન, ખાતમુહૂર્ત, સર્વદેવ પ્રતિષ્ઠા, વાસ્તુ કળશ. બુધાષ્ટમી, શિવપાર્વતી પૂજા માટે શ્રેષ્ઠ, શ્રી સુક્ત, દુર્ગા સપ્તસતી પાઠ હવન, પૂષા દેવતાનું પૂજન, શુદ્ધ સમયમાં નવા વસ્રો, આભૂષણ, વાસણ, વાહન, પશુ લે-વેંચ, ચંત્રારંભ, દસ્તાવેજ, દુકાન-વેપાર, માલ લેવો, નોકરી, બી વાવવું, ખેતીવાડી, પ્રયાણ શુભ, નામકરણ દેવદર્શન, અન્નપ્રાશન, પશુ લે-વેંચ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, અશ્વિનીકુમાર દેવતાનું પૂજન.
આચમનઃ ચંદ્ર-બુધ ચતુષ્કોણ જુઠ્ઠું બોલવાની આદત, ચંદ્ર-શુક્ર ત્રિકોણ કળાપ્રેમી
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-બુધ ચતુષ્કોણ, ચંદ્ર-શુક્ર ત્રિકોણ (તા. ૯)
ગ્રહગોચરઃ સૂર્ય-મિથુન, મંગળ-વૃષભ, વક્રી બુધ-મિથુન, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-સિંહ, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# ઇથેનલ મિશ્રિત પેટ્રોલથી હાનિ પહોંચી હોય એવી એક કાર દેખાડી આપોઃ ગડકરી

નવી દિલ્હીઃ ઇ-૨૦ પેટ્રોલ (૨૦ ટકા ઇથેનોલ-મિશ્રિત) વેચાણના આદેશની ટીકા અને વાહનોની ઘટતી ઇંધણ કાર્યક્ષમતા અંગેની ફરિયાદો વચ્ચે, કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ મંગળવારે ટીકાકારોને એવી એક પણ કાર બતાવવાનો પડકાર ફેંક્યો જેને મિશ્ર ઇંધણના કારણે સમસ્યાઓનો સામનો કરવો પડ્યો.

'વિકસિત ભારત કોન્ક્લેવ'ને સંબોધતા, ગડકરીએ વધુમાં કહ્યું કે ભારતની અશ્મિભૂત ઇંધણ પર નિર્ભરતા આર્થિક બોજ બંને છે - કારણ કે વાર્ષિક બાવીસ લાખ કરોડ રૂપિયા બળતણની આયાત પર ખર્ચવામાં આવે છે - અને પર્યાવરણીય જોખમ પણ છે, જે દેશની પ્રગતિ માટે સ્વચ્છ ઉર્જા અપનાવવાને મહત્વપૂર્ણ બનાવે છે.

'ઇ-૨૦ પેટ્રોલના કારણે કોઈ કારને સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હોય તેવો કોઈ કિસ્સો નથી. શું દેશમાં એવી કોઈ કાર છે જેને 'ઇ-૨૦ પેટ્રોલના ઉપયોગને કારણે સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હોય? ફક્ત એકનું નામ જણાવો. ઉચ્ચ ઇથેનોલ-મિશ્રિત પેટ્રોલના રોલ આઉટ વિશે ખોટી વાતો ફેલાવવામાં આવી રહી છે. આ નાણાં માટે કરાતી ઝુંબેશ છે, એવું તેમણે કહ્યું.

ભારતે પહેલાથી જ પેટ્રોલ સાથે ઇથેનોલ (શેરડી, મકાઈ અથવા ચોખા જેવા બાયોમાસમાંથી ઉત્પાદિત)નું ૨૦ ટકા મિશ્રણ પ્રાપ્ત કરી લીધું છે જેથી સ્વચ્છ ઇંધણ બનાવી શકાય, આયાતી ક્રૂડ તેલ પર નિર્ભરતા ઓછી થાય અને કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો થાય.

ભારતમાં વાહન માલિકો પાસે બ્રાઝિલમાં તેમના સમકક્ષોથી વિપરીત, પેટ્રોલ પંપ પર વિવિધ ઇંધણ પસંદ કરવાનો વિકલ્પ નથી, જ્યાં ગ્રાહકોને વિવિધ કિંમત સાથે ઇંધણનો વિકલ્પ આપવામાં આવે છે. બ્રાઝિલના કાયદા હેઠળ, ઇથેનોલના વધુ મિશ્રણ માટે કિંમત પર ડિસ્કાઉન્ટ હોવું જોઈએ.

તેમના પરિવારના સભ્યોની માલિકીની કંપનીઓ ઇથેનોલ ઉત્પાદનમાં સામેલ છે અને તેથી જ તેઓ ઉચ્ચ ઇથેનોલ મિશ્રિત પેટ્રોલના રોલ આઉટ માટે દબાણ કરી રહ્યા છે તેવા આરોપો પર, માર્ગ પરિવહન અને હાઇવે પ્રધાને કહ્યું કે તેમના પરિવારના સભ્યો ખાંડ ફેક્ટરીઓ ધરાવે છે, અને તેમની કંપનીઓ ઇથેનોલ ઉત્પાદન પર નિર્ભર નથી. તેમણે જણાવ્યું હતું કે દેશમાં ઇથેનોલનો ભંડાર સરપ્લસ હોવાથી, મકાઈમાંથી ઇથેનોલ બનાવવાના પગલાથી ઉત્તર પ્રદેશ અને બિહારના ખેડૂતોને ૪૫૦૦૦ કરોડ રૂપિયાની વધારાની આવક થઈ છે.

''જ્યારે અમે મકાઈમાંથી ઇથેનોલ બનાવવાનું નક્કી કર્યું, ત્યારે મકાઈનો બજાર ભાવ પ્રતિ ક્વિન્ટલ ૧૨૦૦ રૂપિયા હતો અને ટેકાનો ભાવ ૧૮૦૦ રૂપિયા હતો. આ નિર્ણય પછી, મકાઈનો ભાવ પ્રતિ ક્વિન્ટલ ૨૮૦૦ રૂપિયા થયો.

વધારાના ૪૫૦૦૦ કરોડ રૂપિયા ઉત્તર પ્રદેશ અને બિહારના ખેડૂતોના ખિસ્સામાં ગયા, એવું તેમણે કહ્યું હતું.

માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે ઉચ્ચ ઇથેનોલ મિશ્રણો અને વૈકલ્પિક ઇંધણ માટે અવકાશ વધારવા માટે વાહન ઉત્સર્જન નિયમોમાં સુધારાનો પ્રસ્તાવ મૂક્યો છે, જેનાથી તમામ વાહન શ્રેણીઓમાં ફ્લેક્સ-ફ્યુઅલ અને શુદ્ધ બાયો-ફ્યુઅલ વાહનો માટે માર્ગ મોકળો થયો છે.

સેન્ટ્રલ મોટર વાહન નિયમો, ૧૯૮૯ માં ડ્રાફ્ટ ફેરફારોનો હેતુ ઇ-૧૦૦ (પેટ્રોલ સાથે ૮૫ ટકા ઇથેનોલ) અને ઇ-૧૦૦ (જે વાહનોને લગભગ શુદ્ધ ઇથેનોલ પર ચાલવાની મંજૂરી આપશે), તેમજ બી-૧૦૦ બાયો-ડીઝલ અને હાઇડ્રોજન-સીએનજી સંયોજનો જેવા ઇંધણનો વ્યાપક ઉપયોગ કરવાની જોગવાઈ કરવાનો છે.

# દિલ્હીને વરસાદે ધમરોળ્યું, રેડ અલર્ટ

નવી દિલ્હીઃ ભારતીય હવામાન વિભાગે નવી દિલ્હીમાં વરસાદ અને ભારે પવન માટે 'રેડ અલર્ટ' જારી કર્યું હતું.

રાષ્ટ્રીય રાજધાનીમાં મંગળવારે બપોરે વરસાદ પડ્યો હતો, જેનાથી ગરમીથી થોડી રાહત મળી.

ભારતીય હવામાન વિભાગ (આઇએમડી) એ અગાઉ ઓરેન્જ અલર્ટ જારી કર્યું હતું, જેમાં મોટાભાગના સ્થળોએ વાવાઝોડા, વીજળી અને ૫૦-૬૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવનની ગતિ સાથે મધ્યમ વરસાદની ચેતવણી આપવામાં આવી હતી, પરંતુ બાદમાં તેને સમગ્ર શહેર માટે 'રેડ અલર્ટમાં અપગ્રેડ કરવામાં આવ્યું હતું.

તેણે ઘણી જગ્યાએ મધ્યમ વરસાદ અને અલગ અલગ સ્થળોએ ભારે વરસાદની આગાહી કરી છે, જેમાં મધ્યમ વાવાઝોડા અને વીજળી સાથે પવનની ગતિ ૭૦ કિ.મી. પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે.

મહત્તમ તાપમાન ૩૬ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની શક્યતા છે.

દિલ્હીમાં લઘુત્તમ તાપમાન ૩૦ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું - જે બીજી જુલાઈ, ૨૦૨૪ પછીનું સૌથી વધુ તાપમાન છે, જ્યારે પારો ૩૦.૭ ડિગ્રી સેલ્સિયસના ન્યૂનતમ સ્તરે સ્થિર થયો હતો.

હવામાન વિભાગે જણાવ્યું હતું કે સવારે ૮.૩૦ વાગ્યે તાપમાન ૪૪.૭ ડિગ્રી સેલ્સિયસ જણાતું હતું કારણ કે સાપેક્ષ ભેજ ૭૯ ટકા હતો, જેના કારણે હવામાન કપરું બન્યું હતું.

લોધી રોડ હવામાન મથકે લઘુત્તમ તાપમાન ૩૦.૪ ડિગ્રી સેલ્સિયસ, પાલમમાં ૨૮.૩ ડિગ્રી સેલ્સિયસ, આયાનગરમાં ૨૮.૬ ડિગ્રી સેલ્સિયસ અને રિજમાં ૨૪.૯ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

# કેરલમના વાયનાડમાં ભેખડ ધસતા ત્રણ જણે જીવ ગુમાવ્યા

વાયનાડઃ કેરલમના વાયનાડમાંના મેપ્પાડી ખાતે કરોડો રૂપિયાના ટનલ પ્રોજેક્ટમાં ખનન કરાયેલી જમીનમાંની નીકળેલા કાદવના મોટા ટેકરો તૂટી પડતા ઓછામાં ઓછા ત્રણ જણનાં મોત થયા હતા અને ૧૦ જણ ઘાયલ થયા હતા જ્યારે પાંચ જણ હજી પણ ગુમ છે. જિલ્લામાં સતત પડી રહેલા ભારે વરસાદના કારણે મંગળવારે ભારે તબાહી સર્જાઈ છે. વહીવટીતંત્ર દ્વારા મોટા પાયે બચાવ કામગીરી શરૂ કરવામાં આવી છે. આ દુર્ઘટના મલપ્પુરમ અને વાયનાડ જિલ્લાને જોડતાં અનાક્કામપોયલ-મેપ્પાડી ટનલ રોડ પ્રોજેક્ટના નિર્માણ સ્થળની નજીક, કલ્લાડી ખાતે મીનાક્ષી બ્રિજ પાસે ઘટી હતી. ઘટના સમયે ત્યાં બાંધકામ ક્ષેત્રે કામ કરતાં શ્રમિકો હાજર હતા.

આ ઘટનાને લઈને કેરલમ સરકારના પ્રધાન ટી. સિદ્દીકે ગંભીર આક્ષેપો કરતા આ દુર્ઘટનાને કુદરતી નહીં પણ માનવ-સર્જિત દુર્ઘટના છે.

પ્રધાનના જણાવ્યા મુજબ, જિલ્લા કલેક્ટરે કોંકણ રેલવેને આ સ્થળે ભૂસ્ખલન થવાના જોખમ અંગે અગાઉથી જ લેખિતમાં ચેતવણી આપી હતી, પરંતુ તેમના દ્વારા કોઈ પગલાં લેવાયા નહોતા. વહીવટીતંત્રએ ૨૦ જૂનના રોજ એક આદેશ આપીને કન્સ્ટ્રક્શન સાઇટ પરથી માટી હટાવવા જણાવ્યું હતું, જેનો કોન્ટ્રાક્ટરે અમલ કર્યો નહોતો. ૨૪ કલાકમાં ૨૬૫ મીમી વરસાદ, યુદ્ધના ધોરણે બચાવ કાર્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ વિસ્તારમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૬૫ મિ.મી. જેટલો ભારે વરસાદ નોંધાયો છે,

# દિલ્હી હાઇ કોર્ટે કૉક્રોચ પાર્ટીના 'એક્સ' અકાઉન્ટને અનબ્લોક કરવાનો આદેશ આપ્યો

નવી દિલ્હીઃ દિલ્હી હાઇ કોર્ટે કૉક્રોચ જનતા પાર્ટીના 'એક્સ' અકાઉન્ટને અનબ્લોક કરવાનો આદેશ આપ્યો હતો.

કેન્દ્ર તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટને અકાઉન્ટ બ્લોક કરવાનું કારણ જણાવ્યું તે પછી જસ્ટિસ સ્વર્ણ કાંતા શર્મા દ્વારા આ આદેશ આપવામાં આવ્યો હતો.

મહેતાએ કહ્યું કે 'નીટ' પુનઃપરીક્ષાને કારણે આ પગલું લેવામાં આવ્યું હતું કારણ કે કેટલીક પોસ્ટ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં અરાજકતા પેદા કરી શકે એમ હતું.

તેમણે પછીથી કહ્યું કે પરીક્ષા હવે પૂરી થઈ ગઈ હોવાથી, હવે ચિંતાઓ રહી નથી.

આ રજૂઆતોને ધ્યાનમાં લેતા, જસ્ટિસ શર્માએ એક્સ એકાઉન્ટ પુનઃસ્થાપિત કરવાનો આદેશ આપ્યો અને કહ્યું કે બ્લોકિંગ ઓર્ડર હેઠળની પ્રાથમિક ચિંતા હવે સંબંધિત નથી.

પેપર લીક થયા પછી અગાઉની પરીક્ષા રદ થયાના અઠવાડિયા પછી, ૨૧ જૂને 'નીટ'ની પુનઃપરીક્ષા લેવામાં આવી હતી.

નીટ પહેલાથી જ પૂર્ણ થઈ ગઈ હોવાથી, હવે કોઈ ચિંતા સુસંગત નથી. આ સંજોગોમાં, તે આદેશ રદ કરવામાં આવે છે. અરજી મંજૂર કરવામાં આવે છે,'' તેવો ન્યાયાધીશ શર્માએ આદેશ આપ્યો હતો.

## પહેલા પાનાનું ચાલુ

### ભારત વિસ્તારવાદમાં

સહકાર વધાર્યો છે. સાયબર ક્ષેત્રે રહેલા જોખમ અને ત્રાસવાદને અપાતા ભંડોળને રોકવા બન્ને દેશ સહકાર હજી વધારી શકે છે. મોદી ફસોમવારે જાકાર્તામાં આવ્યા ત્યારે લાલ જાજમ બિછાવીને તેમનું સ્વાગત કરાયું હતું. મોદી ઇન્ડોનેશિયાથી ઑસ્ટ્રેલિયા અને ન્યૂ ઝીલૅન્ડ પણ જવાના છે. (એજન્સી)

### વસઈ, નાલાસોપારા

જણાવ્યું હતું કે જિલ્લામાં અત્યાર સુધીમાં વરસાદને લીધે ૧૦ જણ માર્યા ગયા હતા. તેમાંના ત્રણ જણ તો છેલ્લાં ૨૪ કલાકમાં જ મૃત્યુ પામ્યાં હતાં.

નાશિક જિલ્લામાં ગોદાવરી નદી છલકાઇ હતી. જિલ્લાના નાશિક શહેર, ત્રંબકેશ્વર, ઇગતપુરી અને સુરગાણા તાલુકામાં અને વરસાદનાં પાણી ઘણી જગ્યાએ રસ્તા પર ભરાયાં હતાં. હવામાન વિભાગે આ વિસ્તારમાં વાદળ ફાટવાની ચેતવણી આપી હતી, પરંતુ તેમ નહોતું થયું. (એજન્સી)

### સુરતમાં બારે મેઘ

દરમિયાન વરસાદી આફતોએ સુરત, નવસારીને બાનમાં લીધું હતું. મોટાભાગના રસ્તાઓ પર નદીઓ વહેતી હોય તેવા દશ્યો મોબાઈલમાં કેદ થયા હતા. રહેઠાણો સહિત બજારોમાં પણ પાણી ભરાતા વેપારીઓના માલસામાન પલળી ગયા હતા. વૃક્ષો પડી જવાની ઘટનાઓ ઘટી હતી. સ્થાનિક તંત્ર અને પોલીસ સહિતની ટીમોએ બચાવ કામગીરી કરી હતી. હવામાન વિભાગની આગાહી અનુસાર આજે વહેલી સવાર સુધી વરસાદની આગાહી છે.

### 'સિટ'ના

એફઆઈઆર નોંધવામાં આવ્યો હતો. દાન-ચોરીના સંદર્ભમાં આઠ જણની અત્યાર સુધી ધરપકડ કરવામાં આવી છે. રાયે કહ્યું હતું કે હું ઓક્ટોબર ૧૯૯૧થી અયોધ્યામાં કાર્યરત છું. મને સંગઠને આ કામ સોંપ્યું હતું. મારું ૪૫ વર્ષનું ફુલ ટાઈમ પ્રચારક તરીકેનું જીવન ખુલ્લું પુસ્તક જેવું રહ્યું છે.

### અમરનાથ યાત્રા

ગર્ભિત રીતે શ્રદ્ધાળુઓના શ્વાસના સિદ્ધાંતને સ્વીકારે છે, પરંતુ ખુલ્લેઆમ તેને કુદરતી પ્રક્રિયાને આભારી ગણાવે છે. શ્રાઈન બોર્ડના અધિકારીઓ કહેતા હતા કે ગ્લોબલ વૉર્મિંગ પણ પરિસ્થિતિને અસર કરી રહ્યું છે.

તેઓએ ઇનકાર કર્યો હતો કે ગુફામાં તેની ક્ષમતા કરતાં વધુ શ્રદ્ધાળુઓ પહોંચી રહ્યા હતા. ૧૯૯૬ની અમરનાથ દુર્ઘટના પછી, નીતિન સેન ગુપ્તા સમિતિએ ભલામણ કરી હતી કે ૭૫૦૦૦થી વધુ શ્રદ્ધાળુને યાત્રામાં ભાગ લેવાની મંજૂરી ન આપવામાં આવે. જો કે, આવું ક્યારેય બન્યું નહીં. આ વર્ષે, અત્યાર સુધીમાં ૧૫૦૦૦૦ શ્રદ્ધાળુ ગુફામાં પહોંચ્યા છે.

પર્યાવરણવાદીઓ નારાજ છે. તેમનું કહેવું છે કે શ્રદ્ધાળુઓની સંખ્યામાં આટલો વધારો માત્ર બરફના લિંગને પીગળવામાં જ ફાળો આપી રહ્યો નથી, પરંતુ યાત્રા માર્ગ પરના પર્વતોના પર્યાવરણને પણ નોંધપાત્ર નુકસાન પહોંચાડી રહ્યો છે. શ્રાઇન બોર્ડ યાત્રાળુઓની સંખ્યા ઘટાડવા માટે તૈયાર નથી.

યાત્રા શરૂ થઈ ત્યારથી, શ્રદ્ધાળુઓ ઉપરાંત, ગુફાની આસપાસ મોટી સંખ્યામાં સુરક્ષા કર્મચારીઓ હાજર છે. ભારે ભીડને કારણે અમરનાથ ગુફાની આસપાસ તાપમાનમાં નોંધપાત્ર વધારો થયો છે, જોકે શ્રાઇન બોર્ડે છેલ્લા બે કે ત્રણ વર્ષમાં ગુફાની અંદર તાપમાનને નિયંત્રણમાં રાખવા માટે પગલાં લેવાનો દાવો કર્યો છે. ફરી એકવાર, વધતી ગરમીને એક પરિબળ તરીકે ટાંકવામાં આવી રહી છે.

### શેત્રુંજી ડેમના

નદીમાં વહી જતાં પાણીના યોગ્ય જળસંચય અને સિંચાઈના હેતુ માટે તેને જમણા કાંઠાની નહેરમાં પણ છોડવામાં આવ્યું છે. શેત્રુંજી ડેમ સંપૂર્ણપણે ઓવરફ્લો થઈ જતાં ભાવનગર શહેર માટે પીવાના પાણીની સંભવિત તંગીનો પ્રશ્ન હવે કાયમી ધોરણે ઉકેલાઈ ગયો છે. આ સાથે જ નહેરના ડાબા અને જમણા કાંઠા વિસ્તારમાં આવતા ગ્રામ્ય પંથકના ખેડૂતો માટે પિયત (સિંચાઈ)ની ચિંતા પણ દૂર થઈ ગઈ છે, જેને પગલે સમગ્ર ભાવનગર જિલ્લામાં હરખની હેલી જોવા મળી રહી છે.

### ભાવનગરમાં

બ્લોકના વધુ ૮૫ જેટલા મકાનો પર બુલડોઝર ફેરવવામાં આવશે તેવું જાણવા મળ્યું હતું.

બીજી તરફ, ભરતનગરમાં ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા જર્જરિત મકાનોને તોડવાની કામગીરી શરૂ કરાતા જ સ્થાનિક રહીશોમાં ચિંતા અને આક્રોશ વ્યાપી ગયો છે. કૈલાશનગરના રહીશો મોટી સંખ્યામાં એકઠા થઈને કલેક્ટર કચેરી ખાતે દોડી ગયા હતા. જ્યાં તેમણે તંત્ર સમક્ષ ચોમાસાની ઋતુમાં ઘરવિહોણા થવાને બદલે રહેવા માટે વૈકલ્પિક વ્યવસ્થા કરી આપવાની માગ સાથે આક્રોશભેર રજૂઆત કરી હતી.

### ૩૮ આરોપીની

ઈમેલમાં દાવો કરવામાં આવ્યો હતો કે ૨૦૦૨માં ગુજરાતમાં ગોધરાકાંડ પછી થયેલા રમખાણોનો બદલો લેવા માટે આ બ્લાસ્ટ કરવામાં આવ્યા હતા.

કોર્ટે ૮ ફેબ્રુઆરી, ૨૦૨૨ ના રોજ આપવામાં આવેલા ૭,૦૧૫ પાનાનાંસ્પેશિયલ ચુકાદા સામેની અપીલો, તેમજ ૩૮ દોષિતને આપવામાં આવેલી મૃત્યુદંડની સજાની પુષ્ટિ કરવાની રાજ્ય સરકારની અરજીની સુનાવણી કરી હતી.

આ ટ્રાયલમાં ૩૫ કેસ ભેગા થયા, જેમાં અમદાવાદમાં બ્લાસ્ટ અંગે નોંધાયેલી ૨૦ એફઆઈઆર અને સુરતમાં ૧૫ કેસનો સમાવેશ થાય છે, જ્યાં બૉમ્બ મૂકવામાં આવ્યા હતા પરંતુ બ્લાસ્ટ કરવામાં નિષ્ફળ ગયા હતા. દોષિતોને ભારતીય દંડ સંહિતા, ગેરકાયદે પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ (યુએપીએ), વિસ્ફોટક પદાર્થો અધિનિયમ (એક્સપ્લોસિવ સબસ્ટન્સિસ એક્ટ) અને જાહેર સંપત્તિને નુકસાન નિવારણ અધિનિયમ (પ્રિવેન્શન ઓફ ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી એક્ટ) હેઠળ દોષિત ઠેરવવામાં આવ્યા હતા. દોષિતોમાં ભૂતપૂર્વ પ્રતિબંધિત સ્ટુડન્ટ્સ ઇસ્લામિક મૂવમેન્ટ ઓફ ઇન્ડિયા (સિમિ) ના નેતા સફદર નાગોરી અને ગુજરાત, મધ્ય પ્રદેશ, કેરળ, ઉત્તર પ્રદેશ અને અન્ય રાજ્યોના તેમના ઘણા સાગરીતોનો સમાવેશ થાય છે. તપાસ એજન્સીએ આરોપ લગાવ્યો હતો કે આરોપીઓ ઇન્ડિયન મુજાહિદ્દીન (આઈએમ) ના બેનર હેઠળ ફરીથી સંગઠિત થયા હતા.

૪૯ દોષિતને હત્યા, હત્યાનો પ્રયાસ, ગુનાહિત કાવતરું, રાજદ્રોહ, રાષ્ટ્ર વિરુદ્ધ યુદ્ધ છેડવું અને ગેરકાયદે અને આતંકવાદી પ્રવૃત્તિઓમાં સંડોવણી સહિતના આરોપોમાં દોષિત ઠેરવવામાં આવ્યા હતા.

સ્પેશિયલ સરકારી વકીલ અમિત પટેલે જણાવ્યું હતું કે સરકારે ટ્રાયલ દરમિયાન દોષિતો સામેના તમામ પુરાવા હાઇ કોર્ટ સમક્ષ રજૂ કર્યા હતા. હાઇ કોર્ટે દોઢ વર્ષથી વધુ સમય સુધી કેસની સુનાવણી કરી હતી અને આ વર્ષે ફેબ્રુઆરીથી, કેસની દૈનિક સુનાવણી શરૂ થઈ હતી, એમ તેમણે જણાવ્યું હતું.

આ પહેલીવાર બન્યું છે કે આટલી મોટી સંખ્યામાં દોષિતોને કોઈ પણ અદાલત દ્વારા એક જ સમયે મોતની સજા ફટકારવામાં આવી હોય. જાન્યુઆરી ૧૯૯૮ માં, તમિળનાડુની ટાડા કોર્ટે ૧૯૯૧ માં ભૂતપૂર્વ વડા પ્રધાન રાજીવ ગાંધીની હત્યાના કેસમાં તમામ ૨૬ દોષિતને મૃત્યુદંડની સજા ફટકારી હતી.

### ૨૦૦૮ અમદાવાદ સિરિયલ બ્લાસ્ટ કેસમાં હાઈ કોર્ટનો ચુકાદો

# આતંકવાદ સામેની લડાઈમાં ઐતિહાસિક જીતઃ હર્ષ સંઘવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ વર્ષ ૨૦૦૮ના અમદાવાદ સિરિયલ બોમ્બ બ્લાસ્ટ કેસમાં ગુજરાત હાઈ કોર્ટે આપેલા ચુકાદાને આવકાર્યો હતો. તેમણે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે આ ચુકાદો માત્ર અમદાવાદ કે ગુજરાત માટે જ નહીં, પરંતુ સમગ્ર દેશ અને દુનિયાના તમામ શાંતિપ્રિય દેશો માટે આતંકવાદ સામેની લડાઈમાં એક બહુ મોટો અને મજબૂત સંદેશ છે.

સંઘવીએ વધુમાં જણાવ્યું હતું કે, ૨૬ જુલાઈ ૨૦૦૮ના રોજ અમદાવાદમાં થયેલા સિરિયલ બ્લાસ્ટમાં અનેક નિર્દોષ નાગરિકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. આજે તે તમામ નિર્દોષ આત્માઓને, તેમના પરિવારોને અને નાગરિકોને સાચો ન્યાય મળ્યો છે. નામદાર ગુજરાત હાઈ કોર્ટે નીચલી કોર્ટના ચુકાદાને યથાવત્ રાખીને ૩૮ આતંકવાદીઓને ફાંસીની સજા અને ૧૧ આતંકવાદીઓને આજીવન કેદની સજા ફટકારી છે, જે ભારતીય ન્યાયતંત્રના ઇતિહાસનો સૌથી મોટો અને ઐતિહાસિક ચુકાદો છે. નાયબ મુખ્ય પ્રધાને વધુમાં જણાવ્યું હતુ કે ચુકાદાના ભાગરૂપે આ બ્લાસ્ટમાં જીવ ગુમાવનારા નિર્દોષ મૃતકોના પરિવારોને રૂ.૧૦ લાખની સહાય અને જેઓ ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયા હતા તેમને રૂ.૫ લાખની આર્થિક મદદ પહોંચાડવાનો જે હાઈ કોર્ટ દ્વારા આદેશ થયો છે, તેને સરકાર દ્વારા સંવેદનશીલતાપૂર્વક તાત્કાલિક અસરથી અમલમાં ચૂકવવામાં આવશે.

## ગોધરામાં ચાંદીપુરા વાઈરસથી બે બાળકના મોતઃ તત્કાળ આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવા અપીલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પંચમહાલ જિલ્લામાં ચાંદીપુરા વાઈરસના કેસમાં બે બાળકનાં મોત થતાં તંત્ર સતર્ક બન્યું હતું. અહીંના ગોધરાના વિંઝોલ અને સરદારપુરા ગામમાં ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ કેસ સામે આવ્યા બાદ માત્ર ત્રણ અને ચાર વર્ષના માસૂમ બાળકના મોત નિપજ્યા હોવાની ઘટનાએ વાલીઓમાં ફફડાટ જન્માવ્યો હતો. આરોગ્ય વિભાગ દ્વારા કુલ ચાર શંકાસ્પદ કેસની આળખ કરી હતી, પણ બેના રિપોર્ટ્સ નેગેટિવ આવ્યા હતા. તેમને સારવાર માટે વડોદરા ખાતે એમએસ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. જ્યારે અન્ય બે બાળકી સારવાર દરમિયાન મૃત્યુ પામી હતી. આ મામલે રાજ્યના આરોગ્ય પ્રધાન પ્રફુલભાઈ પાનશેરિયાએ પ્રતિક્રિયા



આપતા જણાવ્યું હતું કે ગોધરા તાલુકાના વીંઝોલ અને જીતપુરા ગામના બે માસૂમ બાળકોના ચાંદીપુરા વાઈરસના પોઝિટિવ રિપોર્ટ આવવાથી મૃત્યુ થયા છે, જે ખૂબ જ દુઃખદ ઘટના છે. આરોગ્ય વિભાગે આ બાબતને અત્યંત ગંભીરતાથી લીધી છે. જે ગામોમાં કેસ મળી આવ્યા હતા, ત્યાં તપાસ દરમિયાન 'સેન્ડ ફ્લાય' નામની માખી જોવા મળી છે. આ માખી સામાન્ય રીતે માટીના કાચા મકાનોની તિરાડોમાં રહેતી હોય છે, જેથી આજુબાજુના તમામ ઘરોમાં અને સમગ્ર વિસ્તારમાં દવાનો સઘન છંટકાવ શરૂ કરી દેવામાં આવ્યો છે. તેમણે ગાંધીનગર ખાતે અધિકારીઓની બેઠક બોલાવી હતી.

વધુમાં, તમામ આરોગ્ય કેન્દ્રો પર જરૂરી દવાઓ અને પાઉડરનો પૂરતો જથ્થો ઉપલબ્ધ કરાવી દેવામાં આવ્યો છે. જો કોઈ પણ બાળકમાં તાવ, ઉલ્ટી, ખેંચ કે બેભાન થવા જેવા શંકાસ્પદ લક્ષણો જણાય, તો તુરંત જ ઈલાજ માટે નજીકના આરોગ્ય કેન્દ્ર પર સંપર્ક કરવા તેમણે અપીલ કરી હતી. ■

## વર્ષના પહેલા છ મહિનામાં જ ગુજરાતમાં ઈલેક્ટ્રિક વાહનોની સંખ્યા થઈ બમણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ધીમે ધીમે ઈલેક્ટ્રિક વાહનો (ઈવી)ની સંખ્યા વધી રહી છે. પશ્ચિમ એશિયાની અશાંતિ બાદ પેટ્રોલની ઊભી થયેલી અછત ઉપરાંત લોકો પર્યાવરણને ધ્યાનમાં રાખી પણ લોકો ઈવી તરફ વળ્યા છે. કેન્દ્રીય માર્ગ પરિવહન અને હાઇવે મંત્રાલયના ડેટા અનુસાર, ગુજરાતમાં ઈવી નોંધણી જાન્યુઆરી-જૂન ૨૦૨૫ દરમિયાન ૨૮,૧૪૮થી ૯૭% વધીને ૫૫,૩૪૪ થઈ ગઈ છે. જૂન મહિનામાં પણ સારું વેચાણ થયું છે, જેમાં ૨૦૨૫માં ૬,૨૭૬ યુનિટથી ૨૦૨૬માં ૧૧,૭૮૬ યુનિટનું વેચાણ થયું જે લગભગ ૮૦ ટકા જેટલો વધારો દર્શાવે છે. ઓટોમોબાઈલ ઉદ્યોગના નિષ્ણાતો અનુસાર લોકો વૈકલ્પિક ઈંધણના વાહનો પસંદ કરી રહ્યા છે.

જોકે આ વલણ સમગ્ર દેશમાં હોવાનું પણ ઉદ્યોગ સાથે જોડાયેલા લોકો જણાવી રહ્યા છે.

આ સાથે આયાતી પેટ્રોલ અને ડીઝલ પર નિર્ભરતા ઘટાડવાના વડા પ્રધાનના સૂચનથી જાગૃતિ આવી છે, આ સાથે બેટરી ટેક્નોલોજીમાં નોંધપાત્ર સુધારો થયો છે. આજે ખરીદદારો પાસે પસંદગી માટે વધુ મોડેલો છે, વાહનની ગુણવત્તામાં સુધારો થયો છે અને કિંમતો વધુ સ્પર્ધાત્મક બની છે. ■

## અમદાવાદ એરપોર્ટ પર અબુધાબીથી આવેલી મહિલાના પર્સ અને ગાર્મેન્ટમાંથી ૭૨૯ ગ્રામ સોનું મળ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ અમદાવાદના ઇન્ટરનેશનલ એરપોર્ટ ઉપર મંગળવારે મોડી સાંજે ઈન્ડિગોની ફ્લાઈટમાં અબુધાબીથી અમદાવાદ આવેલી એક મહિલાનાં પર્સમાંથી તેમજ તેણે પહેરેલા ગારમેન્ટની અંદર છુપાવેલા ૭૨૯ ગ્રામના સોનાના દાગીના મળી આવ્યા હતા, જેની માર્કેટ વેલ્યુ રૂ. ૯૮.૭૮ લાખ થતી હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. હૈદરાબાદની રહેવાસી આ મહિલા પેસેન્જર કેરિયર તરીકે કામ કરે છે અને પ્રથમવાર અમદાવાદ એરપોર્ટ ઉપર આવી હતી.

એરપોર્ટ કસ્ટમના સૂત્રોએ જણાવ્યું હતું કે અબુધાબીથી ઇન્ડિગોની ફ્લાઈટ નંબર ૬-૧૪૩૨ માં મહિલા પેસેન્જર એરપોર્ટ પર આવી હતી. કસ્ટમ વિભાગને શંકા જતા તેની પૂછપરછ કરી હતી, પરંતુ કસ્ટમ વિભાગ પાસે તેની ટ્રાવેલ હિસ્ટ્રી હતી અને અગાઉ દુબઈ અને અબુધાબીથી હૈદરાબાદ એરપોર્ટ પરથી અવરજવર કરતી હતી અને પ્રથમવાર અમદાવાદ આવતા શંકા ગઈ હતી, પરંતુ કસ્ટમ સમક્ષ તેણે કોઈ કબુલાત કરી ન હતી. ત્યારબાદ ગ્રીન ચેનલમાંથી તેને પસાર કરવામાં આવી હતી અને છેલ્લે રેડ ચેનલમાંથી ક્રોસ થઈ રહી હતી ત્યારે તેની પાસેના લેડીઝ પર્સની અંદરથી બંગડીઓ, સોનાની ચેન, બુટ્ટી, નેકલેસ મળીને ૭૨૯ ગ્રામના દાગીના મળી આવ્યા હતા કેટલાક દાગીના તેણે પહેરેલા ગારમેન્ટની અંદર પહેરેલા હતા અને પર્સમાં પ્લાસ્ટિકમાં કન્સિડ કરીને છુપાવ્યા હતા. કસ્ટમના એર ઈન્ટેલિજન્સ યુનિટના અધિકારીઓ હાલ તેની પૂછપરછ કરી રહ્યા છે અને મોડી રાત્રે તેની ધરપકડ કરવામાં આવે તેવું કસ્ટમના સૂત્રોએ જણાવ્યું હતું. અગાઉ પણ હૈદરાબાદની રહેવાસી આ મહિલા પેસેન્જરે અઢીથી ત્રણ કરોડનો સોનાના દાગીનાની દાણચોરી કરી હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

કસ્ટમના નિયમ મુજબ એક કરોડ અથવા એક કરોડથી ઉપરના સોનાના દાગીના કે ગોલ્ડ બિસ્કીટ પકડાય તો તેની ધરપકડ કરવામાં આવે છે, જ્યારે આ કિસ્સામાં મહિલા પેસેન્જર પાસેથી રૂ. ૯૮.૭૮ લાખના દાગીના મળી આવ્યા છે, પરંતુ આ મહિલા પહેલા પણ દુબઈ અને અબુધાબીની ટ્રીપ કરીને કરોડો રૂપિયાના સોનાના દાગીનાની હેરાફેરી કરી ચૂકી હોવાથી તેની ધરપકડ કરવામાં આવશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. ■

## એરપોર્ટ બાદ હવે અમદાવાદના સીટીએમ વિસ્તારમાંથી નવ કિલો ગાંજો મળ્યો, બે આરોપીની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ એરપોર્ટ પરથી મોટા જથ્થામાં ગાંજા સહિતના નશાકારક પદાર્થો મળતા રહે છે ત્યારે હવે શહેરના સીટીએમ વિસ્તારમાંથી ક્રાઈમ બ્રાન્ચની ટીમે લગભગ નવ કિલોગ્રામ ગાંજા સાથે આરોપીને પકડ્યા હતા. મહારાષ્ટ્રથી અમદાવાદ સપ્લાય કરવા માટે બે આરોપી આવ્યા હતા, જેમને નારોલ-નરોડા રોડ પરથી પકડી પાડવામાં આવ્યા હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. પોલીસે ડ્રગ્સ, રિક્ષા અને મોબાઈલ સહિત કુલ ૫.૬૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે. આ અંગે અગાઉ પોલીસને ખબરીઓ દ્વારા ખબર મળી હતી કે રામોલનો રહેવાસી મોહમ્મદ સાજીદ પઠાણ નામનો એક શખ્સ સીટીએમ પાસે ગાંજાની ડિલિવરી માટે ઊભો છે. પોલીસે આ ખબરના આધારે ટ્રેપ ગોઠવી હતી. સાજીદ રિક્ષા લઈને ઊભો હતો અને અન્ય એક શખ્સ બે બેગ સાથે તેના તરફ આવ્યો હતો અને ત્યારબાદ તેઓ વાતો કરતા હતા ત્યાં જ પોલીસે તેમને દબોચી લીધા હતા. મહારાષ્ટ્રથી આવનારા શખ્સનું નામ ઈસરાયલ ખાન હોવાનું જાણવા મળ્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર પોલીસે રિક્ષાની પાછળની સીટમાં બેઠેલા ઇસરાયલ ખાનના બંને બેગની તપાસ કરતા તેમાંથી ૯.૮૦૦ કિલોગ્રામ ગાંજો મળ્યો હતો. આ ઉપરાંત, પોલીસે ૨ મોબાઈલ ફોન, ઓટો રિક્ષા સહિત કુલ રૂ. ૫,૬૦,૨૯૦ મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસ તપાસમાં જાણવા મળેલી વિગતો અનુસાર ૩૩ વર્ષીય ઈસરાયલ ખાન આકોલાનો રહેવાસી છે અને અહીં મોહમ્મદ સાજીદને ગાંજો છૂટકમાં વેચવા માટે આપતો હતો. જોકે આ ગાંજો મોકલનારનું નામ મોહસિન બાબા હોવાનું ખૂલ્યું છે અને તે પણ મહારાષ્ટ્રનો છે ત્યારે હવે પોલીસે તેને પકડવાની તજવીજ હાથ ધરી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. ■

## મુંબઈના વરસાદને કારણે ગુજરાત-મુંબઈ ટ્રેન વ્યવહાર પર અસર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ મુંબઈ સેન્ટ્રલ ડિવિઝનમાં પાણી ભરાવાથી ટ્રેન વ્યવહાર પર અસર થઈ છે. રેલવે દ્વારા મળતી માહિતી અનુસાર ૭મી જુલાઈએ અમુક ટ્રેન રદ કરવાની ફરજ રેલવેને પડી હતી. આ યાદી મુજબ ટ્રેન નં. ૧૨૦૧૦ અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ શતાબ્દી એક્સપ્રેસ, ટ્રેન નં. ૧૯૨૫૫ સુરત-મહુવા એક્સપ્રેસ, ટ્રેન નં. ૨૨૯૪૬ ઓખા-મુંબઈ સેન્ટ્રલ સૌરાષ્ટ્ર મેલ (તારીખ ૦૯.૦૭.૨૦૨૬), ટ્રેન નં. ૨૨૯૨૪ જામનગર-બાંદ્રા ટર્મિનસ હમસફર એક્સપ્રેસ (તારીખ ૦૭.૦૭.૨૦૨૬), ટ્રેન નં. ૧૯૦૧૬ પોરબંદર-દાદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ (તારીખ ૦૭.૦૭.૨૦૨૬), ટ્રેન નં. ૧૨૯૪૧ ભાવનગર ટર્મિનસ-આસનસોલ એક્સપ્રેસ (તારીખ ૦૭.૦૭.૨૦૨૬), ટ્રેન નં. ૧૨૯૪૨ આસનસોલ-ભાવનગર ટર્મિનસ એક્સપ્રેસ (તારીખ ૦૯.૦૭.૨૦૨૬), ટ્રેન નં. ૧૯૪૧૮ અમદાવાદ-બોરીવલી એક્સપ્રેસ (તારીખ ૦૬.૦૭.૨૦૨૬), ટ્રેન નં. ૧૯૪૧૭ બોરીવલી-વટવા એક્સપ્રેસ (તારીખ ૦૯.૦૭.૨૦૨૬) રદ કરવામાં આવી હતી. ■

## લોનની વસૂલાત માટે નવજાતને વેચી નાખવાના કેસમાં ચાર મહિલાની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના એક દંપતીની મહિનાની પુત્રીને તેમના ભૂતપૂર્વ પાડોશી દ્વારા એક લાખ રૂપિયાની લોન વસૂલવા માટે વેચી દેવાના કેસમાં ચાર મહિલાની ધરપકડ કરવામાં આવી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. વટવા પોલીસસૂત્રોના જણાવ્યા અનુસાર પાડોશી જાગૃતિ સુથાર અને તેને મદદ કરનારી બે મહિલાઓ - વેજલપુરની રહેવાસી કૃષ્ણા ખેરડિયા અને અમરાઈવાડીની રહેવાસી મંજુલા પરમાર અને નડિયાદ નિવાસી ગીતા પ્રજાપતિની ધરપકડ કરવામાં આવી છે, જેમણે કથિત રીતે બાળક ખરીદ્યું હતું. જોકે આ ઑર્ગેનાઈઝ્ડ ક્રાઈમ ન હોવાનું પોલીસે જણાવ્યું હતું.

જાગૃતિ સુથાર અગાઉ હાથીજણમાં આ દંપતીના પડોશમાં રહેતી હતી. ફરિયાદી મહિલાના પતિએ તેની પાસેથી રિક્ષા ખરીદવા માટે એક લાખ રૂપિયાની લોન લીધી હતી. ત્યારબાદ ફરિયાદી મહિલાએ જ્યારે બાળકીને જન્મ આપ્યો ત્યારે તેઓ આરોપી મહિલાના ઘરે જતા હતા. મહિલાએ તેની પાસેથી બાળકી માગી હતી અને લોનના પૈસા માફ કરવાની તેમ જ વધુ રૂ. બે લાખ આપવાની ઓફર કરી હતી, જે દંપતીએ ઠુકરાવી હતી.

ત્યારબાદ આરોપી મહિલા એકવાર ફરિયાદીના ઘરે આવી હતી અને રમાડવાના બહાને બાળકીને પોતાની સાથે લઈ ગઈ હતી, પરંતુ પરત લાવી ન હતી. દંપતીએ પૂછ્યું ત્યારે તેણે બાળકી વેચી દીધી હોવાનું જણાવ્યું હતું. તેના દસ દિવસ બાદ બાળકી પરત તો આપી હતી, પરંતુ તેની ૧૯ વર્ષીય માતાએ મહિલા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ■

## ગાંધીનગરના દહેગામમાં વીજ કરંટથી મહિલાનું મોત

### યુજીસીએલની બેદરકારી સામે લોકોમાં રોષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતના વિવિધ વિસ્તારોમાં ધોધમાર વરસાદના જનજીવન ખોરવાયું છે. આ દરમિયાન ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના હાલીસા ગામમાં ચોમાસાના વરસાદ અને ભારે પવન વચ્ચે એક અત્યંત કરુણ દુર્ઘટના બની હતી. ગામમાં વીજ લાઈનનો જીવતો વાયર એક ૨૩ વર્ષીય પરિણીતા પર તૂટી પડતાં તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને વીજ કંપનીના અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પોલીસે મૃતક મહિલાના શબને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડી અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી હતી. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી સાથે ભારે શોકની લાગણી વ્યાપી ગઈ હતી. ઘટના અંગે મળતી વિગત મુજબ, હાલીસા ગામમાં ભારે પવન સાથે વરસાદ પડી રહ્યો હતો. આ દરમિયાન વીજ લાઈનની એકદમ નજીક આવેલું એક મોટું વૃક્ષ અચાનક ધરાશાયી થયું હતું. ઝાડ પડવાને કારણે તેની નીચે દબાઈને બાજુમાં આવેલો વીજ કંપનીનો થાંભલો પણ તૂટી ગયો હતો. આ સમયે ત્યાંથી પસાર થઈ રહેલી ૨૩ વર્ષીય યુવતી પર હાઈવોલ્ટેજ જીવતો વીજવાયર આવીને પડ્યો હતો. કરંટ એટલો જોરદાર હતો કે મહિલાને બચાવવાની કોઈ તક જ ન મળી અને તેણે ઘટનાસ્થળે જ દમ તોડી દીધો હતો. મહિલાનું મોત નીપજતા સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. આ મામલે સ્થાનિકોએ પણ ની બેદરકારી સામે ભારે રોષ વ્યક્ત કર્યો હતો. ગ્રામજનોએ ગંભીર આક્ષેપ કર્યો હતો કે, વીજ લાઈન પાસે આવેલા જોખમી વૃક્ષો અને તેની ડાળીઓ કાપવા (પ્રી-મોન્સૂન કામગીરી અંતર્ગત) માટે અગાઉ પણ વીજ કંપનીને રજૂઆત કરવામાં આવી હતી. તંત્ર દ્વારા સમયસર આ જોખમી વૃક્ષોની ડાળીઓ કાપી ન હતી, જેના કારણે આજે એક નર્દિોષ યુવતીએ પોતાનો જીવ ગુમાવવો પડ્યો છે.લોકોએ આ અકસ્માત માટે જવાબદાર અધિકારીઓ સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

## વડોદરાની માંજલપુર બેઠક પર ભાજપની ટિકિટ મેળવવા ઉમેદવારોનો રાફડો ફાટ્યો, ૫૦થી વધુ દાવેદારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરાની માંજલપુર વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી યોજાવાની છે. જેના પગલે શહેરમાં રાજકીય માહોલ ગરમાયો છે. વડોદરાના રાજકારણના અગ્રણી ચહેરો રહેલા અને ભાજપના અગ્રણી નેતા સ્વ. યોગેશ પટેલ (યોગેશ કાકા) ના ૨ જૂનના રોજ થયેલા અવસાન બાદ ખાલી પડેલી માંજલપુર બેઠકની પેટાચૂંટણી માટે ઉમેદવારોની પસંદગી માટે ભારતીય જનતા પાર્ટીએ સેન્સ પ્રક્રિયા તેજ બનાવી દીધી છે. પક્ષના નિરીક્ષકો પૂર્ણેશ મોદી, બળવંતસિંહ રાજપુત અને ગીતાબેન નાયક ભાજપ કાર્યાલય ખાતે પહોંચીને કાર્યકરોનો સેન્સ લઈ રહ્યા છે. આ બેઠક બેઠક પર ચૂંટણી લડવા માટે જાણે કે રાફડો ફાટ્યો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. અત્યાર સુધીમાં ૫૦ થી વધુ દાવેદારોએ ટિકિટ મેળવવા માટે ટોકન લઈને ફોર્મ ભર્યા છે.

જેમાં પૂર્વ કોર્પોરેટરો અને પક્ષના વિવિધ હોદ્દેદારોનો પણ સમાવેશ થાય છે. રાજકીય વર્તુળોમાં જયપ્રકાશ સોની, સ્મૃતિ ભટ્ટ, ડૉ. અને વિજય શાહને મુખ્ય દાવેદારો માનવામાં આવી રહ્યા છે. ■

## વિદ્યાર્થીઓના પાસિંગ રેટમાં ગુજરાત દેશમાં પાછળઃ કૉંગ્રેસ

### ગુજરાતમાં બારમું પાસ કરનારની ટકાવારી ૫૦.૮૨ જ્યારે દેશમાં ૬૧.૧૪ ટકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ગુજરાતના શિક્ષણના સ્તર વિશે માહિતી આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડીયાએ જણાવ્યું હતું કે સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલના કેન્દ્ર સરકારના પ્રોગ્રેસ રિપોર્ટમાં ક્વોલિટી એજ્યુકેશનના વિષયમાં ગુજરાતના શિક્ષણનો અસલી ચેહરો ખુલ્લો પાડ્યો છે. ગુજરાત રાજ્યમાં વર્ષ ૨૦૨૪-૨૫ માં ગ્રેડ ૧૨ પૂર્ણ કરનારની ટકાવારી ૫૦.૮૨ % બતાવી છે જેનો મતલબ ૪૯.૧૮ % બાળકો એ ગ્રેડ ૧૨ પૂર્ણ કરેલ નથી. જ્યારે સમગ્ર દેશની ૧૨ પૂર્ણ કરવાની ટકાવારી ૬૧.૧૪ છે, જે ગુજરાત કરતાં ૧૦ % વધારે છે. વર્ષ ૨૦૨૪-૨૫ માં ગુજરાત રાજ્યમાં હાયર સેકન્ડરીમાં વિદ્યાર્થીઓનો ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો ૪૭.૩ % છે જ્યારે સમગ્ર દેશનો રેશિયો ૫૮.૪ % વિદ્યાર્થીઓનો છે જે ગુજરાત કરતાં ૧૧ વધારે છે. આંકડા દર્શાવે છે કે ૫૨ % થી વધુ વિદ્યાર્થીઓ હાયર સેકન્ડરી માં એનરોલ થયા નથી. કોલેજ લેવલના ફોર્મલ એજ્યુકેશનમાં છેલ્લે વર્ષ ૨૦૨૨-૨૩ ના પ્રોવિશનલ ડેટા મુજબ માત્ર ૨૬.૨ % વિદ્યાર્થીઓનું ગ્રોસ એનરોલમેન્ટ થયું હતું જે દર્શાવે છે ૭૩.૮ % વિદ્યાર્થીઓએ કોલેજ લેવલે એનરોલમેન્ટ કરાવ્યું નથી.

કોલેજના એનરોલમેન્ટ માં ગુજરાતના રાજ્યો અને સંઘ પ્રદેશમાં ૨૩માં ક્રમે છે. વર્ષ ૨૦૨૪-૨૫ માં પ્રાથમિક કક્ષાએ ગુજરાતમાં નેટ એનરોલમેન્ટ ૭૭.૯ % છે જ્યારે ઉચ્ચ પ્રાથમિક માં નેટ એનરોલમેન્ટ માં ૬૭.૫ % જેટલું થયું હતું. પરખ રાષ્ટ્રીય સર્વેક્ષણ મુજબ ક્લાસ ૩, ક્લાસ ૬ અને ક્લાસ ૯માં વિદ્યાર્થીઓનું ભાષા અને ગણિતમાં મીનીમમ પ્રોફિસીએન્સી લેવલ એટલે ન્યૂનતમ શૈક્ષણિક પ્રાવીણ્ય નું સ્તર રાષ્ટ્રીય સ્તર કરતાં નીચા પ્રમાણનું અને કથળતું જોવા મળ્યું છે. ક્લાસ ૩માં ગુજરાતના વિદ્યાર્થીઓ નું ન્યૂનતમ શૈક્ષણિક પ્રાવીણ્યમાં ભાષામાં ૪૬ % અને ગણિતમાં ૩૮ % છે જ્યારે દેશ ના વિદ્યાર્થીઓની સરેરાશ ન્યૂનતમ શૈક્ષણિક પ્રાવીણ્ય ભાષામાં ૬૧ % છે અને ગણિતમાં ૫૪ % છે. ક્લાસ ૬ માં ન્યૂનતમ શૈક્ષણિક પ્રાવીણ્ય માં ગુજરાતના વિદ્યાર્થીઓ ની ભાષામાં ૨૨ અને ગણિતમાં ૨૩ ની ટકાવારી છે જ્યારે દેશની સરેરાશ ભાષામાં ૩૩ % અને ગણિત ૩૮ % જેટલી છે. ક્લાસ ૯ માં ભાષામાં ન્યૂનતમ શૈક્ષણિક પ્રાવીણ્ય ૨૪ % અને ગણિતમાં માત્ર ૩ % છે જ્યારે રાષ્ટ્રીય સરેરાશ ભાષામાં ૩૧ % અને ગણિતમાં ૧૧ % છે. ગુજરાતનું શિક્ષણ ક્ષેત્ર મોટા સુધારની માંગ કરી રહ્યું છે.

માત્ર શિક્ષણના ખાનગીકરણ અને વેપારીકરણની નિયત માંથી બહાર આવી શિક્ષણવિદો જોડે ચર્ચા કરી આવનારી પેઢી માટે ગુણવત્તાયુક્ત શિક્ષણ વ્યવસ્થા લાવવાની ગુજરાતમાં તાતી જરૂરિયાત છે. ■

## વડોદરાની ખાનગી ઑફિસમાં બ્લાસ્ટ, એકને ઈજા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરાના ફતેગંજ વિસ્તારમાં અચાનક એક ખાનગી ઓફિસમાં બ્લાસ્ટની ઘટનાએ થોડીવાર માટે ચિંતા જગાવી હતી. અહીં ઓફિસમાં ભયાનક બ્લાસ્ટ થયો હતો અને તેનો અવાજ ખૂબ જ પ્રચંડ હતો તેમ જ આસપાસના લોકોએ જણાવ્યું હતું. આ ઘટનામાં એક યુવકને ઈજા થતા સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. પ્રાથમિક માહિતી અનુસાર બ્લાસ્ટનું કારણ ઓફિસમાં કરવામાં આવેલી અગરબત્તીને કારણે એરકન્ડીશનમાં બ્લાસ્ટ થયો હોવાનું માનવામાં આવે છે. અહીં હાજર લોકોના જણાવ્યા અનુસાર સવારે અગરબત્તી કર્યા બાદ અચાનક જ બ્લાસ્ટ થયો હતો અને થોડીવારમાં આગ પ્રસરી હતી. આ ઘટનાની મળતી વિગતો અનુસાર શહેરના ફતેગંજ વિસ્તારમાં આવેલી અમન બિલ્ડિંગમાં ગ્રાઉન્ડ ફ્લોર પર બ્લાસ્ટ થયો હોવાના પ્રાથમિક અહેવાલો મળ્યા છે. બ્લાસ્ટ એટલો પ્રચંડ હતો કે ઓફિસના કાચ તૂટી ગયા હતા અને બહાર પાર્ક કરેલી એક કારને પણ નુકસાન થયું હતું, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. ■

## ગાંધીનગરમાં કરોડોના વિદેશી દારૂના જથ્થા પર બુલડોઝર ફર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં દારૂબંધીના કાયદાના કડક અમલ માટે રાજ્ય પોલીસ દ્વારા સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ કાર્યવાહીના ભાગરૂપે ગાંધીનગર અને તેની આસપાસના વિસ્તારોમાંથી પકડાયેલા કરોડો રૂપિયાના વિદેશી દારૂના જથ્થાનો બુલડોઝરની મદદથી નાશ કરવામાં આવ્યો હતો. અમદાવાદ શહેરના ૬ અલગ-અલગ પોલીસ મથકો જેવા કે એરપોર્ટ, સરદારનગર, નરોડા, શાહીબાગ, મેઘાણીનગર અને દરિયાપુર પોલીસ સ્ટેશનનો સમાવેશ થાય છે. આ તમામ પોલીસ સ્ટેશનો દ્વારા પકડવામાં આવેલા કરોડો રૂપિયાનો વિદેશી દારૂનો જથ્થો ગાંધીનગરના કોબા ખાતે નાશ કરવામાં આવ્યો હતો.

પોલીસ દ્વારા વિવિધ બ્રાન્ડની મોંઘી દારૂની બોટલો પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર, આ નષ્ટ કરવામાં આવેલા જથ્થાની કુલ કિંમત ૨ કરોડ ૩૩ લાખ ૬૮ હજાર ૫૬૧ રૂપિયા જેટલી થવા જાય છે. ■

## ખેડામાં વિદ્યાર્થી પાસેથી મેન્ટલ હેલ્થ સર્ટિફિકેટ મગાયાનો મામલો ગરમાયો, સ્કૂલે કરી સ્પષ્ટતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ખેડા જિલ્લાની એક જાણીતી સ્કૂલનો મામલો હાલમાં ચર્ચાનો વિષય બન્યો છે. અહીં એક વિદ્યાર્થી પાસેથી કથિત રીતે મેન્ટલ ફીટનેસ સર્ટિફિકેટ માગવામાં આવ્યાના આક્ષેપ વાલીએ કર્યા હતા. બનાવની મળતી વિગતો અનુસાર અહીં એક વિદ્યાર્થીની સ્કૂલબેગમાંથી સિગારેટ, લાઈટર અને તમાકુ મળી આવ્યા હતા. શિસ્તના ભાગરૂપે સ્કૂલે વિદ્યાર્થીને ૧૦ દિવસ માટે સસ્પેન્ડ કર્યો હતો. વિદ્યાર્તીને વાલીના આક્ષેપ અનુસાર જ્યારે તે દસ દિવસ બાદ ફરી સ્કૂલે આવ્યો ત્યારે તેની પાસેથી મેન્ટલ ફીટનેસ સર્ટિફિકેટ માગવામાં આવ્યું હતું, જેનાથી તેમનું સંતાન માનસિક તાણ અનુભવ અનુભવી રહ્યો છે. બીજી તરફ સ્કૂલે આ આરોપોને નકારી કાઢ્યા હતા અને સમગ્ર કાર્યવાહી વિદ્યાર્થીના હિતમાં તેમજ તેના વર્તનમાં સુધારો લાવવા માટે કરવામાં આવી હોવાનું જણાવી રહ્યું છે. આ સાથે સ્કૂલ સંચાલકોએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીની ભૂલ ગંભીર હતી અને સ્કૂલ તેને સજા કરવા નહીં પણ માર્ગદર્શન આપી ભવિષ્યમાં આવી ભૂલ ન થાય તે સમજાવવા માગતી હતી. તેમના જણાવ્યા અનુસાર તેમણે મેન્ટલ ફીટનેસ સર્ટિફિકેટ નહીં, પરંતુ વિદ્યાર્થીનું યોગ્ય કાઉન્સિલિંગ થયું છે કે નહીં તે અંગેનું સર્ટિફિકેટ રજૂ કરવા જણાવ્યું હતું. ■

## સુરતમાં શાળામાં ફસાયેલા ૩૭ વિદ્યાર્થીઓ, ૧૨ કર્મીઓનું પોલીસે રેસ્ક્યૂ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના ધોધમાર વરસાદને પગલે શહેરના સરથાણા વિસ્તારમાં જનજીવન પ્રભાવિત થયું હતું, સમગ્ર વિસ્તાપમાં ઠેર ઠેર પાણી ભરાતા લોકોને હાલાકી ભોગવવી પડી હતી. આ દરમિયાન સ્થાનિક આદર્શ નિવાસી શાળામાં ફસાયેલા ૩૭ વિદ્યાર્થીઓ અને સ્ટાફના ૧૨ કર્મચારીઓ સ્કૂલમાં જ ફસાઈ ગયા હતા.

સ્થાનિક પોલીસ દ્વારા પ્રશંસનીય સાહસ અને દિલધડક રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરી, ખાડીના વધતા પાણી અને મુશળધાર વરસાદ વચ્ચે તમામને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. જો કે વહીવટી તંત્રના રજાના આદેશ છતાં શાળા ચાલુ રાખવા બદલ સંચાલકો સામે ગંભીર સવાલો ઉઠ્યા છે. ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી, અને તમામ વિદ્યાર્થીઓ સુરક્ષિત છે. ■

# મહારાષ્ટ્રમાં મંજૂર ૧૩૮ ફાસ્ટ ટ્રેક કોર્ટમાંથી માત્ર ૫૮ જ કાર્યરત

## ન્યાયાધીશોની નિમણૂક સંપૂર્ણપણે ન્યાયતંત્રનો અધિકાર છે

મુંબઈ: મહારાષ્ટ્રમાં ૧૩૮ મંજૂર ફાસ્ટ-ટ્રેક કોર્ટમાંથી માત્ર ૫૮ હાલમાં કાર્યરત છે, અને બાકીની કોર્ટોમાં ન્યાયાધીશોની નિમણૂક થાય તે સુનિશ્ચિત કરવા માટે સરકાર બોમ્બે હાઈકોર્ટ સાથે ફોલોઅપ કરી રહી છે એમ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે વિધાનસભામાં જણાવ્યું હતું. ન્યાયાધીશોની નિમણૂક સંપૂર્ણપણે ન્યાયતંત્રનો અધિકાર છે એ બાબત પર મુખ્ય પ્રધાને ધ્યાન દોર્યું હતું. ચર્ચામાં જોડાતા, વિધાનસભાના અધ્યક્ષ રાહુલ નાર્વેકરે ધ્યાન દોર્યું કે સબોર્ડીનેટ ન્યાયતંત્રમાં મોટી સંખ્યામાં ખાલી જગ્યાઓને કારણે ન્યાય મળવામાં વિલંબ થાય છે.

ભાજપના વિધાન સભ્ય રાહુલ કુલ દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રશ્નના જવાબમાં ફડણવીસે જણાવ્યું હતું કે છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકારે વારંવાર મુખ્ય ન્યાયાધીશને મીટિંગોમાં અને સત્તાવાર પત્રવ્યવહાર દ્વારા મંજૂરી પ્રાપ્ત અદાલતો માટે ન્યાયાધીશોની નિમણૂક કરવા વિનંતી કરી છે. હાઇ કોર્ટે સરકારને જાણ કરી છે કે 'ન્યાયાધીશોની ભરતી અને બઢતી પ્રક્રિયા તેના અંતિમ તબક્કામાં છે. એકવાર પ્રક્રિયા પૂર્ણ થઈ ગયા પછી, તમામ મંજૂર ફાસ્ટ-ટ્રેક કોર્ટમાં ન્યાયાધીશોની નિમણૂક કરવામાં આવશે. ત્યાં સુધી, કેટલીક અદાલતોને ફાસ્ટ-ટ્રેક કેસોની સુનાવણી માટે નિયુક્ત કરવામાં આવી હતી, પરંતુ તેમને નિયમિત કેસોની પણ સુનાવણી કરવી પડે છે. તેથી, અલગ ફાસ્ટ-ટ્રેક કોર્ટની જરૂર છે.'

પુણે અને રાજ્યના અન્ય ભાગોમાં ન્યાયિક માળખાકીય સુવિધાઓ વિશે બોલતા, ફડણવીસે કહ્યું કે મહારાષ્ટ્રે છેલ્લા ૧૦ થી ૧૨ વર્ષોમાં સેશન્સ કોર્ટ અને વધારાની જિલ્લા કોર્ટોનો નોંધપાત્ર વિસ્તાર કર્યો છે. સરકાર અદાલતો માટે જરૂરી ભંડોળ અને માળખાગત સુવિધાઓ પૂરી પાડી રહી છે. વધારાની અદાલતોની જરૂરિયાત હાઇ કોર્ટ સમિતિ દ્વારા પડતર કેસોની સંખ્યાના આધારે નક્કી કરવામાં આવે છે. (પીટીઆઈ)■

## સંસ્થા સમાચાર

### રાષ્ટ્રસંત શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના સાંનિધ્યે જ્ઞાન, ભક્તિ, સેવા અને માનવતાના સમન્વયરૂપ મુલુંડમાં ઉજવાયો ''ધ સોલ ફેસ્ટિવલ''

**પરમ ગુરુદેવ સાથે જ્ઞાનવર્ધક પોડકાસ્ટના અનોખા આયોજન સાથે અનેક સેવા પ્રકલ્પોના લોન્ચિંગ અને સાધર્મિક સહાય અર્થે રૂ. પાંચ કરોડના અનુદાનથી પ્રસરાયું માંગલ્ય**

**કોઈના દુઃખમાં, સુખનું અજવાળું બનીને પ્રસરી જઈએ. - નમ્રમુનિ**




શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ મુલુંડની ભાવભીની વિનંતીનો સ્વીકાર કરીને પધારેલાં રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના મુલુંડ નગરમાં મંગલ પદાર્પણ અવસરે ત્રિદિવસીય ''ધ સોલ ફેસ્ટિવલનું'' અનોખું આયોજન ભક્તિવાન ભાવિકો માટે એક યાદગાર સંભારણું બની ગયું હતું. ''ધ સોલ ફેસ્ટિવલ'' અંતર્ગત ભક્તિ, જ્ઞાન, સેવા અને માનવતા પ્રેરિત વિવિધ કાર્યક્રમોમાં જોડાઈને ચતુર્વિધ સંઘ ધન્ય બન્યો હતો.

ભવ્ય જીવોને બોધ ફરમાવતાં પ્રથમ દિવસે પરમ ગુરુદેવે જીવનમાં મળતી દરેક તકનો સદુપયોગ કરીને ભવ સાર્થક કરી લેવાની પ્રેરણા આપી હતી. અન્યના દુઃખને પારખીને એના જીવનમાં સુખનું અજવાળું બનીને પ્રસરી જવાના દ્વિતીય દિવસના બોધ સાથે તૃતીય દિવસે જિજ્ઞાસુ ભાવિકોના મનમાં ઊઠતાં પ્રશ્નોનું સમાધાન આપતાં જીવનમાં વિનય ગુણને કેળવી લેવાનો બોધ આપ્યો હતો.

તૃતીય દિવસે પરમ ગુરુદેવના બ્રહ્મનાદે મહાપ્રભાવક શ્રી ઉવસ્સગહરં સ્તોત્રની જપ સાધના અને મંગલ કલશ પૂજન વિધિ બાદ, સાધર્મિક જરૂરિયાતમંદ પરિવારોની સહાય અર્થે ''તપસમ્રાટ રતિગુરુ શાંતિદાતા'' યોજનાનું ઉદ્ઘાટન મુલુંડ સંઘના પ્રતિનિધિઓ તેમજ રિશીતાદીદી શૈશવભાઈ ભાયાણીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ યોજના માટે ચંદ્રકાંતભાઈ ગોગરી તેમજ ગુરુભક્ત તરફથી મળીને રૂપિયા પાંચ કરોડનું અનુદાન મુલુંડ અને ડોંબીવલી શ્રી સંઘ માટે જાહેર કરવામાં આવ્યું હતું.

પરમ મહાનાદમાં જોડાએલાં દરેક બાળકોને ગુરુભક્ત તરફથી ₹ ૫,૦૦૦/-ની અર્પણતા, સમગ્ર કાર્યક્રમના સહયોગી દાતા માતુશ્રી દિવ્યાબેન અનંતરાય ભાયાણી પરિવારનું સન્માન, અર્હમ યુવા સેવા ગ્રૂપના સદસ્યોનું શ્રી સંઘ દ્વારા થએલું સન્માન અને લુક એન્ડ લર્ન રાઈમ્સના લોન્ચિંગ સાથે અવસરનું મંગલ સમાપન થયું હતું. ■

## આઠમા પાનાનું ચાલુ

### ભારે વરસાદ

તેના પર જાળી નાખી શકાય કે નહીં તેનો પણ અંદાજો લેશે. વધુમાં પાલિકા પ્રશાસન મુંબઈ યુનિવર્સિટીના લાઈફ સાયન્સ અને બાયોડાઈવર્સિટી જેવા વિભાગના નિષ્ણાતો અને આઈઆઈટી જેવી સંસ્થાઓ પાસેથી દુર્લભ વૃક્ષોને બચાવવા માટે કોઈ પગલાં લઈ શકાય કે નહીં તેની માહિતી મેળવવાનો પ્રયાસ કરવાની છે. ■

### થાણેમાં

જોરદાર પવન ફૂંકાવાની આગાહી કરી છે.

અધિકારીઓએ ભારપૂર્વક જણાવ્યું હતું કે,ભૂતકાળમાં ચોમાસા દરમિયાન ભૂસ્ખલન અને ડૂબી જવા જેવી દુર્ઘટનાઓને ધ્યાનમાં લેતા, આ પ્રતિબંધ સલામતીના પગલાં તરીકે છે. સ્થાનિક અધિકારીઓને કડક પ્રતિબંધો લાગુ કરવા કહેવામાં આવ્યું છે. (પીટીઆઈ)■

### કેતનની હત્યાની

હત્યાનું કાવતરું તેની વાગ્દત્તા સિયા (૨૦)એ ઘડ્યું હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. પોલીસે સિયા અને તેના પ્રેમી ચેતન (૨૨)ની ધરપકડ કરી હતી. કેતન અને સિયાનાં લગ્ન નવેમ્બરમાં થવાનાં હતાં.

પુણે ગ્રામીણ પોલીસના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે સિયા અને ચેતન વચ્ચે થયેલા ચૅટિંગની તપાસ કરવામાં આવી રહી હતી. ચૅટિંગના વિશ્લેષણ પરથી એવું સૂચિત થાય છે કે સિયા અને ચેતને છૂપી રીતે લગ્ન કરી લીધાં હતાં. જોકે આ બાબતે હજુ ખાતરી કરવાની બાકી છે. પોલીસ આ દાવાની ખાતરી કરી રહી છે અને તેમનાં લગ્ન કાયદેસર રજિસ્ટર્ડ છે કે નહીં તેની પણ ચકાસણી કરી રહી છે. પોલીસ આરોપીઓ વિરુદ્ધના ડિજિટલ પુરાવાની ચકાસણી કરી રહી છે. કેતનની હત્યાના કેસની તપાસના ભાગ રૂપે બન્નેના મોબાઈલ ફોન ડેટા અને ચૅટ રેકોર્ડ્સ પણ તપાસવામાં આવી રહ્યા છે.

પોલીસનું કહેવું છે કે સિયા અને ચેતને કેતનની હત્યાનું કાવતરું ઘડ્યું હતું અને તેને કઈ રીતે મારવો તેનું રિહર્સલ પણ કર્યું હતું. બન્ને આરોપી હાલમાં અદાલતી કસ્ટડીમાં છે. (પીટીઆઈ)■

### ગટરોની સફાઈ

પાલિકા પ્રશાસને ઝડપથી ભરાઈ ગયેલા પાણીનો નિકાલ કર્યો હોવાથી મુંબઈ જળબંબાકાર થતા બચી ગઈ હતી.

કમિશનર ભીડેએ જણાવ્યું હતું કે ભારે હવામાન પરિસ્થિતિઓમાં વારંવાર પૂર આવવું અમુક સંજોગોમાં સામાન્ય છે. મુંબઈમાં પહેલી જુલાઈથી સાત જુલાઈ, ૨૦૨૬ સુધીના સમયગાળામાં ૩૦૦ મિ.મી.થી પણ વધુ વરસાદ પડ્યો હતો અને જો ૩૦૦ મિ.મી. જેટલો વરસાદ ટૂંકા ગાળામાં પડે છે અને ૪.૫ મીટર ઊંચી ભરતી સાથે આવે છે ત્યારે પાણી ભરાઈ જાય છે. મુંબઈ ત્રણ બાજુથી સમુદ્રથી ઘેરાયેલું છે અને તેને મુંબઈ રીકલેમેશન કરેલી જમીન છે. એટલે પાણી ભરાવવું સામાન્ય છે.

ગયા શનિવારે કુર્લામાં મેનહોલમાં સિનિયર સિટિઝન પડી જવાથી થયેલા મૃત્યુ બાબતે કમિશનરે કહ્યું હતું કે મુંબઈમાં મેનહોલ અકસ્માતો અટકાવવા માટે જરૂરી પગલાં લેવાની યોજના બનાવી હતી. તે મુજબ તેનો અમલ કરવામાં આવ્યો હતો. જોકે કમિશનરે સ્વીકાર્યું કે કેટલીક જગ્યાએ માઇક્રો-પ્લાનિંગમાં સિસ્ટમનો અભાવ હતો. જોકે, તેના પર વધુ અભ્યાસ કરવામાં આવશે અને નક્કર પગલાં લેવામાં આવશે. તેમ જ પાલિકા આગામી અઠવાડિયામાં નાગરિકો માટે ખુલ્લા અથવા ક્ષતિગ્રસ્ત મેનહોલ સંબંધિત ફરિયાદો નોંધાવવા માટે એક સમર્પિત વોટ્સએપ હેલ્પલાઇન શરૂ કરવાની છે. ■

### નાશિક જિલ્લાના

હતો. દરમિયાન, જિલ્લા વહીવટીતંત્રે સંભવિત ભૂસ્ખલનની ચેતવણી વચ્ચે દેવલા તાલુકાના ભાબડબારી ઘાટને વાહનવ્યવહાર માટે બંધ કરી દીધો છે. ઇગતપુરીમાં સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની એક ટીમ તહેનાત કરવામાં આવી છે.

જિલ્લા અધિકારીઓએ જણાવ્યું હતું કે સોમવારે પાલઘર જિલ્લામાં લગભગ ૪૫૦ મીમી વરસાદ પડ્યો હતો અને ત્ર્યંબકેશ્વર-નાશિક પટ્ટાને પાર કરે તેવી અપેક્ષા હતી. જોકે, વાવાઝોડું ઉત્તર તરફ સુરત તરફ અને દક્ષિણ તરફ અહિલ્યાનગરમાં અકોલે તરફ આગળ વધ્યું હોય તેવું લાગે છે. નાશિકના ઘાટ વિસ્તારમાં જોરદાર વરસાદ પડી રહ્યો છે, પરંતુ એકંદર પરિસ્થિતિ નિયંત્રણમાં છે. જોકે, વાદળ ફાટવા જેવી ઘટનાની શક્યતાને સંપૂર્ણપણે નકારી શકાય નહીં. વાવાઝોડું દક્ષિણ તરફ આગળ વધી ગયું છે.

ડિઝાસ્ટર મેનેજમેન્ટ મંત્રી ગિરીશ મહાજન ઇગતપુરી અને ત્ર્યંબકેશ્વર તાલુકાઓની મુલાકાત લીધાના એક દિવસ પછી, જિલ્લા કલેક્ટર આયુષ પ્રસાદે પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે ઇગતપુરી તાલુકાના કેટલાંક ગામોની મુલાકાત લીધી હતી.

જિલ્લામાં અવિરત વરસાદને કારણે, મંગળવારે બપોરે ૧ વાગ્યા સુધીમાં નંદુર-મધમેશ્વર બંધમાંથી ૭,૯૨૪ ક્યૂસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. જિલ્લા વહીવટી તંત્રે નદી કિનારા પર રહેતા લોકોને સલામત સ્થળે ખસી જવા જણાવ્યું છે. (પીટીઆઈ) ■

### મુંબઈને ડૂબતી

અને નાળાઓની નિયમિત સફાઈ કરવામાં આવી રહી છે પણ ઓછા સમયમાં ૩૦૦ મિલીમીટર વરસાદ પડે અને તે જ સમયે દરિયામાં સાડા ચાર મીટર ભરતી હોય ત્યારે મુંબઈ જેવા ત્રણેય તરફથી દરિયાથી ઘેરાયેલા અને 'રિક્લેમેશન' થયેલા શહેરમાં પાણી ભરવું સ્વાભાવિક છે.

કમિશનરે વધુમાં કહ્યું હતું કે મુંબઈમાં પાણી ભરાવવાની સમસ્યાનો કાયમી સ્વરૂપે ઉકેલ લાવવા માટે નેશનલ ડિઝાસ્ટર રિલીફ ફંડ પાસેથી ભંડોળ મેળવવા માટે પાલિકા પ્રયાસ કરી રહી છે, તે માટે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (આઈઆઈટી) મુંબઈની મદદથી સવિસ્તાર પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવી રહ્યો છે. ૩૦૦થી ૩૫૦ ફ્લડિંગ સ્પોટ ઓછા કરવા માટે મોટો પ્રોજેક્ટો હાથમાં લીધો છે. વરસાદી પાણીનો નિકાલ કરવા માટે અનેક ઉપાયયોજના હાથ ધરાશે એવું બોલતા કમિશનરે જણાવ્યું હતું કે ભંડોળ ઉપલબ્ધ થયા બાદ તેમાંથી નવા પંપિંગ સ્ટેશન બાંધવામાં આવશે. પંપિંગ સ્ટેશનની ક્ષમતા વધારવા તેમ જ ઓટોમેટિક ફ્લડિંગ ગેટ બેસાડવા, વરસાદી પાણીનો નિકાલ કરવા માટેની પાઈપલાઈનના જાળાનું વિસ્તારીકરણ કરવા જેવા અનેક પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવવાના છે. ■

### વસઈ-વિરાર વચ્ચે

દોડાવાય છે, પરંતુ એ અંદાજે અડધો કલાક મોડી દોડી રહી છે. વરસાદના કારણે ઊભી થયેલી પરિસ્થિતિ પર પશ્ચિમ રેલવે પ્રશાસન સતત નજર રાખી રહ્યું છે અને વરસાદનું જોર ઘટતાં જ લોકલ સેવા પૂર્વવત્ (સામાન્ય) કરવા માટે યુદ્ધના ધોરણે પ્રયાસો શરૂ હોવાની માહિતી રેલવે પ્રશાસને જણાવ્યું હતું.

**વસઈ-વિરારમાં ૨૪ કલાક પછી વીજળી આવી:** છેલ્લા બે દિવસથી મુંબઈ સહિત શહેરના અલગ અલગ વિસ્તારોમાં પાણી ભરાઇ જવાની સમસ્યા ઊભી થઈ હતી. જેમાં વસઈ-વિરાર, નાલાસોપારા સંપૂર્ણપણે જળમગ્ન બન્યા હતા.

આ વિસ્તારોમાં આવેલા ઘરો, દુકાનોમાં પણ જળબંબાકારની સ્થિતિ ઊભી થઈ હતી, જેથી સમગ્ર જનજીવન અસ્તવ્યસ્ત થયું હતું. અહીંના વિસ્તારોમાં લગભગ ૨૪ કલાક પછી વીજસેવા પૂર્વવત્ બની હતી, જેથી લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. જોકે, હજુ પણ અનેક સોસાયટી જળમગ્ન બની છે, તેનાથી સ્થાનિકોની હાલાકીમાં વધારો થયો છે.

**મંગળવારે દિવસભર ટ્રેનો રેગ્યુલર દોડી:** હવામાન વિભાગ દ્વારા પાલઘર જિલ્લામાં રેડ અલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું, અને આગામી સમયમાં પણ ભારેથી અતિભારે વરસાદ પડવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી હતી. પરિણામે સાવચેતીના ભાગરૂપે જિલ્લાની સ્કૂલ-કોલેજ પણ બંધ રાખવામાં આવી હતી, પરંતુ આજે અપેક્ષા પ્રમાણે વરસાદ પડ્યો નહોતો, જેથી પ્રશાસને રાહતનો શ્વાસ લીધો હતો.

**ઓલા-કેબ ટેક્સીવાળાએ પ્રવાસીઓને લૂંટ્યા:** આ લોકલ ટ્રેન સેવાઓ પર અસર થતા સાંજના સમયે મુસાફરી કરતા પ્રવાસીઓને અસર થઈ હતી, જેમાં વિરાર, નાલાસોપારા, વસઈ જેવા વિસ્તારોમાં લોકલ ટ્રેન સેવાઓમાં વિલંબ જોવા મળતા પ્રવાસીઓને બસ, ટેક્સી અને ઓનલાઇન કેબ સર્વિસ પર નિર્ભર રહેવું પડ્યું હતું, જેના લીધે માર્ગ પરિવહન વધતા ટ્રાફિકજામની સમસ્યા ઉદ્ભવી હતી.

**પ્રવાસીને ૫૨.૬૫ લાખનું રિફંડ ચૂકવ્યું:** બે દિવસના ભારે વરસાદ વચ્ચે પશ્ચિમ રેલવેમાં મંગળવારે સવાર સુધીમાં ૪૯ ટ્રેન રદ કરવામાં આવી હતી, જ્યારે ૨૩ ટ્રેનને ડાઈવર્ઝન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત, ગુજરાતમાં ભિલાડથી બોરીવલી, ભિલાડથી વાપી, સંજાણથી મુંબઈ, વાપીથી મુંબઈ, વલસાડથી મુંબઈ એમ કુલ ૧૭ બસ મારફત ૧,૦૨૦ પ્રવાસીને તેમના ડેસ્ટિનેશન પહોંચાડવામાં આવ્યા હતા, જ્યારે ૭૧૩૫ પ્રવાસીને કુલ ૫૨.૬૫ લાખનું રિફંડ ચૂકવ્યું હતું.

**મુંબઈ-પુણે રેલવે લાઈન હજુ પણ ઠપ:** પુણેમાં ભૂસ્ખલન પછી મુંબઈ-પુણે રેલ વ્યવહાર ખંડિત થયા પછી મંગળવારે મોડી રાતના કદાચ ટ્રેનવ્યવહાર શરૂ થઈ શકે છે.

હાલના તબક્કે રેલવે પ્રશાસન દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી ચાલી રહી છે, જેમાં એક લાઈન શરૂ કરી છે, પરંતુ બીજી અને ત્રીજી માટે હજુ સમય લાગી શકે છે.

મંગળવારે બપોર સુધીમાં ૧૪ ટ્રેન રદ કરી છે, જ્યારે બીજી ત્રણ શોર્ટ-ટર્મિનેટ કરવામાં આવી છે. પુણે-સીએસએમટી ડેક્કન એક્સપ્રેસ, ડેક્કન ક્વિન, ઈન્ટરસિટી, ઈન્દ્રાયણી એક્સપ્રેસ, સિંહગઢ એક્સપ્રેસ સહિત પુણે-સોલાપુર ટ્રેન વગેરે રદ રાખી હતી. ■

### પુખ્ત મહિલાને

મેળવવા ઈચ્છે છે કે નહીં એ નક્કી કરવા કાયદેસર રીતે સક્ષમ હતી. આ વ્યક્તિગત પસંદગીની બાબતો છે અને ભારતના બંધારણની કલમ ૨૧ હેઠળના અધિકારોનો એક હિસ્સો છે. તેના માતા પિતા કે રાજ્ય તેને તેની ઇચ્છા વિરુદ્ધ તેના માતા પિતાના ઘરે પાછા ફરવા માટે દબાણ ન કરી શકે.'

ન્યાયમૂર્તિઓએ ઉમેર્યું હતું કે પોલીસ મહિલાને ગુમ થયેલી વ્યક્તિ ગણી શકે નહીં અથવા તેણી તેના માતાપિતાના ઘરે પરત ફરે તે માટે બળજબરીભર્યા પગલાં લઈ શકે નહીં.

વરિષ્ઠ વકીલ મિહિર દેસાઈ દ્વારા દાખલ કરાયેલી મહિલાની અરજીમાં કહેવામાં આવ્યું છે કે તેણીએ જૂન ૨૦૨૬ માં દત્તક માતા પિતાનું ઘર છોડી દીધું હતું કારણ કે તે એક દસ વર્ષ મોટા કઝીન સાથે લગ્ન કરવા તૈયાર ન હતી.

મહિલાનો પરિવાર અત્યંતરૂઢિચુસ્ત હતો. મહિલાએ આરોપ મૂક્યો હતો કે તે માનસિક અત્યાચારનો ભોગ બની હતી અને ગ્રેજ્યુએશન માટે કે નોકરી મેળવવાની મંજૂરી આપવામાં આવી ન હતી. મહિલાએ પરિવાર તરફથી મળતી ધમકીઓ અને ઉત્પીડન સામે રક્ષણ માંગ્યું હતું. (પીટીઆઈ)■

### જળાશયોમાં

ક્ષમતા ૧૬.૯૨ ટકા હતી તે વધીને મંગળવારે સવારે ૨૮.૯૨ ટકા થયો છે. જથ્થાની દ્રષ્ટિએ, સ્ટોક ૧.૭૪ લાખ મિલ્યન લિટર વધ્યો છે, જે ૨.૪૪ લાખ મિલ્યન લિટરથી ૪.૧૮ લાખ મિલ્યન લિટર થયો છે જે ૭૧ ટકાનો વધારો દર્શાવે છે.

જૂન મહિનામાં વરસાદ ઓછો હોવાથી તળાવના જળસ્તરમાં બે દિવસના ભારે વરસાદને કારણે પાણીનું પ્રમાણ લગભગ છ ટકા સુધી ઘટી ગયું હતું, જેના કારણે પાલિકાએ ૧૫ જૂનથી શહેરમાં ૧૦ ટકા પાણી કાપ લાદવાની ફરજ પડી હતી. બાદમાં પાણીની સપાટીમાં વધુ ઘટાડો થતા કમર્શિયલ એસ્ટાબ્લિશમેન્ટ અને બાંધકામ સ્થળો પર પ્રતિબંધો કડક કરવામાં આવ્યા હતા.ભાતસા, અપર વૈતરણા, મધ્ય વૈતરણા, મોડક સાગર, તાનસા, તુલસી અને વિહાર, સાત તળાવો કુલ ૧૪.૪૭ લાખ મિલ્યન લિટર પાણીની સંગ્રહ ક્ષમતા ધરાવે છે.

પાલિકાના જણાવ્યા અનુસાર સોમવાર અને મંગળવાર સવાર દરમિયાન કેચમેન્ટ વિસ્તારોમાં ભારે વરસાદ પછી પાણીનો પ્રવાહ તીવ્ર બન્યો છે. મોડક સાગરમાં સૌથી વધુ ૩૪૫ મિ.મી. વરસાદ નોંધાયો હતો, ત્યારબાદ તાનસા (૩૨૨ મિ.મી.), મિડલ વૈતરણા (૨૩૫ મિ.મી.), અપર વૈતરણા (૨૧૨ મિ.મી.), ભાતસા (૧૭૨ મિ.મી.), તુલસી (૧૬૦ મિ.મી.) અને વિહાર (૧૫૧ મિ.મી.)નો ક્રમ આવે છે.

છેલ્લા બે દિવસમાં પાણીના સ્તરમાં સુધારો થયો છે ત્યારે પાલિકા કમિશનર અશ્વિની ભીડેએ જણાવ્યું હતું કે ૧૦ ટકા પાણી કાપ હાલ પૂરતો ચાલુ રહેશે. જળાશયોમાં વધુ વધારો નોંધાયા પછી જ સપ્ટેમ્બરમાં નિયંત્રણોની સમીક્ષા કરવામાં આવશે અને એ બાદ પાણીકાપ પાછો ખેંચવા બાબતે યોગ્ય નિર્ણય લેવામાં આવશે.

મંગળવારના તીવ્ર વધારા પછી પણ શહેરનો પાણીનો જથ્થો ગયા વર્ષના સ્તરથી ઘણો નીચે છે. ૨૦૨૫માં આ જ દિવસ, જળાશયો ૬૮ ટકા ભરાઈ ગયા હતા, જે વર્તમાન સંગ્રહ કરતા બમણાથી વધુ છે. આ મહિનાની શરૂઆતમાં ભારે વરસાદ બાદ પવઈ તળાવ છલકાઈ ગયું હતું. જો કે, તળાવનો ઉપયોગ ઔદ્યોગિક હેતુઓ માટે થાય છે અને તે મુંબઈની પીવાના પાણીપુરવઠા પ્રણાલીનો ભાગ નથી. ■

### રેડ અલર્ટની

હોવા છતાં મંગળવારે દિવસ દરમ્યાન છૂટો છવાયો વરસાદ રહ્યો હતો. સવારના આઠ વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધીમાં શહેરમાં ૧૦.૮૨ ટકા, પૂર્વ ઉપનગરમાં ૧૯.૮૨ અને પશ્ચિમ ઉપનગરમાં ૧૯.૮૬ મિ.મી. વરસાદ નોંધાયો હતો. તો મંગળવારે સવારે ૮.૩૦ વાગ્યે પૂરા થયેલા ૨૪ કલાકમાં સાંતાક્રુઝ વેધશાળામાં ૯૦.૪ મિ.મી. વરસાદ નોંધાયો હતો, જ્યારે કોલાબામાં ૫૭.૨ મિ.મી. વરસાદ નોંધાયો હતો.

વરસાદનું પ્રમાણ ઓછું હતું પણ દિવસ દરમ્યાન શોર્ટ સર્કિટ, ઘરની દીવાલ તૂટી પડવાના તથા કલાકના ૭૦થી ૮૦ કિલોમીટરની ઝડપે ફૂંકાઈ રહેલા પવનોને કારણે અસંખ્ય વૃક્ષો અને ડાળખી તૂટી પડયા હતા. પાલિકાના અધિકારીએ મંગળવારે જણાવ્યું હતું કે છેલ્લા ૨૪ કલાક દરમિયાન ભારે વરસાદ અને પવન દરમિયાન અંધેરી પશ્ચિમમાં લોખંડવાલા માર્કેટ પાસે રહેલા એક બગીચામાં સિમેન્ટના પતરા તૂટી પડતાં બે મહિલાઓ જખમી થઈ હતી. તો ગોંવડીમાં દેવનાર ટેલિકોમ ફેક્ટરી નજીક એક કૂવામાં તરવા માટે ત્રણથી ચાર છોકરા ગયા હતા, જેમાં હાફીજ શેખ નામનો ૧૪ વર્ષનો સગીર છોકરો ડૂબી ગયો હતો. સોમવારના ભારે વરસાદને કારણે ૨૪ કલાક દરમ્યાન ઝાડ તૂટી પડવાની ૪૨૮ ઘટનાઓ અને દિવાલ અને ઘર ધરાશાયી થવાની ૨૮ ફરિયાદો નોંધાઈ હતી. ■

## હિન્દુ મરણ

**કચ્છી ભાટિયા**

લીલા માધવ સંપત (ઉં. વ. ૯૨) તે સ્વ. માધવ આણંદજી સંપતના પત્ની. સ્વ. હીરાબાઈ હરિદાસ દામોદર લાયજાવાલાના પુત્રી. જયેશ, નિખિલ તથા વિક્રમના માતૃશ્રી. રાધિકા, ચારુ તથા શિલ્પાના સાસુજી. અખિલ, પ્રિયમ, દેવાંશી, કનવ, વૃંદા, આદિત્ય, રાજવી, સામરા, આયરા, નીતારા અને રાજવીરના દાદી/પરદાદી. સોમવાર તા. ૬/૭/૨૦૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ગુરૂવાર તા. ૯/૭/૨૬ના સાંજે ૫ થી ૭. રમાસુંદરી વાટુમલ ઑડિટોરિયમ, કે. સી. કોલેજ, ચર્ચગેટ. પ્રાર્થનાસભા પછી લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠીયા વણિક**

ઢાંક નિવાસી હાલ અમદાવાદ, નિર્મલાબેન વિનોદરાય કૂલર (ઉં. વ. ૭૧) તે વિનોદરાય હરિલાલ કૂલરના ધર્મપત્ની. સ્વ. ખીમચંદ હરિલાલ કૂલરના નાનાભાઈના પત્ની. સ્વ. મનસુખભાઈ, પ્રવિણભાઇ, વનિતાબેન હસમુખલાલ ગાદોયા, જયશ્રીબેન વિનોદભાઈ વજીરના ભાભી. મિતેશ, બ્રિજેશ, સાગર, કિરણના માતુશ્રી. અંજુ, ખુશી (જાનકી), જીગના, નલિનકુમાર કુરાનીના સાસુ. બાંટવાવાળા સ્વ. કપૂરચંદ હંસરાજ ભૂપતાનીની દીકરી. તા. ૦૬/૦૭/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**હાલાઈ લોહાણા**

વતન કુતિયાણા, હાલ ખાર, ભરતભાઈ મગનલાલ સોમૈયા (ઉં. વ. ૭૪) તા. ૦૪-૦૭-૨૬ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. સ્વ. દૂધીબેન મગનલાલ સોમૈયાના સુપુત્ર. રેખાબેનના પતિ. સ્વ. દયાબેન, મંજુબેન, નિરુબેન, પ્રતિભાબેન, ધનસુખભાઈ તથા કિશોરભાઈના ભાઈ. પૂર્ણિમાબેન તથા દીપ્તિબેનના જેઠ. અલ્પા, ભક્તિ તથા હેમાલીના પિતા. સ્વ. નાનાલાલ રણછોડદાસ પૂનાવાલાના જમાઈ.

**ગુર્જર પ્રજાપતિ**

હાલ મલાડ, સ્વ. કામિની સુરેશ પ્રજાપતિ તે સુરેશ બાબુલાલ પ્રજાપતિના પત્ની. તેજસ અને ધવલનાં મમ્મી તા. ૫-૭-૨૦૨૬ ના દેવલોક પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા તા. ૯-૭-૨૦૨૬, ગુરૂવારના રોજ સાંજે ૪ થી ૬. સ્થળ: મોનિકા હૉલ, સુભાષ લેન, એચ.ડી.એફ.સી. બેંકની બાજુમાં, દફતરી રોડ, મલાડ (ઈસ્ટ),

**ખંભાત દશા મોઢ**

સ્વ. કાંતાબેન જીવતલાલ ભગત (ખંભાત)ના પુત્ર જયેશભાઈ (ઉં. વ. ૬૯) તે સોનલબેનના પતિ. નિધી-ઈશાનીના પિતા. પ્રતિક અને ધર્મિલના સસરા, દર્શનના ભાઈ, કલ્પનાના જેઠ, સ્વ. પદ્યુતભાઈ પરીખના જમાઈ. રવિવાર તા. ૫.૭.૨૬ ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ગુરૂવાર તા. ૯.૭.૨૬ના રાખેલ છે. સમય ૫ થી ૭, સ્થળ: મંડપમ હોલ, ઈસ્કોન મંદિર, જુહૂ, મુંબઈ.

**કચ્છી બ્રહ્મક્ષત્રિય**

મૂળ માંડવીના હાલે થાણા, સ્વ. મનસુખલાલ દાંધડા(ખન્ના) (ઉં. વ. ૮૧) તા. ૦૬/૦૭/૨૬ના અવસાન પામેલ છે. તે સ્વ. પાર્વતીબેન પ્રભુદાસ દાંધડાના સુપુત્ર. રસીલાબેનના પતિ. મટુબાઈ જેઠાલાલ ટાટારીયાના જમાઈ. રવિલાલ, ચંદ્રકાંત, પ્રદીપ, કિરીટના મોટાભાઈ, સ્વ. મંજુલા મોહનલાલ, લીલાવંતી રતિલાલ, સુશીલા શાંતિલાલ, મેના ગિરીશ, વનિતા પ્રફુલ અને ભારતી (ટકુ) નરેશના ભાઈ. રીટા, સ્વ. જુલી, પ્રીતિ, નયન અને ડેલીના પિતાશ્રી. રાજેશ, દિલીપ, વિજય, નીનાના સસરા. પ્રાર્થનાસભા તા. ૦૮/૦૭/૨૬ બુધવારના સાંજે ૪ થી ૫. પાંજીવાડી, કાંજુરમાર્ગ. લૌકિક પ્રથા બંધ છે.

**ઈડર ઔદિચ્ય સત્તાવીસ બ્રાહ્મણ**

બેરણા, હાલ કાંદિવલી, વસંત નારણદાસ ઉપાધ્યાયના ધર્મપત્ની ભારતીબેન (ઉં. વ. ૭૮) સોમવાર, તા. ૬-૭-૨૬ના રોજ દેવલોક પામ્યા છે. તે સ્વ. હીરેન, અ, સૌ. નેહાબેન ચવાથે અને રસેશના માતુશ્રી. શીલન ઉલ્લાસભાઈ ચવાથે અને કલ્યાણી રસેશ ઉપાધ્યાયના સાસુ. ગં. સ્વ. જયાબેન તથા હસમુખભાઈ, કૃષ્ણકાંતભાઈ, અ. સૌ. પ્રફુલ્લાબેન મહેન્દ્રકુમાર ઉપાધ્યાય તથા ગં. સ્વ. અનસૂયાબેન રશ્મીકાંત ગોરના ભાભી. સ્વ. જશોદાબેન વિઠ્ઠલદાસ ગોરના પુત્રી. ક્રિશીવ, પ્રાતી અને પ્રણવીના દાદી. બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૯-૭-૨૬ના સાંજે ૫ થી ૭. હાલાઈ લોહાણા બાલાશ્રમ, મથુરાદાસ એક્સટેન્શન રોડ, અતુલ ટાવર પાસે, કાંદિવલી (પ.). લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી ભાટિયા**

હેમંત તુલસીદાસ મર્ચન્ટ (ઉં. વ. ૭૬) તે સ્વ. તુલસીદાસ રામદાસ મર્ચન્ટના પુત્ર. સુંદરદાસ ગજરીયાના જમાઈ. હેમલતાના પતિ. હેના, જયેશ મર્ચન્ટ અને ધર્માના ભાઈ. તા. ૭-૭-૨૬ના શ્રીજીના ચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

ડુંગરવાળા (હાલ મલાડ) ગં. સ્વ. સુધાબેન (ઉં.વ. ૮૨) તે સ્વ. જયંતભાઈ બાલુભાઈ મહેતાના ધર્મપત્ની. રાજીવ, રસેષના માતુશ્રી. કવિતાના સાસુ. પિયર પક્ષે ધરણીધર નારણદાસ શ્રોફના દીકરી. સુંદરલાલ નારણદાસ શ્રોફ અને શાંતાબેન સુંદરલાલ શ્રોફના દીકરી. સ્વ. જયોત્સના બિપીન દોશી, રશ્મિ મહેન્દ્ર ભાલકિયા, સ્વ. આશા ગૌતમ દલાલના ભાભી મંગળવાર, તા. ૭-૭-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**કચ્છી લોહાણા**

રતનશી ટેલારામ કેશરીયા (ઠક્કર) (ઉં.વ. ૮૪) તે સ્વ. કાશીબેન ટેલારામ કેશરીયાના પુત્ર. ગામ નરેડા હાલ રહેવાસી સાંતાક્રુઝ ગં. સ્વ. ઝવેરબેનના પતિ. સ્વ. ભીમજી ઠાકરશી પલણના જમાઈ. રાજેશભાઈ, સ્વ. શીલ્પાબેનના પિતાશ્રી. શીતલબેનના સસરાજી. સ્વ. તુલસીદાસ કેશરીયા, સ્વ. બાબુભાઈ કેશરીયા, રામજીભાઈ કેશરીયાના નાના ભાઈ મંગળવાર, તા. ૭-૭-૨૬ના રામશરણ પામ્યા છે. લૌકિક વહેવાર બંધ રાખેલ છે.

**કપોળ**

સિહોરવાળા હાલ મુંબઈ સ્વ. ભૂપેન્દ્ર ચત્રભુજ દોશીના પત્ની ગં. સ્વ. ક્રિષ્નાબેન (ઉં.વ. ૭૭) સોમવાર, તા. ૬-૭-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે ભાવના, સમીર, હીમા, ઉદયના માતુશ્રી. જયતિ, અંકીત, મીત, શાશ્વતના દાદી. લતા-લલિત, રૂપા-રાજેન્દ્ર, હેમલતા બિપીનચંદ્ર મહેતા, ચારુ હિતેન પારેખના ભાભી. પિયર પક્ષે ભાવનગરવાળા સ્વ. જશવંતરાય હરિલાલ મહેતાના દીકરી. (સર્વ લૌકિક ક્રિયા બંધ રાખેલ છે)

**કપોળ**

પાંદડ (ખંભાત) નિવાસી હાલ બોરીવલી સ્વ. શાંતિલાલ પોપટલાલ મહેતાના ધર્મપત્ની અનસુયાબેન (ઉં.વ. ૯૦) તે સ્વ. પ્રફુલ, કમલેશ, અતુલ, નિલેષના માતુશ્રી. સુરેશકુમાર મોહનલાલ મહેતા, અ. સૌ. કોકીલા, અ. સૌ. મયુરી, અ. સૌ. શ્વેતાના સાસુ. હર્ષિલ, અંકીતા, ઉત્સવ, નિધી સિદ્ધાર્થ મહેતા, જીનલ પ્રતિક ગોરડીયા, સાગર, સૌરવ, સ્મિત, રચના કેતનકુમાર પારેખ, મેહુલ, ખુશ્બુ, ભક્તિના દાદી. પિયર પક્ષે ચિત્તલ નિવાસી સ્વ. પોપટલાલ ભાણજીભાઈ મહેતાના દીકરી તા. ૭-૭-૨૬, મંગળવારના શ્રીજીચરણ પામ્યા છે. સર્વે પક્ષની પ્રાર્થનાસભા તા. ૯-૭-૨૬, ગુરુવારના સાંજના ૫ થી ૭ લોટસ હોલ, રઘુલીલા મોલ, ૪થે માળે, પોઈસર ડેપો, બોરીવલી વેસ્ટ. લૌકિક પ્રથા બંધ છે.

## પારસી મરણ

પરસી દારા ફીતર તે સનોબર એદી મારકર (ફીતર)ના ધની તે મરહુમો પરવીન દારા ફીતરના દીકરા. તે રાયન ને આરીયાનાના પપ્પા. તે કેશમીરાના ભાઈ. તે ફીરુઝી એદી મારકરના જમાઈ. (ઉં. વ. ૫૨) ર. ઠે. ૯૩, જોરાવર ભવન, ફ્લેટ નં. ૭, એમ, કર્વે રોડ, મરીનલાઈન્સ, મુંબઈ-૪૦૦૦૨૦.

પરવિઝ દારા ભોટે (ઉં. વ. ૭૪) ૨૭-૬-૨૦૨૬ના રોજ સિકંદરાબાદ ખાતે ગુજરી ગયા છે. મરહૂમો દારા જે. ભોટેના પત્ની. ફરોખ, બોમી, પૌરુષ પટેલના બહેન. જમશેદ, સ્પેન્ટાના માતુશ્રી. માણિક મેન્ઝેસ, હનિષા સિંહના સાસુ. ઝોરાયા, ઝાયડનના ગ્રાન્ડમધર.

## જૈન મરણ

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**

લુણીનાં વનિતાબેન (વેલબાઇ) સોની (ઉં. વ. ૭૭) ૬-૭-૨૬નાં અવસાન પામેલ છે. લક્ષ્મીબેન વસનજી રવજીનાં પુત્રવધુ. હરખચંદના પત્ની. કમલેશના માતા. છસરા લક્ષ્મીબેન વીરજી ઉકેડાના પુત્રી. ભોરારા ચંચળબેન ચીમનલાલ, ર. ગણેશ જયાબેન દામજી, રમેશના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. કમલેશ સોની, ૧૦૪/૧૧૦૧, ઓમ મકરંદ હા.સો., પંતનગર, ઘાટકોપર (ઇ), મું. ૭૫.

બાડાના શ્રી શૈલેષ ગડા (ઉં. વ. ૪૧) તા. ૪-૭-૨૦૨૬ ના રોજ અવસાન પામેલ છે. સ્વ. કંચનબેન કાંતિલાલ ના પુત્ર. પુનમના પતિ. જીલ, અંશના પિતા. સ્વ. દિપકના ભાઇ. સુરેન્દ્રનગરના પદમાબેન ધીરજલાલ કપુરીયાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. કંચન ગડા, સી-૧/૪૧૯, ઓમકાર, એસ.આર.એ. બિલ્ડીંગ, જાન ભોયે નગર, શાંતરામ તળાવ, મલાડ (ઇ), કુરાર વિલેજ. મુંબઇ-૯૭.

નાના રતડીયાના શ્રી દેવેન્દ્ર પદમશી ગડા (ઉં. વ. ૭૪) તા. ૬-૭-૨૬ના અવસાન પામેલ છે. ગોરબાઈ પદમશીના સુપુત્ર. ચંચળના પતિ. દિપેશ, ભાવેશના પિતા. જગદીશ, વિપીન, દિપક, પરેશ, મહેશ, ખુશાલ, ઉનડોઠ દમયંતી ચુનીલાલ, ડોણ હિના હેમલના ભાઈ. મેરાઉ વેજબાઈ પુનશી રણશીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. દિપેશ ગડા, ૨/૮, ધીરજ પેલેસ, ડી.એન.સી.સ્કુલની સામે, નાંદીવલી રોડ, ડોંબિવલી (ઈ).

શેરડીના શ્રી નવીનચંદ્ર દામજી હરિયા (ઉં. વ. ૭૪) તા.૬-૭-૨૬ના અરિહંત શરણ થયેલ છે. ભાણબાઈ દામજીના પુત્ર. નિર્મળાના પતિ. નેહલ, મિત્તલના પિતા. મેરાવા લક્ષ્મીબેન (સા.શ્રી અશોકવૃક્ષગુણાશ્રીજી) મૂલચંદના ભાઈ. માતુશ્રી ભાણબાઈ ખેરાજ ભાણજી ગોસર (ટાયાણી પરિવાર) ના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. નિર્મળા હરીયા, ૪ સી, ગૌતમ ટાવર, ગોખલે રોડ, નૌપાડા, થાણા (વે)-૬૦૨.

દેશલપુર (કંઠી)ના મનોજ જયંતિલાલ ગાલા (ઉં.વ. ૫૧) તા. ૬-૭-૨૬ના અરિહંતશરણ પામ્યા છે. ભારતી જયંતિલાલના પુત્ર. અર્પિતાના પતિ. વિરતીના પિતા. નિપુલના ભાઈ. કોડાયના શોભનાબેન હેમચંદ લાલનના જમાઈ. ત્વચાદાન-ચક્ષુદાન કરેલ છે. પ્રાર્થના : શ્રી વ. સ્થા. જૈ. શ્રા. સંઘ કરસન લધુ નીસર હોલ, દાદર (વે.) ટા. ૨ થી ૩.૩૦.

દેવપુરના કરણ નરેન્દ્ર ગાલા (ઉંમર ૪૨) તારીખ ૪-૭-૨૬ના અવસાન પામ્યા છે. કલ્પના નરેન્દ્રના પુત્ર. ભક્તિના પતિ. સ્વ ધનવંતી તલકશીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠેકાણું : નરેન્દ્ર લીલાધર ગાલા, એ/૫, જવાહર સોસાયટી, સાંગલી-૪૧૬૪૧૬.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

રાજકોટ નિવાસી, હાલ મુંબઈ, ગં.સ્વ. અનિલાબેન ગાંધી, તે સ્વ. રમેશચંદ્ર ચંદુલાલ ગાંધીના ધર્મપત્ની. ઉમેશભાઈ અને જિતેન્દ્રભાઈના માતૃશ્રી. અ.સૌ. રક્ષાબેન અને સંગીતાબેનના સાસુ. રોનક, ગૌરવ અને ખુશીના દાદીમા. સ્વ. અમૃતલાલ નાનજી દોશી (ઉપલેટા)ના સુપુત્રી. તા. ૦૪-૦૭-૨૬ ના અરિહંતશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા પાવનધામ (પહેલો માળ), મહાવીરનગર, કાંદિવલી વેસ્ટ. તા. ૧૦-૦૭-૨૬ના રોજ સવારે ૧૦ થી ૧૨.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ઘેટીવાળા હાલ ઘાટકોપર (ઈ.), મહેતા દામજીભાઈ ધરમશીભાઈના સુપુત્ર. સ્વ. જયસુખભાઈ (બુધાભાઈ)ના ધર્મપત્ની શશીકલાબેન (ઉં. વ. ૮૩) સોમવાર, તા. ૬-૭-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે રાજેશ, ડોલીના માતુશ્રી. અ. સૌ. ફાલ્ગુની તથા ધર્મેશકુમારના સાસુ. વત્સલ-અ. સૌ. રાજવીના દાદી. પ્રાચીના નાની. સ્વ. વિનુભાઈ, સ્વ. મનુભાઈ, દિલીપભાઈ, મુકેશભાઈ, અનિલભાઈ, સ્વ. રસિલાબેન, જ્યોતિર્ધરાશ્રીજી મ. સા., ધૈર્યમિત્રાશ્રીજી મ. સા.ના ભાઈના ધર્મપત્ની. તે શેઠ શાંતિલાલ ચત્રભુજ ગાંધી (ચોકવાળા)ના દીકરી. નિવાસસ્થાન: રાજેશ જયસુખલાલ મહેતા, ૧૧૦૨, વોરા એપાર્ટમેન્ટ, વલ્લભબાગ લેન, ઘાટકોપર (ઈ.)લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

કાંકચ નિવાસી હાલ ભાયંદર શાહ બાવચંદભાઈ ગાંડાલાલના પુત્ર સ્વ. મહાસુખભાઈના ધર્મપત્ની પુષ્પાબેન (ઉં.વ. ૭૯) મંગળવાર, તા. ૭-૭-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે દીપક, તુષાર, કાજલના માતુશ્રી. અતુલકુમાર (ગિરીશ), સ્વ. રીના, જાગૃતિના સાસુ. સ્વ. રમણીકભાઈ, સ્વ. અરવિંદભાઈ, કાંતિભાઈના ભાભી. પીયર પક્ષે રસિકલાલ હરજીવનદાસ પટેલ (પિયાવા હાલ ઘાટકોપર)ની દીકરી. નિવાસસ્થાન: દીપક મહાસુખલાલ શાહ, એ-૧૦૩, નાગેશ્વર બિલ્ડીંગ, પદમાવતી નગર, મેકસેસ મોલની બાજુમાં, ૧૫૦ ફૂટ રોડ, ભાયંદર વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ઇન્ટરવલ

કવર સ્ટોરી

નિલેશ વાઘેલા

## ક્રૂડ ને ક્લાઉડઃ નો કોમેન્ટ!

### સેન્ટ્રલ બેન્કના ગવર્નરોને હવે ગાઇડન્સ આપવામાં રસ નથી... જાણો, હોર્મુઝ સ્ટ્રેઇટનાં શાંતિ કરાર, વ્યાજ દર અને ઇન્ફ્લેશન વિશે આરબીઆઇ શું માને છે?



આજે અર્થશાસ્ત્રીઓ ક્રૂડ અને ક્લાઉડ (વરસાદ)ની સમસ્યામાં અટવાયેલા છે, ત્યાં સેન્ટ્રલ બેન્કના ગવર્નરો પણ મૂંઝાયેલા છે. અર્થશાસ્ત્રમાં વ્યાજદર ખૂબ જ મહત્ત્વ ધરાવે છે. ખાસ કરીને અમેરિકાની ફેડરલ રિઝર્વ દ્વારા જાહેર થતાં વ્યાજદર અંગે લેવાતા નિર્ણય પર આખી દુનિયાની નજર હોય છે. આ વ્યાજદરની વધઘટ તો ઠીક, પરંતુ તે અંગેની અટકળો પણ આખા જગતનાં અર્થતંત્રો અને બજારોને હચમચાવી દે છે. આથી જ આખી દુનિયા જ્યારે ફેડરલ રિઝર્વના નવા ગવર્નર કેવિન વોર્શની કોમેન્ટ્રી સાંભળવા કાન માંડીને બેઠી હતી, ત્યારે તેમણે અગાઉના કોઇ ગવર્નરે નહોતો આપ્યો એવો આંચકો આપતા કહ્યું કે તેઓ વ્યાજદર અંગે કોઇ ગાઇડન્સ કે ફોરવર્ડ લૂકિંગ સ્ટેટમેન્ટ નહીં કરશે.

ઘરઆંગણે પણ કંઇક આવું જ થયું છે. ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઇ)ના ગવર્નર સંજય મલ્હોત્રાએ નાણાકીય બજારોને સ્પષ્ટ ભાષામાં કહી દીધું છે કે, આગામી મહિનાઓમાં વ્યાજદર વધશે એવી ધારણા રાખવી હજુ વહેલી છે. રોકાણકારો, ઉદ્યોગો અને નીતિ નિર્માતાઓ વૈશ્વિક ભૂરાજકીય તણાવ, ક્રૂડ ઓઇલના ભાવમાં ઉતાર-ચઢાવ અને અનિશ્ચિત ચોમાસાની વચ્ચે અર્થતંત્રની દિશા સમજવાનો પ્રયાસ કરી રહ્યા છે ત્યારે આરબીઆઇએ ઉતાવળને સ્થાને સાવચેતીનો માર્ગ પસંદ કર્યો છે.

મલ્હોત્રાએ જણાવ્યું હતું કે વ્યાજદર વધારાની ચર્ચા કરવી વધુ પડતી વહેલી કે અતાર્કિક છે. આ નિવેદન દર્શાવે છે કે વૈશ્વિક અને સ્થાનિક આર્થિક પરિસ્થિતિ હજુ પણ ઝડપથી બદલાઈ રહી છે. જો આરબીઆઇને ખાતરી હોત કે આગામી મહિનાઓમાં વ્યાજદર વધારવાની જરૂર પડશે, તો તે પોતાની નીતિની સ્થિતિ ન્યુટ્રલમાંથી રિસ્ટ્રિક્ટિવ જાહેર કરત.

આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલા યુદ્ધવિરામને કારણે ગ્લોબલ ઓઇલ માર્કેટમાં રાહત જોવા મળી છે. પશ્ચિમ એશિયામાં વધેલા તણાવને કારણે ક્રૂડ ઓઇલના ભાવમાં મોટો ઉછાળો આવ્યો હતો, પરંતુ યુદ્ધવિરામ બાદ તેમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. ભારત માટે આ ખાસ મહત્ત્વનું છે કારણ કે દેશ તેની લગભગ નેવું ટકા ક્રૂડ ઓઇલની જરૂરિયાત આયાત દ્વારા પૂરી કરે છે.

ક્રૂડ ઓઇલના ભાવોનો સીધો અને પરોક્ષ બંને પ્રકારનો પ્રભાવ અર્થતંત્ર પર પડે છે. ક્રૂડ ઓઇલ મોંઘું થાય ત્યારે પરિવહન ખર્ચ વધે છે, ઉત્પાદન ખર્ચ વધી જાય છે અને ગ્રાહકોને વધુ ઈંધણ ખર્ચ સહન કરવો પડે છે. પરિણામે મોંઘવારી વધે છે અને કેન્દ્રીય બેંક પર વ્યાજદર વધારવાનું દબાણ ઊભું થાય છે. તાજેતરમાં ક્રૂડ ઓઇલના ભાવોમાં આવેલો ઘટાડો આરબીઆઇ માટે મોટી રાહત સમાન છે. આ રાહતની તાત્કાલિક અસરમાં ભારતની ૧૦ વર્ષના સરકારી બોન્ડની યિલ્ડ ત્રણ મહિનાની નીચી સપાટીએ આવી ગઈ હતી અને વ્યાજદર વધારાની અપેક્ષાઓ પણ ઘટી ગઇ હતી.

મલ્હોત્રાએ સ્પષ્ટ કર્યું હતું કે અમેરિકા-ઈરાન વચ્ચેનો યુદ્ધવિરામ કરાર હજુ નાજુક છે અને ક્રૂડ ઓઇલ પુરવઠો સંપૂર્ણપણે સામાન્ય થવામાં સમય લાગી શકે છે. મધ્ય પૂર્વના સંઘર્ષો અચાનક ફરી ગંભીર સ્વરૂપ ધારણ કરી શકે છે અને જો ક્રૂડ ઓઇલ પુરવઠામાં ફરી ખલેલ પડે તો ભાવોમાં ફરી ઉછાળો આવી શકે છે. પાછલા સપ્તાહે ઉક્ત બંને દેશ વચ્ચે ફરી ઝરેલી મિસાઇલ ચકમક, તેમનો અંદાજ કેટલો સાચો છે એ પુરવાર કરે છે. આરબીઆઇ હજુ પણ ડેટા આધારિત અભિગમ અપનાવી રહી છે. ભવિષ્ય વિશે અનુમાન લગાવીને નહીં, પરંતુ વાસ્તવિક આર્થિક આંકડાઓના આધારે નીતિ નક્કી કરવાની આરબીઆઇની રણનીતિ છે. આ અભિગમ હાલની અનિશ્ચિત પરિસ્થિતિમાં યથાયોગ્ય જણાય છે.

જૂન મહિનાની નાણાકીય નીતિ સમિતિ (એમપીસી)ની બેઠકની મિનિટ્સ દર્શાવે છે કે નીતિ નિર્માતાઓએ પહેલેથી જ અનુમાન લગાવ્યું હતું કે જો પશ્ચિમ એશિયામાં તણાવ ઘટશે તો ભારતના આર્થિક દૃશ્યમાં ઝડપી સુધારો જોવા મળી શકે છે. આથી ૫.૨૫ ટકા રેપો રેટ યથાવત રાખવાનો નિર્ણય યોગ્ય સાબિત થયો છે. આ દરમિયાન બજારનાં અનુમાનોમાં પણ મોટો ફેરફાર આવ્યો છે. અગાઉ ઘણા અર્થશાસ્ત્રીઓ વર્તમાન નાણાકીય વર્ષમાં વ્યાજદર વધારાની આગાહી કરી રહ્યા હતા, પરંતુ હવે તેમણે પોતાનો અંદાજ બદલ્યો છે. ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ બેંકો પણ મોંઘવારી અંગેના પોતાના અંદાજોમાં ફેરફાર કરી રહી છે.

ક્રૂડ ઓઇલના ભાવોથી મળેલી રાહત વચ્ચે હવે એક નવો પડકાર વરસાદનો છે. ચોમાસું શરૂ તો થયું છે, પરંતુ અમુક પ્રદેશમાં ઘોડાપૂર અને અમુક પ્રદેશ હજું તરસ્યા હોવાના અહેવાલ છે. ભારતના અર્થતંત્રમાં જીડીપીમાં કૃષિ ક્ષેત્રનો હિસ્સો ઘટ્યો હોવા છતાં, તે કરોડો લોકોના જીવનનિર્વાહ સાથે સીધું જોડાયેલું છે. સારો વરસાદ કૃષિ ઉત્પાદન વધારવામાં, ગ્રામ્ય આવકમાં વધારો કરવામાં અને ખાદ્ય મોંઘવારી નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે.

જુલાઇની શરૂઆતથી ધમાકેદાર વરસાદ શરૂ થયો છે, પરંતુ ઉપલબ્ધ આંકડા મુજબ ૨૨ જૂન સુધી દેશમાં કુલ ચોમાસું સામાન્ય કરતાં આશરે ૪૩ ટકા ઓછું રહ્યું હતું. જો વરસાદની અછત યથાવત રહેશે તો તે અર્થતંત્ર માટે આગામી મોટું જોખમ બની શકે છે. ગ્રામ્ય માગમાં ઘટાડો આવી શકે છે અને ખાદ્યપદાર્થોના ભાવ વધી શકે છે. ભારતના મોંઘવારી દરમાં ખાદ્ય મોંઘવારીનું મહત્ત્વનું યોગદાન રહે છે. તેથી, ભલે ઇંધણના ભાવ સ્થિર રહે, ખાદ્યપદાર્થોના ભાવમાં વધારો આરબીઆઇ માટે ચિંતાનો વિષય બની શકે છે.

મલ્હોત્રાએ કહ્યું છે કે દેશ પાસે પૂરતા ખાદ્ય અનાજના જથ્થા ઉપલબ્ધ છે, જેના કારણે તાત્કાલિક પુરવઠાની સમસ્યાનો સામનો કરી શકાય છે. હાલમાં એક સકારાત્મક બાબત એ છે કે ભારતનો ગ્રાહક ભાવ સૂચકાંક (સીપીઆઇ) આરબીઆઇના ચાર ટકા લક્ષ્યાંકથી નીચે છે. આ પરિસ્થિતિ આરબીઆઇને નીતિગત સ્થિતિસ્થાપકતા આપે છે. વિશ્વના ઘણા દેશો હજુ પણ ઊંચી મોંઘવારી સામે લડી રહ્યા છે, જ્યારે ભારત તુલનાત્મક રીતે અનુકૂળ સ્થિતિમાં છે.

આ પરિસ્થિતિ આરબીઆઇને માત્ર મોંઘવારી નિયંત્રણ જ નહીં, પરંતુ આર્થિક વૃદ્ધિ અને નાણાકીય સ્થિરતા પર પણ ધ્યાન કેન્દ્રિત કરવાની તક આપે છે. ક્રૂડ ઓઇલના ભાવ, હવામાનમાં ફેરફાર, વૈશ્વિક ભૂરાજકીય સંઘર્ષો અને રૂપિયાના વિનિમય દર જેવાં પરિબળો ભવિષ્યમાં ફરી દબાણ ઊભું કરી શકે છે. થોડા સમય પહેલાં રૂપિયો ડૉલર સામે રેકોર્ડ નીચી સપાટીએ પહોંચ્યો હતો. નબળો રૂપિયા એક તરફ નિકાસકારોને ફાયદો કરાવે છે, પરંતુ બીજી તરફ આયાત મોંઘી બનાવે છે અને ખાસ કરીને તેલ આયાતના બિલમાં વધારો કરે છે.

આરબીઆઇએ સ્પષ્ટ કર્યું છે કે તે કોઈ ચોક્કસ વિનિમય દરનો લક્ષ્ય ધરાવતી નથી. કેન્દ્રીય બેંકનું મુખ્ય લક્ષ્ય બજારમાં અતિશય અસ્થિરતા અટકાવવાનું અને વિનિમય દરમાં વ્યવસ્થિત હલનચલન જાળવવાનું છે. જૂન મહિનાની નીતિ બેઠકમાં આરબીઆઇએ રૂપિયાને મજબૂત કરવા માટે અનેક પગલાં જાહેર કર્યાં હતાં. બેંકોને વિદેશી ચલણમાં થાપણ એકત્ર કરવાની મંજૂરી, વિદેશી રોકાણ માટેના નિયમોમાં રાહત અને કર પ્રોત્સાહનો જેવાં પગલાંઓએ રૂપિયાને ટેકો આપ્યો છે.

ભારતની વૈશ્વિક નાણાકીય બજારોમાં વધતી ભાગીદારી પણ સકારાત્મક સંકેત છે. ગયા વર્ષે ભારતીય સરકારી બોન્ડ્સનો સમાવેશ વૈશ્વિક ઊભરતા બજારના બોન્ડ ઇન્ડેક્સમાં થયો હતો. જો ભારતનો સમાવેશ બ્લૂમબર્ગ એગ્રીગેટ બોન્ડ ઇન્ડેક્સમાં થાય તો વિદેશી મૂડીપ્રવાહમાં નોંધપાત્ર વધારો થઈ શકે છે. તેનાથી માત્ર રોકાણ જ નહીં પરંતુ ભારતીય બોન્ડ બજારની ઊંડાઈ અને વિશ્વસનીયતા પણ વધશે.

પાછલા કેટલાંક વર્ષોમાં ભારતે પોતાના મેક્રો આર્થિક પાયાને મજબૂત બનાવવામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. વિદેશી મુદ્રા ભંડાર મજબૂત છે, બેંકિંગ ક્ષેત્રની સ્થિતિ સુધરી છે અને રાજકોષીય શિસ્ત જાળવવાના પ્રયાસો ચાલુ છે. તેમ છતાં જોખમો હજુ સમાપ્ત થયાં નથી. મધ્ય પૂર્વમાં ફરી તણાવ વધે તો ક્રૂડ ઓઇલના ભાવોમાં ઉછાળો આવી શકે છે. વૈશ્વિક અર્થતંત્ર ધીમું પડે તો ભારતની નિકાસ અને રોકાણ પ્રવાહો પર અસર પડી શકે છે.

આરબીઆઇનો સંદેશ સ્પષ્ટ છે, આગામી નિર્ણયો મોંઘવારી, વૃદ્ધિ, ક્રૂડ ઓઇલના ભાવ, ચોમાસાની સ્થિતિ અને વૈશ્વિક પરિસ્થિતિઓના આધારે લેવામાં આવશે. હાલ માટે વ્યાજદર સ્થિર છે, પરંતુ મૂળ મુદ્દો માત્ર વ્યાજદરનો નથી. મુદ્દો એ છે કે આરબીઆઇ વિશ્વભરના અનિશ્ચિત વાતાવરણ વચ્ચે ભારતના અર્થતંત્રને સ્થિરતા, વૃદ્ધિ અને વિશ્વાસ સાથે આગળ વધારવાનો પ્રયાસ કરી રહી છે. ગવર્નર મલ્હોત્રાના શબ્દોમાં કહીએ તો, પડકારો ભલે અનેક હોય, પરંતુ ભારત તેમને પહોંચી વળવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. ■

---

feedback@bombaysamachar.com

પ્રાસંગિક

અમૂલ દવે

### વેનેઝુએલાની ડબલ ટ્રબલઃ

## સત્તાપલટાની સમાંતરે ભયાનક ભૂકંપ



વેનેઝુએલા હાલમાં તેના ઇતિહાસના સૌથી અભૂતપૂર્વ અને હૃદયદ્રાવક સમયગાળામાંથી પસાર થઈ રહ્યું છે, જ્યાં રાજકીય સત્તાના પલટા અને કુદરતના પ્રકોપે એકસાથે દેશની કસોટી કરી છે. વર્ષ ૨૦૨૬ની શરૂઆતમાં જાન્યુઆરી મહિનામાં અમેરિકી સેનાની એક મોટી કાર્યવાહી દરમિયાન ભૂતપૂર્વ પ્રમુખ નિકોલસ માદુરોની ધરપકડ કરવામાં આવી હતી અને તેમને તેમની પત્ની સાથે અમેરિકા લઈ જવામાં આવ્યા હતા. આ નાટકીય ઘટનાક્રમ પછી દેશની બાગડોર ડેલ્સી રોડરિગ્ઝના હાથમાં આવી અને તે અંતરિમ પ્રમુખ તરીકે સત્તા સંભાળી રહ્યાં છે. વેનેઝુએલા હજી તો આ મોટા રાજકીય ફેરફાર અને નવી વ્યવસ્થા સાથે તાલમેલ મિલાવવાનો પ્રયાસ કરી રહ્યું હતું ત્યાં જ જૂન મહિનાના અંતમાં આવેલી એક અણધારી કુદરતી આફતે સમગ્ર દેશને હચમચાવી મૂક્યો. ૨૪ જૂનના રોજ માત્ર ૩૯ સેકન્ડના ગાળામાં આવેલા ૭.૨ અને ૭.૫ ની તીવ્રતાના બે વિનાશક ભૂકંપે દેશના મોટા હિસ્સાને કાટમાળમાં ફેરવી દીધો. આ આંચકા એટલા શક્તિશાળી હતા કે તેણે વેનેઝુએલાના આધુનિક ઇતિહાસની સૌથી મોટી કુદરતી તબાહીનું સર્જન કર્યું છે.

આ કુદરતી આફતની ભયાનકતાનો અંદાજ સત્તાવાર આંકડાઓ પરથી લગાવી શકાય છે, જે મુજબ મૃત્યુઆંક ૨,૯૫૪ સુધી પહોંચી ગયો છે. જો કે, જમીની હકીકત અને અનધિકૃત અહેવાલો સૂચવે છે કે આ સંખ્યા ઘણી વધારે હોઈ શકે છે, પરંતુ સરકારી સ્તરે હાલમાં મૃત્યુઆંક આશરે ત્રણ હજારની આસપાસ રાખવામાં આવ્યો છે. હજારો લોકો આ દુર્ઘટનામાં ગંભીર રીતે ઘાયલ થયા છે અને અસંખ્ય લોકો હજી પણ ગુમ છે, જેમના પરિવારજનો કાટમાળ વચ્ચે આશા અને નિરાશાની લડાઈ લડી રહ્યા છે. દરિયાકાંઠાના સુંદર વિસ્તાર લા ગુઆરા અને તેની આસપાસના પ્રાંતો આ ભૂકંપનું મુખ્ય કેન્દ્ર બન્યા હતા, જ્યાં સેંકડો બહુમાળી ઇમારતો અને મકાનો પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગયા છે. હૉસ્પિટલો પોતાની ક્ષમતા કરતાં વધુ દર્દીઓથી ઉભરાઈ રહી છે, મુખ્ય રસ્તાઓમાં મોટી તિરાડો પડી ગઈ છે અને વીજળી તેમ જ સંદેશાવ્યવહારનું માળખું સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. આ આફતે હજારો લોકોને એક જ ઝાટકે બેઘર કરી દીધા છે અને ૧૫,૦૦૦થી વધુ લોકો હજુ પણ ખુલ્લા આકાશ નીચે અથવા અસ્થાયી તંબુઓમાં દિવસો વિતાવી રહ્યા છે. આ પરિસ્થિતિને વધુ ગંભીર બનાવવાનું કામ સતત આવી રહેલા ૯૦૦થી વધુ આફ્ટરશોક્સે કર્યું છે, જેના કારણે બચેલા લોકોના મનમાં સતત ભયનો માહોલ બનેલો છે.

ભૂકંપ આવ્યા બાદના પ્રથમ ૭૨ કલાક વિજ્ઞાન અને બચાવ કામગીરીની દ્રષ્ટિએ અત્યંત મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે, જેને 'ગોલ્ડન અવર્સ' કહે છે. આ સમય દરમિયાન સ્થાનિક પ્રશાસન અને સૈન્યએ તીવ્ર ગતિએ કાટમાળ હટાવવાનું અને લોકોને જીવતા બહાર કાઢવાનું કામ કર્યું. હવે આ મહત્ત્વપૂર્ણ સમયગાળો વીતી ગયો હોવાથી કાટમાળ નીચેથી કોઈના જીવતા મળવાની સંભાવનાઓ નહિવત થઈ ગઈ છે. આ જ કારણે આંતરરાષ્ટ્રીય સ્તરેથી આવેલી વિશેષ સર્ચ એન્ડ રેસ્ક્યુ ટીમોએ હવે પોતાનું કામ સમેટીને રાહત સામગ્રીની વહેંચણી પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આ વૈશ્વિક સંકટના સમયે દુનિયાભરના દેશોએ વેનેઝુએલા તરફ મદદનો હાથ લંબાવ્યો છે, જેમાં યુનાઇટેડ સ્ટેટ્સ સૌથી મોટો સહયોગી બનીને સામે આવ્યું છે. અમેરિકાએ પોતાની અત્યાધુનિક શોધખોળ ટીમો અને ભારે સાધનો મોકલવાની સાથે સાથે ૧૫૦ મિલિયન ડૉલરની માનવીય સહાયની જાહેરાત કરી છે, અને તેની અનેક ટીમ હજુ પણ અંતરિયાળ વિસ્તારોમાં કાર્યરત છે.

અમેરિકા ઉપરાંત લેટિન અમેરિકન પડોશી દેશો જેવા કે બ્રાઝિલ, મેક્સિકો, કોલંબિયા અને ઉરુગ્વેએ પ્રાદેશિક એકતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ દેશોએ ખાસ વિમાનો દ્વારા ટનબંધ ખોરાક, જીવનરક્ષક તબીબી સામગ્રી, પીવાનું શુદ્ધ પાણી અને અસ્થાયી આશ્રય માટે તંબુઓ વેનેઝુએલા પહોંચાડ્યા છે. બીજી તરફ યુરોપીયન યુનિયને પણ મિલિયનો ડૉલરનું આર્થિક પેકેજ જાહેર કરવાની સાથે સેંકડો કુશળ રેસ્ક્યૂ કાર્યકર્તાઓની ફોજ મેદાનમાં ઉતારી છે. એશિયા અને યુરેશિયા ક્ષેત્રમાંથી ચીન, ભારત, જાપાન અને તુર્કી જેવા દેશોએ તબીબી નિષ્ણાતોની ટીમો, દવાઓ અને આપત્તિ વ્યવસ્થાપનની સામગ્રી મોકલીને આ માનવીય કાર્યમાં મોટો હિસ્સો નોંધાવ્યો છે. યુનાઇટેડ નેશન્સ અને ઇન્ટરનેશનલ રેડ ક્રોસ જેવી વૈશ્વિક સંસ્થાઓએ આ સમગ્ર રાહત કામગીરીના સંકલનનું મુખ્ય કેન્દ્ર સંભાળ્યું છે. હાલની સ્થિતિએ ૩,૦૦૦થી વધુ આંતરરાષ્ટ્રીય સહાયક કર્મચારીઓ અને વેનેઝુએલાના હજારો સ્થાનિક સ્વયંસેવકો રાત-દિવસ જોયા વગર પીડિતોની સેવામાં પરોવાયેલા છે, જેમાં વેનેઝુએલાની સેના પણ ખભેખભો મિલાવીને કામ કરી રહી છે.

જો કે, પડકારો હજી પૂરા થયા નથી. દેશના કેટલાક અંદરના અને પછાત વિસ્તારોમાં હજુ પણ પૂરતા પ્રમાણમાં અનાજ, શુદ્ધ પીવાનું પાણી અને પ્રાથમિક તબીબી સુવિધાઓ પહોંચાડવી એક મોટો પડકાર છે. ગંદકી અને પાણીના ભરાવાને કારણે અસરગ્રસ્ત વિસ્તારોમાં રોગચાળો ફાટી નીકળવાનો મોટો ભય સેવાઈ રહ્યો છે, જે પ્રશાસન માટે નવી ચિંતાનો વિષય છે. યુનાઇટેડ નેશન્સ દ્વારા કરવામાં આવેલા પ્રારંભિક મૂલ્યાંકન અનુસાર, આ ભૂકંપના કારણે વેનેઝુએલાના માળખાકીય તંત્રને આશરે ૩૭ બિલિયન ડૉલર જેટલું જંગી આર્થિક નુકસાન થયું છે. આથી જ, હવે દેશની પ્રાથમિકતા બચાવ કાર્યમાંથી બદલાઈને લાંબા ગાળાના પુનઃનિર્માણ તરફ વળી રહી છે, જેમાં તૂટી ગયેલા ઘરોનું નવેસરથી બાંધકામ, રસ્તાઓ અને ધરાશાયી થયેલી હૉસ્પિટલોનું સમારકામ તેમ જ અર્થતંત્રને ફરી બેઠું કરવા માટે અવિરત વૈશ્વિક નાણાકીય સહાયની જરૂર પડશે.

નિકોલસ માદુરોની વિદાય પછી વેનેઝુએલા એક મોટા વૈશ્વિક આર્થિક અને રાજકીય પરિવર્તનના ઉંબરે ઊભું હતું. નવી સરકારે પોતાના તેલ ઉદ્યોગમાં વિદેશી રોકાણકારોને આકર્ષવા અને વર્ષોથી ચાલી આવતી આર્થિક મંદીમાંથી બહાર નીકળવા માટે કેટલાક સાહસિક સુધારાઓની શરૂઆત કરી દીધી હતી. જો કે આ ભૂકંપે તે આર્થિક સુધારાની ગતિને અસ્થાયી રૂપે ધીમી પાડી દીધી છે અને દેશનું ધ્યાન અત્યારે સંકટ વ્યવસ્થાપન તરફ કેન્દ્રિત થઈ ગયું છે, તેમ છતાં વૈશ્વિક સમુદાય તરફથી મળી રહેલા વ્યાપક સમર્થનને જોતા એવી આશા જાગી છે કે વેનેઝુએલા આ મુશ્કેલ પરિસ્થિતિમાંથી વધુ મજબૂતાઈથી બહાર આવી શકશે.

આ કુદરતી આપત્તિ ભલે વેનેઝુએલા માટે અતિશય પીડા અને નુકસાન લઈને આવી હોય, પરંતુ તે આ દક્ષિણ અમેરિકી દેશ માટે એક નવી અને આધુનિક શરૂઆત કરવાની અભૂતપૂર્વ તક પણ પૂરી પાડે છે. આંતરરાષ્ટ્રીય સમુદાયે માત્ર તાત્કાલિક રાહત જ નહીં, પરંતુ લાંબા ગાળાના સહયોગ અને પુનઃનિર્માણ માટે પણ વચનો આપ્યા છે, જે દેશના આંતરમાળખાને વધુ મજબૂત અને ભૂકંપ પ્રતિરોધક બનાવવામાં મદદરૂપ સાબિત થશે. હાલમાં દેશ એક તરફ રાહત છાવણીઓનું સંચાલન કરી રહ્યો છે તો બીજી તરફ આર્થિક સ્થિરતા જાળવી રાખવાના ભગીરથ પ્રયાસો કરી રહ્યો છે. વેનેઝુએલાના લોકોની અતૂટ સહનશીલતા, અડગ મનોબળ અને વૈશ્વિક સમુદાયની માનવીય એકતાના બળે આ દેશ ટૂંક સમયમાં જ આ સંકટના કાળા ડિબાંગ વાદળોને ચીરીને પ્રગતિના નવા પંથે અગ્રેસર થશે તેમાં કોઈ શંકા નથી. ■

---

આ તો સ્કેમ છે...

સ્કેમ છે..!

feedback@bombaysamachar.com

પ્રફુલ શાહ

## તેલગીએ એક રાતે ડાન્સ બારમાં લાખો રૂપિયા ઉડાડ્યા હતા?

માનવું જ પડે કે અબ્દુલ કરીમ તેલગી પાસે સપનું, મહત્ત્વાકાંક્ષા, કુનેહ અને આયોજન-શક્તિ ભારોભાર હતા. કમનસીબે એ બધાનો ઉપયોગ ખોટી જગ્યાએ અને ગેરકાયદે પ્રવૃત્તિમાં થયો.

વિચાર કરો કે આ તેલગીએ માત્ર બે-પાંચ હજાર નકલી સ્ટેમ્પ પેપર જ બનાવીને વેચ્યાનો સંતોષ નહોતો માન્યો. તેણે ૩૦૦ માણસોને એજન્ટ તરીકે કામે લગાડ્યા હતા. આ બધા એજન્ટ બેંકો, વીમા કંપનીઓ અને શેર દલાલી સંસ્થાઓ સહિતના મોટા ખરીદદારોને આ 'તેલગી બ્રાંડ' નકલી સ્ટેમ્પ પેપર વેચતા હતા.

તેલગીએ પોતાની આ ગેરકાયદે કામગીરી માત્ર મુંબઈ, મહારાષ્ટ્ર કે કર્ણાટક પૂરતી સીમિત ન રાખી. સરકારી સ્ટેમ્પ પેપર જેવી જ પ્રિન્ટિંગ અને વિતરણ વ્યવસ્થા ઊભી કરીને દેશના અનેક રાજ્યોમાં નકલી સ્ટેમ્પ પેપર વેચવામાં આવ્યા હતા. આ માટે તેણે સરકાર દ્વારા કરાયેલી હરાજીમાં જૂના પ્રિન્ટિંગ મશીનો અને કેટલાક કાયદેસર પરવાના પણ મેળવ્યા હતા. આને પ્રતાપે તેના નકલી સ્ટેમ્પ પેપર એટલા બધા અસલી જેવા લાગતા હતા કે કોઈને લેશમાત્ર શંકા ન ગઇ.



અબ્દુલ કરીમ તેલગી

અલબત્ત, અંદાજે ₹૨૦૦ અબજ (ચોક્કસ રકમની કોઇને ખબર નથી) જેટલું તોતિંગ કૌભાંડ ચલાવવા માટે મોટા માથાના સાથ, સહકાર, આશીર્વાદ અને આંખ મિચામણા વગર ન જ ચાલે. અને તેણે રાજકીય નેતાઓ, પોલીસ અમલદારો, સરકારી અધિકારીઓ અને નીચેના કર્મચારીઓને બરાબર સાધી લીધા હતા. કેવી રીતે આ સંડોવણી શક્ય બની એ કહેવાની જરૂર લાગતી નથી.

સતત, બેફામ અને ઢગલાબંધ રૂપિયા આવવાથી સ્વાભાવિકપણે તેલગી સદંતર બદલાઇ ગયો. રાતોરાત જીવનશૈલી એકદમ વૈભવી બની ગઇ. અનેક મોંઘી કારો, ફ્લેટ્સ અને સંપત્તિઓનો માલિક બની ગયો. માત્ર પાર્ટીઓ અને મહેફિલો પાછળ જ કરોડો રૂપિયા ખર્ચાતા હોવાની પણ ચર્ચાઓ શરૂ થઇ ગઇ હતી.

તેલગી વિશેના એક દાવાએ સૌને સ્તબ્ધ કરી મૂક્યા હતા. સમર્થનવિહોણા મીડિયા રીપોર્ટસ મુજબ તેણે મુંબઈની બારબાળાઓ પર કરોડો રૂપિયા ઉડાડ્યા હતા. જોકે, આ આંકડા મીડિયા અહેવાલો પર આધારિત છે અને તમામ વિગતો સત્તાવાર રીતે સાબિત થયેલી નથી. તેલગી નિયમિત રીતે મુંબઈના અનેક ડાન્સ બારમાં જતો હતો અને નોટોના બંડલો ઉડાડતો હતો એવું પછીથી પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું. પોલીસે કેટલાક બાર માલિકો, કર્મચારીઓ અને બારબાળાઓનાં નિવેદનો પણ નોંધ્યા હતા.


અબ્દુલ કરીમ તેલગી વિશેની એક સૌથી વધુ ચર્ચિત વિગતો મુજબ તેણે વર્ષ ૨૦૦૧માં મુંબઈના એક જ ડાન્સ બારમાં એક જ રાતે અંદાજે ₹૯૩ લાખ ઉડાડ્યા હતા. નોંધનીય છે કે ₹૯૩ લાખ એક જ રાત્રે ઉડાડવાનો દાવો ભારતીય અંડરવર્લ્ડ અને આર્થિક ગુનાના ઇતિહાસમાં સૌથી ચર્ચિત ઘટનાઓમાંનો એક છે. કહેવાય છે કે તેણે બારબાળાઓ પાછળ કુલ ₹૨૦ કરોડથી વધુ ફૂંકી નાખ્યા હતા. ફરી કહેવું પડે કે આ આંકડાને સત્તાવાર પુષ્ટિ મળી નહોતી પણ એ સમજી શકાય તેમ છે. અરે એ સમયની જાણીતી બારબાળા તરન્નુમ ખાન સાથે તેનું નામ ખૂબ ચગ્યું હતું. આ સાંભળી-વાંચીને ભલભલા પીઢ બે નંબરિયાઓની આંખ પણ છાલિયા જેટલી પહોળી થઇ ગઇ હતી. (ક્રમશઃ)■

# હરિશંકર પરસાઈની હાસ્યમસ્તી

નવી કૉલમ

# ત્રણ હાસ્યકથા

સંજય છેલ
feedback@bombaysamachar.com



હરિશંકર પરસાઇ (૧૯૨૪-૧૯૯૫) હિંદીના જ નહીં, પણ ભારતીય સાહિત્યના મહાન હાસ્યવ્યંગકાર હતા. 'સદાચાર કા તાવીજ', 'જૈસે ઉન કે દિન ફિરે', 'હંસતે હૈં રોતે હૈં', 'રાની નાગફની કી કહાની' (વ્યંગનોવલ) જેવી મજેદાર કૃતિઓ લખી છે. ૧૯૮૨માં 'વિકલાંગ શ્રદ્ધા કા દૌર' માટે એમને 'સાહિત્ય અકાદમી'નું પારિતોષિક એનાયત થયેલું. સત્તા, સમાજ કે સાહિત્યજગતના દંભ પર પરસાઇજીએ હાસ્યવ્યંગના સતત ચાબખાઓ મારેલા, જે આજેય આપણને હસાવી શકે છે તો ક્યારેક હચમચાવીયે દે છે. પેશ છે સંજય છેલ દ્વાર એમની કૃતિઓની ગુજરાતી ભાવાનુવાદ શ્રેણી...

## દંડ

રાજ્યમાં એક કલાકારે કોઇ બહુ મોટો ગુનો કર્યો. એને રાજાની સામે હાજર કરવામાં આવ્યો.

રાજાએ મંત્રીને પૂછ્યું, 'આને ત્રણ વરસની સજા આપી દઇએ?'

મંત્રીએ કહ્યું, 'અપરાધ ખૂબ જઘન્ય છે, ત્રણ વરસ બહુ ઓછાં કહેવાય!'

'તો ૧૦ વરસની સજા આપીએ.'

'દસ વરસ પણ બહુ ઓછાં છે!' મંત્રીએ કહ્યું

'તો આજીવન કારાવાસની સજા ફરમાવીએ?'

'ના ના, એ પણ બહુ ઓછી સજા કહેવાય!'

'તો ફાંસી જ આપી દઇએ?' રાજાએ કંટાળીને પૂછ્યું.

'ના ના, ફાંસી પણ બહુ મામૂલી સજા ગણાય!' મંત્રીએ દૃઢતાથી કહ્યું.

ત્યારે રાજાએ ભડકીને કહ્યું, 'અરે, ફાંસીથી વધુ સજા શું હોઇ શકે? તમે જ કહો!'

મંત્રીએ કહ્યું, 'છે એક સજા! આને ક્યાંક આરામથી બેસાડીને એની સામે બીજા કલાકારના ખૂબ વખાણ કરવાના!'

## આઝાદીનું ઘાસ

અમે ત્રણ મિત્ર ભણતા હતા ત્યારે ૧૯૪૨નું 'અંગ્રેજો ભારત છોડો' આંદોલન શરૂ થયું. નેતાએ અમને લલકાર્યા અને નારાબાજી શીખવતાઃ ગુલામીનાં ઘી, કરતાં આઝાદીનું ઘાસ સારું. અમે પણ ઉત્સાહમાં આવી ગયા. આંદોલનમાં જોરશોરથી ભાગ લીધો. જેલમાં પણ ગયા. નેતાનો એક જ નારો હતોઃ ગુલામીના ઘી કરતાં આઝાદીનું ઘાસ સારું. જેલમાંથી છૂટ્યા. ભણતર પૂરું કર્યું. પછી દેશ આઝાદ થયો. અમે ડિગ્રીઓ મેળવી ને શહેરમાં નોકરી માટે ધક્કા ખાવા લાગ્યા.

હવે અમારા નેતા મોટા મંત્રી બની ગયા હતા. એક દિવસ અમે તેમના બંગલાની સામેથી પસાર થઈ રહ્યા હતા. જોયું તો બંગલાના આંગણામાં સરસ લીલ્લુંછમ્મ ઘાસ પવનમાં લહેરાઈ રહ્યું હતું. દેશી ને વિદેશી જાતનું ઉત્તમ ઘાસ! અમારું મન લલચાઈ ગયું. અમને થયું કે 'આઝાદીનું ઘાસ' ખરેખર કેટલું સરસ હોય છે!

અમે બંગલામાં ઘૂસી ગયા. નેતાશ્રીને યાદ અપાવ્યું કે અમે એમના જ નેતૃત્વમાં આઝાદીની લડાઈ લડી હતી. અમે પણ નારા લગાવ્યા હતાઃ ગુલામીના ઘી કરતાં આઝાદીનું ઘાસ સારું.

મંત્રીશ્રીએ કહ્યું, 'હા, હશે હશે. પણ તમે અંદર કઇ રીતે આવ્યા? કામ શું છે?'

અમે કહ્યું, તમારા આંગણામાં આઝાદીનું કેટલું સરસ ઘાસ ઊગ્યું છે. અમને એમાંથી થોડું ખાવા આપોને.

'સોરી, તમને એ ઘાસ નહીં મળે. એ તો મારા પાળેલા ગધેડાઓને ખવડાવવા માટે છે.' મંત્રીશ્રીએ કહ્યું.

## અમરત્વ

એક સામાન્ય લેખક, મોડી રાતે 'અબૂ બિન આદમ'ની એક વાર્તા વાંચતા વાંચતા સૂઇ ગયો કે- એક રાત્રે, આદમના બેટા અબૂના કમરામાં એકદમ તીવ્ર પ્રકાશ થયો અને એક ફરિશ્તો પ્રગટ થયો. એના હાથમાં એક હિસાબની લાંબી ચોપડી હતી. ફરિશ્તાએ અબૂને કહ્યુંઃ 'હું એ લોકોના નામ લખી રહ્યો છું, જે ઈશ્વરને પ્રેમ કરે છે.'

અબૂ બિન આદમે કહ્યું, 'મારું નામ એ લોકોની યાદીમાં લખી નાખો જે ઇશ્વરને નહીં પણ આસપાસનાં માણસોને પ્રેમ કરે છે.'

આ સાંભળતા જ ફરિશ્તો અદૃશ્ય થઇ ગયો. બીજે દિવસે અબૂ ફરી ત્યાં આવ્યો ત્યારે એણે જોયું કે ઈશ્વરને ચાહનારઓની યાદીમાં, એનું નામ સૌથી ઉપર છે!

એવામાં આટલી વાર્તા પછી અડધી રાતે પેલા લેખકની ઊંઘ ઉડી ગઇ!

પાણી પીને લેખકે આસપાસ જોયું કે એનો ઓરડો પણ તીવ્ર પ્રકાશથી ઝળાહળાં થઇ ગયો છે. એણે આંખો ચોળી તો સામે એને પણ એક ફરિશ્તો દેખાયો- શ્વેત વસ્ત્ર, શ્વેત દાઢી અને વાળ, ચહેરાની આસપાસ સ્વર્ગીય આભા!

લેખકે પૂછ્યું, 'હે દિવ્ય પુરુષ! આપ કોણ છો ને અહીં શા કારણે પધાર્યા છો?'

ફરિશ્તો બોલ્યો, 'વત્સ, હું સાહિત્યનો ઇતિહાસ છું ને તમારા જેવી પ્રતિભાઓને અમર કરવા નીકળ્યો છું!'

લેખક ખૂબ ખુશ થયો. હાથ જોડીને કહેવા લાગ્યો, 'હે દેવ, હું પણ સાહિત્યનો સેવક છું. શું તમે મને અમર કરી શકો એમ છો?'

ફરિશ્તાએ ફરી એક નિર્મળ સ્મિત સાથે કહ્યું, 'અરે ગાંડા. એટલા માટે તો હું અહીં આવ્યો છું!'

એણે પોતાના હાથમાંની હિસાબના વહીખાતાની પોથી લેખક સામે મૂકીને કહ્યું, 'જો,આમાં એ લોકોના નામ નોંધી રહ્યો છું જે સાહિત્યમાં અમર થવા માંગે છે. તું પણ તારું નામ એમાં લખી નાખ.'

લેખક પેલા વહીખાતામાં લખેલાં નામોને વાંચવા માંડ્યો. વાંચતા વાંચતા એ ચોંક્યો. પછી એના ચહેરા પર વિષાદ છવાઇ ગયો અને પછી ઘૃણા જન્મી અને પછી રોષ કે ગુસ્સો...

આ બાજુ ફરિશ્તાએ પેન્સિલ આપતાં કહ્યું, 'આ લે પેન્સિલ, ચાલ તારું નામ ઉમેરી દે અમર લેખકોની યાદીમાં.'

લેખકે એ ફરિશ્તાને પૂછ્યું, 'પેન્સિલ છોડો. તમારી પાસે રબર છે?'

ફરિશ્તાએ કહ્યું, 'છે, રબર પણ છે. પણ નિયમ એવો છે કે તમે પેન્સિલ કે રબર બેમાંથી કોઇ એક જ ચીજ

વાપરી શકો.'


લેખકે જરાયે મુંઝાયા વિના તરત જ કહ્યું, 'તો ભલે, મને રબર જ આપો. પેન્સિસલ નથી જોઇતી.'

ફરિશ્તાએ રબર આપી દીધું. પેલા લેખકે એ યાદીમાંથી ત્રણ-ચાર લેખકોના નામ ભૂંસી નાખ્યાં!

ફરિશ્તો અદૃશ્ય થઇ ગયો ને પછી લેખક ખૂબ શાંતિથી સૂઈ ગયો.

બીજે દિવસે ફરીથી અડધી રાતે પેલો ફરિશ્તો આવ્યો અને હિસાબના વહીખાતાવાળી ચોપડી લેખકની સામે મૂકી.


લેખકે જોયું કે એનું નામ તો એક 'યુગ-પ્રવર્તક મહાન લેખક' તરીકે એ યાદીમાં લખાયેલું છે! એ તો ખૂબ ખુશ થઇ ગયો. પછી અચાનક ફરિશ્તાએ પોતાની નકલી દાઢી-મૂછ ઉતારી નાખી. લેખકે એને ઓળખી કાઢ્યો કે એ ફરિશ્તો તો સ્થાનિક જુનિયર કોલેજનો કોઈ મામૂલી હિંદી પ્રોફેસર




# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

## તેલ અવીવની મોંઘવારી તેલ કાઢી નાખે



મુંબઈ માટે કહેવાય છે કે 'રોટલો મળી જાય પણ ઓટલો ન મળે.' સારા કે તગડા પગારની નોકરી તો ટેલન્ટ હોય તો મળી જાય, પણ રહેવા માટેની જગ્યા મેળવવા ટેલન્ટ નહીં તગડું બૅન્ક બૅલેન્સ જોઈએ. એમાં પાછો કયો વિસ્તાર એ પણ મહત્ત્વનું છે. વાલકેશ્વર- નેપિયન સી રોડ પર લીધેલી જગ્યા અને દૈનિક જીવનના ખર્ચનો હિસાબ કાંદિવલી - બોરીવલી કરતાં ઘણો વધારે હોય છે. એ જ રીતે વસઈ - વિરારનો હિસાબ કાંદિવલી - બોરીવલી કરતાં ઓછો હોય છે. તેમ છતાં વિશ્વનાં મોંઘાં શહેરોની સરખામણીમાં મુંબઈ સોંઘું લાગી શકે છે. રહેણીકરણી માટે વિશ્વના સૌથી ખર્ચાળ શહેરની જાણકારી અનુસાર ઇઝરાયેલનું પાટનગર તેલ અવીવ સૌથી મોંઘુંદાટ શહેર છે. સર્વે અનુસાર તેલ અવીવમાં રહેવા માટે ટુ બીએચકે ફ્લૅટ માટે એક મહિનાના પાંચથી છ હજાર શેકલ (શેકલ ઇઝરાયેલનું ચલણ છે અને તાજેતરનો એક શેકલનો વિનિમય દર ૩૧.૪૩ ભારતીય રૂપિયા છે) એટલે કે આશરે ૧,૮૬,૦૦૦ રૂપિયા થાય. વાલકેશ્વરમાં આટલી જગ્યા માટે એક લાખ રૂપિયા ગણી આપવા પડે. આમ મુંબઈની સરખામણીમાં તેલ અવીવ ૮૬% મોંઘું છે. ત્રણ બેડરૂમના ફ્લૅટનું મહિનાનું ભાડું સામાન્યપણે ૧૧,૨૦૦ શેકલ (આશરે ૩,૪૭,૦૦૦ રૂપિયા) હોય છે. રેસ્ટોરાંમાં જમવાની ઇચ્છા થાય કે ફિલ્મ જોવાનો કે એવા બીજા કોઈ શોખ પૂરા કરવા હોય તો આ રકમમાં ઉમેરો કરતા જવાનું. મોંઘું એટલે કેટલું મોંઘું? ગણતા ચક્કર આવી જાય એટલું.

## કોરિયા ક્યાં આવ્યું? છત્તીસગઢમાં... હેં!




શિહોર નામ કાને પડતાં જ ભાવનગર નજીકનું મંદિરો અને કાંસા-પિત્તળનાં વાસણોના ઉદ્યોગ માટે જાણીતું નગર જ યાદ આવે. જોકે, મધ્ય પ્રદેશના લોકો કહેશે કે મંદિરો માટે પ્રખ્યાત સિહોર અમારા રાજ્યમાં પણ છે. એમ તો ઇસ્ટ લંડન સાઉથ આફ્રિકાનું શહેર છે અને બૉમ્બે બીચ યુએસના કૅલિફૉર્નિયામાં છે. નામ પરથી એનું સ્થાન નક્કી કરવામાં ઘણી વાર ગોથા ખાઈ જવાય. સોલ ઑલિમ્પિક્સ તેમ જ ફાસ્ટ ઇન્ટરનેટ માટે નામના ધરાવતા દક્ષિણ કોરિયા અને કિમ જોંગ નામના તાનાશાહના દેશ તરીકે ઓળખાતા ઉત્તર કોરિયા એ બંને એશિયાઈ દેશનાં નામ જરૂર સાંભળ્યાં હશે. હવે જો તમને ખબર પડે કે આપણા દેશના છત્તીસગઢમાં પણ એક કોરિયા છે તો? ચોંકી જવાય ને. અલબત્ત, અહીં જુલ્મી શાસન નથી કે નથી પરમાણુ બૉમ્બ બનાવવાની થતી કોશિશ કે અહીં ઑલિમ્પિક્સનું આયોજન પણ નથી થતું. છત્તીસગઢનો કોરિયા નામનો જિલ્લો પ્રાકૃતિક સૌંદર્ય, ગાઢ જંગલો અને ખનિજ સંપત્તિ માટે ખ્યાતિ ધરાવે છે. એનું નામ કોરિયા કેમ પડ્યું એનો રોચક ઇતિહાસ છે. પ્રાચીનકાળમાં આ વિસ્તાર કોરિયા પઠાર તરીકે જાણીતો હતો અને એની રાજધાનીનું નામ કોરિયાગઢ હતું. એને કારણે સમગ્ર વિસ્તારનું નામ કોરિયા પડી ગયું. બ્રિટિશ શાસનકાળમાં કોરિયા રજવાડું હતું અને સ્વતંત્ર ભારતમાં છત્તીસગઢ રાજ્ય બન્યું ત્યારે કોરિયાને જિલ્લો બનાવી દેવામાં આવ્યો. અહીંના મોટાભાગના લોકો ઉત્તર કોરિયાના કિમ જોંગથી અજાણ છે, પણ દક્ષિણ કોરિયા જેવો વિકાસ કરવાને પ્રાધાન્ય જરૂર આપે છે.

## આ ૨૧મી સદી છે કે ૧૨મી?




૩૬ સંખ્યાના આંકડા ઊલટફેર થઈ ૬૩ થાય તો એનો અર્થ સમજતા અનેક લોકો રાજીના રેડ થઈ જાય. ૩૬ સંખ્યામાં ૩ અને ૬ એકબીજાથી પીઠ ફેરવીને બેઠા છે. બે વ્યક્તિ વચ્ચે અણબનાવ હોય, લેશમાત્ર મનમેળ ન હોય ત્યારે એમની વચ્ચે છત્રીસ (૩૬)નો આંકડો છે એમ કહેવાતું હોય છે.

બીજી તરફ બે વ્યક્તિને એકબીજા સાથે બહુ ફાવતું હોય, એમની વચ્ચે સ્નેહ - મિત્રતા હોય તો એમને ત્રેસઠ (૬૩)નો આંકડો હોવાનું કહેવાય છે. ૬૩ સંખ્યામાં ૬ અને ૩ એકબીજાને જુએ છે -સન્મુખ છે. ૨૦૧૪માં અસ્તિત્વમાં આવ્યા પછી ટેક્નૉલૉજીના પ્રભાવી કેન્દ્ર તરીકે ઊપસી રહેલા તેલંગાણા રાજ્યમાં બનેલી એક એવી ઘટના બહાર આવી છે જે જાણ્યા પછી ૨૧મી સદીના આંકડા ઊલટફેર થઈ આપણે ૧૨મી સદીમાં જીવી રહ્યા છીએ કે શું એવો સવાલ અનેક લોકોને થયો હોય તો એ સ્વાભાવિક કહેવાય.

અલનિન્યો જેવી વૈજ્ઞાનિક પરિસ્થિતિને કારણે આ વર્ષે દેશમાં ચોમાસુ ખેંચાઈ ગયું છે એ જાણીતી વાત છે. અન્ય રાજ્યોની માફક તેલંગાણા પણ વરસાદની કાગડોળે રાહ જોઈ રહ્યું છે. મેઘના આગમન માટે આર્ટિફિશ્યલ રેન કે બીજી કોઈ વૈજ્ઞાનિક પદ્ધતિ વિશે વિચાર કરવાને બદલે રાજ્યના જનગાંવ જિલ્લાનાં ગામડાંઓમાં પારંપરિક 'કપ્પાથલ્લી આટા'નું આયોજન કરવામાં આવ્યું. ચોંકી જવાય એવી વાત એ છે કે વરસાદ સારો થાય એ માટે ગામવાસીઓએ દેડકાઓને હળદરનો લેપ કર્યો, ફૂલથી સજાવટ કરી અને સરઘસ કાઢી 'બરસો રે મેઘા બરસો'ની ધૂનમાં પ્રાર્થના કરી. આ જુલૂસમાં મહિલાઓ તો હતી, કેટલાક યુવાનો પણ હાજર હતા. દેડકાની પૂજા કરવાથી મેઘરાજા મહેરબાન થશે અને સારો વરસાદ વરસશે એવી આશા ગામ લોકોને બંધાઈ છે.

## કેપ વર્દી-સુરિનામઃ છોટા પૅકેટ... બડા ધમાકા



અગિયારમી જૂનના દિવસે 'ફિફા' વર્લ્ડ કપ ફૂટબૉલનો પ્રારંભ થયો ત્યાં સુધી 'કેપ વર્દી' નામના દેશની જાણકારી તો દૂરની વાત રહી આ નામનો દેશ છે એનાથી પણ મોટાભાગના લોકો અજાણ હશે. કોઈએ નામ સાંભળી ટોપીની વરદીની કોઈ વાત છે એવો વિચિત્ર સવાલ પણ કર્યો હોત તો નવાઈ ન લાગી હોત.

સ્પર્ધાના નૉકઆઉટ તબક્કામાં પ્રવેશનારા વસ્તીના હિસાબે સૌથી નાના દેશ (સવા પાંચ લાખ લોકો - માલાડ અને કાંદિવલી કરતાં ઓછા) તરીકે વિશ્વ પ્રસિદ્ધ થયેલા 'કેપ વર્દી' મેળવેલી અનન્ય સિદ્ધિના પગલે લોકો ૧૯૮૮ના સોલ ઑલિમ્પિક્સની સિદ્ધિનું સ્મરણ ખેલકૂદ પ્રેમીઓને થયું છે. એ વખતે સ્વિમિંગ કૉમ્પિટિશનમાં પાંચ મેડલ મેળવી ચૂકેલા મહારથી સ્વિમર મેટ બિયોન્ડીને સેકંડના સોમા ભાગના તફાવતથી પાછળ રાખી ગોલ્ડ મેડલ મેળવનારા સુરિનામના તરવૈયા એન્થની નેસ્ટીની સફળતાને પગલે આ સુરિનામ ક્યાં આવ્યું એવો સવાલ અનેક લોકોએ પૂછ્યો હતો. દક્ષિણ અમેરિકાના આ ખોબા જેવડા દેશની વસ્તી ત્યારે સાડાત્રણ લાખ હતી અને આખા દેશમાં માત્ર ૫૦ મીટરનો એક સ્વિમિંગ પુલ હતો. ૧૯૮૪માં સરિયામ નિષ્ફળતા મળ્યા બાદ નેસ્ટીએ યુએસમાં ટ્રેઇનિંગ લીધી અને સફળતા મેળવી. આ ઐતિહાસિક સિદ્ધિ મેળવ્યા પછી સ્વિમર નૅશનલ હીરો બની ગયો. સરકારે એની તસવીર સિક્કા પર અંકિત કરી અને એની સ્ટૅમ્પ પણ બહાર પાડી. ઑલિમ્પિક્સની સ્વિમિંગ સ્પર્ધામાં ચૅમ્પિયન બનનાર એ પહેલો અશ્વેત વ્યક્તિ હતો. છોટા પૅકેટ-બડા ધમકાનું આ વિશિષ્ટ ઉદાહરણ છે.

## લ્યો કરો વાત

*યુએસ એક વિશાળ દેશ છે જ્યારે ઑસ્ટ્રેલિયા પૃથ્વી પરનું એકમાત્ર સ્થળ છે જે એકલો અટૂલો દેશ હોવા છતાં આખેઆખો ખંડ છે. અચરજ થાય એવી વાત એ છે કે આ બંને દેશના ભૌગોલિક વિસ્તારમાં સામ્ય છે. બંને દેશ ૩૦ લાખ ચોરસ માઇલમાં પથરાયેલા છે, પણ યુએસની વસ્તી છે ૩૪ કરોડ અને ઑસ્ટ્રેલિયાની છે ફક્ત પોણા ત્રણ કરોડ. આટલો મોટો તફાવત કેમ છે? આ સવાલનો સીધોસાદો જવાબ એ છે કે ઑસ્ટ્રેલિયાની ૭૦ ટકા જમીન ઉજ્જડ છે. પરિણામે અહીં માનવ વસાહત વિકસવાને કોઈ અવકાશ જ નથી. હા, આ જમીન ચરાઈ માટે અનુકૂળ હોવાથી ઘાસ ચરતાં પ્રાણીનો ઉછેર સાહજિક છે. એટલે જ ઑસ્ટ્રેલિયામાં માનવ વસ્તી કરતાં ઘેટાની વસ્તી વધારે છે. જી હા, અહીં પોણા ત્રણ કરોડ માણસ સામે છથી સાત કરોડ ઘેટા વસે છે.* ■

feedback@bombaysamachar.com

કચ્છી ચોવક

કિશોર વ્યાસ

# તત્ત્વજ્ઞાનમાં ચંચુપાત

**ગુજરાતીમાં** કહેવત છે કે, 'જેનું ખાય તેનું જખોદે' જેનું અનાજ ખાતા હોઇએ તેની જ બૂરાઇ કરવી. તો, એવા જ અર્થની એક ચોવક છે કચ્છીમાં 'બાઇ બાડી, છાય કે જાડી' કોઇનું ખાઇને તેની સામે ગેરવર્તન કરનાર માટે આ ચોવકમાં 'બાઇ' એટલે કે સ્ત્રી અને 'છાય' એટલે કે 'છાસ'નો પ્રયોગ કરવામાં આવ્યો છે. અહીં કટાક્ષ કે બૂરાઇ 'બાડી' શબ્દ દ્વારા વ્યક્ત થયો છે.

કોઇની શ્રવણ શક્તિ નબળી હોય, એ ઓછું સાંભળે તો આપણે કહેતા હોઇએ છીએં કે આ તો બહેરો છે. કચ્છીમાં કહેવાય છે કે 'સાવ બોડો આય, હવે, બહેરા માણસને પૂછાય કંઇક અને એ જવાબ આપે કંઇક! ત્યારે તેવી વ્યક્તિ માટે એવી ચોવક છે કે, 'બોડા બોડા જવાર ત ચેં કપાસિયાને ગુવાર!'

ઘણા લોકો કામચોર હોય છે. કામ કરવાની ક્ષમતા હોય. આવડત પણ હોય, પણ કામ ન કરવું હોય છતાં વગર કામ કર્યે ખાવા તો બરાબર જોઇએ. ખાવાના સમયની એ રાહ જ જોતા હોય છે. તેવા માણસો માટે ચોવક છે : 'ભગલ મેં ભાની, કે બાઇ માની' આમ તો 'ભાની' નો અર્થ થાય હજામની કોથળી, પણ એ શબ્દ અહીં કટાક્ષ યુક્ત વપરાય છે. 'માની' એટલો રોટલો. ટૂંકમાં 'મને ખાવાનું આપ' એવી માગણી તેને ભૂખ લાગે એટલે એ કરે !


કોઇ કાર્ય તો કર્યું હોય, નિષ્ઠાપૂર્વક કર્યું હોય પણ તેનું પરિણામ શું આવશે તેની કલ્પના ન થઇ શકે ત્યારે ગુજરાતીમાં આપણે જેમ કહીએ છીએં કે, 'આ તો ભરેલું નાળિયેર છે', મતલબ પરિણામનું કંઇ કહી ન શકાય. એ જ રીતે કચ્છીમાં કહેવાય છે કે 'ભર્યો નાઇયર આય!' આવી સ્થિતિમાં કલ્પના જ કરવાની રહે. ખરાબ કલ્પના કે ખોટી - નકારાત્મક કલ્પના શા માટે કરવી ? સરસ ચોવક છે : 'મનના લડૂ, મોરા કેર ખાય?' મતલબ કે કલ્પનામાં જ લાડુ ખાવાના હોય તો, શું કામ મોળા ખાવા! સરસ મજાના મીઠા જ ખાવા! જેમાં ઘી-ગોળ છૂટથી વપરાયા હોય! અર્થાત્ નકારાત્મકતા પૂર્વક નહીં વિચારવાનું કાર્યાર્થ સિદ્ધ થાય તેવા પ્રયાસો કરતા રહેવાના.

પોતાની લાયકાત કરતાં જયારે કંઇ પણ વધારે મળે ત્યારે મોટા ભાગે લોકો છકી જતા હોય છે. ચોવક છે : 'ભૂખેં જી ઘી ભત મેં પિઇ. ઢીંગલા ડિસી ઢરી પિઇ' અર્થ એવો થાય છે કે, ભૂખ્યા લોકોના ભાગનું ઘી જમણવાર (ભત) માં વપરાઇ જાય! અને જમણવાર ઢીંગલાવાળા જ (શ્રીમંત લોકો) કરે!

દરેક બાબતની એક મર્યાદા હોય છે. આપણે કહેતા હોઇએ છીએ કે, મર્યાદામાં બધું શોભે પણ એ વાત કચ્છી ચોવક આ રીતે તે વ્યક્ત કરે છેઃ 'માક જે પાણીએં ઊંઝ ન વિંઝે' મતલબ કે ઝાકળના પાણીથી તરસ ન છીપે, ઝાકળને પોતાની મર્યાદા હોય છે, એક 'બિંદુ' જેટલી જ!

જીવનના ક્રમ પર કટાક્ષ કરતી એક મસ્ત ચોવકનું સ્મરણ થાય છે. કહેવાય છે કે, 'માડૂ ને ચિભડ પ્યો પ્યો વધે' માણસની સરખામણી બહુ સુંદર રીતે ચિભડાં સાથે કરવામાં આવી છે! પોતાની લાંબી વેલમાંથી પોષણ મેળવતું ચિભડું એક જ જગ્યાએ પડ્યું પડ્યું પોતાનું કદ વધાર્યા જ કરે, પછી ઉપયોગ બને! તેવું જ માણસનું છે, પડ્યા પડ્યા પણ વય તો વધતી જ જાય. મોટા ભાગના ઘર અને સમાજને ઉપયોગી થાય અને કેટલાક...!!

'પાટઇ પવાલા ખોટા પ માપ પ ખોટા?' સીધો અર્થ એ થાય છે કે, 'નાના' સાથે 'મોટા'ની સરખામણી ન થઇ શકે! આ ચોવક પર ફરી એક નજર નાખો બે વખત માત્ર એક અક્ષર 'પ'નો પ્રયોગ કરવામાં આવ્યો છે, એ એકાક્ષરી કચ્છી ભાષા જ કમાલ છે! અહીં 'પ' 'પણ' ના અર્થમાં વપરાયો છે. ■




**સોનલના હોઠ અજીબ રીતે ભીડાયેલા હતા. તેણે ફરી એજ અદામાં કહ્યું, મને લાગે છે અત્યારે તમે ઈમોશનલી હાથ લાંબો કર્યો છે. બરોબર વિચારી લેજો. હું કોઈ ચીલાચાલુ છોકરી નથી!**

એકધારી ભાગતી ટ્રેન અચાનક ધીમી પડી અને ઊભી રહી ગઈ. સનતને થયું, ભલે ટ્રેન ઊભી રહે, આ રોમાંચક સમય પસાર જ ન થાય. છોકરીની આંખમાં ચિંતા દેખાઈ. તેણે કહ્યું, ‘ટ્રેન કેમ ઊભી રહી ગઈ હશે?’

‘ખબર નહીં, પણ હવે તમારું નામ તો કહો. નહીંતર એકબીજાનું નામ જાણીએ તે પહેલા જ સવાર પડી જશે.’

‘બહુ ઉતાવળા છો. હમણાં હજુ તો તતફફ થતા હતા. પહેલા તમારું નામ કહો.’

‘સાચું કહું તો તમે ગુજરાતી છો એ જાણીને હિંમત આવી ગઈ. બાય ધ વે મારું નામ સનત ચૌહાણ છે.’

‘અચ્છા એમ છે? તમને થયું ચલો આ તો આપણાવાળી છે. સાચું કહેજો હોં એવું જ થયું ને?’

સનતના હોઠ સિવાઈ ગયા. એને થયું આ બહુ ચબરાક છે. આવી છોકરી કોઈ અજાણ્યા યુવાન પર વિશ્ર્વાસ મૂકે એ જરા વધુ પડતું છે. સનતે આંખ ઝીણી કરતા કહ્યું, ‘ના એવું નથી પણ સરખી ભાષાવાળા જ્યારે જુદા પ્રદેશમાં મળે છે ત્યારે તેમના વચ્ચે જલ્દી આત્મિયતા બંધાઈ જાય છે.’

‘તમને એવો વિચાર કેમ નથી આવતો કે, કોઈ છોકરી કશા જ પરિચય વગર આટલી વાતો ન કરે. તમને મારો ડર નથી લાગતો?’

‘લાગે છે ને, તમારી આંખોનો ડર લાગે છે.’

‘તમે ભાવુક છો, હોશિયાર છો, પણ ચતુર નથી. મારા વિશે જાણશો તો દૂર રહેવાનું જ પસંદ કરશો.’

‘બધી જ ખૂબસૂરત છોકરીઓ ખતરનાક જ હોય છે એવું મેં વાંચ્યું છે. મને લાગ્યું કદાચ તમે સુસાઈડ કરવા તો નથી ઊભા ને.’

‘સુસાઈડ? મારા કારણે કોઈ સુસાઈડ કરી નાખે તે જુદી વાત છે, પણ હું મારી ખૂબસૂરત જિંદગી હરગીજ ન વેડફું. આઈ એમ સોનલ. સોનલ ઝવેરી.’

‘વાહ, એક તો સોનલ અને પાછા ઝવેરી.’

‘કવિતા સૂઝે છે? આર્ટસનું ભણ્યા લાગો છો.’

‘તમને જોઈને તો કોઈને પણ કવિતા કરવાનું સૂઝે. હું તો તદ્દન મશીનોનો માણસ છું અને મશીનને ભણ્યો છું. હું મેકેનીકલ ઈજિનિયર છું અને એ સંબંધે જ દિલ્હી જઈ રહ્યો છું. મારી કંપનીએ મને એક સેમીનારમાં ભાગ લેવા માટે દિલ્હી મોકલ્યો છે.’

‘ઓહ! વેરી નાઈસ, કેટલા લોકો છો અને કેટલા દિવસ રોકાવાના છો?’

‘મારી સાથે કોઈ જ નથી. હું એકલો જ છું. પરમ દિવસે બપોર સુધી રોકાવાનો છું. કદાચ તમે પણ દિલ્હી જઈ રહ્યા છો.’

‘હું કેવા સંજોગોમાં મુસાફરી કરી રહી છું તે જાણશો તો ચોંકી જશો. તમને અંદાજ પણ નહીં હોય કે મારી મુશ્કેલી શી છે.’

સનતે જરા ભાવુક થઈને કહ્યું, ‘મીસ સોનલ આઈ નો ઈટસ યોર પર્સનલ મેટર, બટ આઈ વોન્ટ ટુ નો અબાઉટ યુ. વોટ્સ પ્રોબ્લેમ? ઇફ યુ ડોન્ટ માઈન્ડ.’

સોનલે નજર ચોરી લીધી. કશુંક યાદ ન કરવા જેવું યાદ આવી ગયું હોય એવું લાગ્યું. તે ધીમા સ્વરે બોલી, ‘પહેલા પ્રોમીસ કરો કે હું જે કંઈ કહું તેના પર વિશ્ર્વાસ કરશો. બીજું એક ફ્રેન્ડ તરીકે તમે મને મદદ કરશો. બોલો થશે તમારાથી? જોકે કોઈ ફોર્સ નથી.’

સનતના રુંવાડાં ઊભા થઈ ગયાં. અત્યાર સુધી કોઈ છોકરીએ કદી સામેથી મિત્રતા બાંધી નહોતી. અનાયાસે તેનાથી હાથ લાંબો થઈ ગયો. પણ સોનલે તેના હાથમાં હાથ ન મૂક્યો એટલે તે છોભીલો પડી ગયો. સોનલના હોઠ અજીબ રીતે ભીડાયેલા હતા. તેણે ફરી એજ અદામાં કહ્યું, ‘મને લાગે છે અત્યારે તમે ઈમોશનલી હાથ લાંબો કર્યો છે. બરોબર વિચારી લેજો. હું કોઈ ચીલાચાલુ છોકરી નથી’

‘મીસ સોનલ તમને નથી લાગતું કે તમે મને ઓછો આંકી રહ્યા છો? જો તમને મારા પર વિશ્ર્વાસ હોય તો તમારો હાથ લંબાવો. થોડીવારની આપણી મુલાકાતમાં એટલું તો હુંય સમજ્યો છું કે તમે અસામાન્ય છો. ભલે હું ડરીને ચાલનારો હોઉં, પણ સાવ એવુંય નથી કે કોઈ મારી મદદ માગે અને પાછો પડું.’

સોનલના હોઠ પર જુદા પ્રકારનું સ્માઈલ આવ્યું. તેણે સનતના હાથમાં પોતાનો હાથ મૂક્યો. સનતને લાગ્યું કે સોનલના હાથમાં અજીબ કિસમની ઉષ્મા છે. તેણે સોનલ સામે જોઈ રહેતા પૂછ્યું. ‘હવે તો તમને ખાતરી થઈ કે, તમારી વાત સાંભળવાને લાયક છું.’

‘યેસ્સ, તમે બહુ જ સાફ દિલ ઈન્સાન છો.’

‘થેન્કસ. પણ આપણે આમ ક્યાં સુધી ઊભા રહી ને વાતો કરશું?’

‘ઉતાવળ ન કરો. પહેલી વાત તો એ કે મારી પાસે અત્યારે ટિકિટ નથી.’

‘પણ તમારે જવાનું ક્યાં છે? અને ટિકિટ વગર શા માટે નીકળવું પડ્યું?’

સોનલ જરા ઉદાસ થઈને બોલી, ‘કોઈ મંઝીલ હોત તો ટિકિટ લેત ને? ચોંકશો નહીં હું ભાગી નીકળી છું. મને ખાતરી છે કે મારી તપાસ શરૂ થઈ ગઈ હશે. હું સામાન્ય ઘરની છોકરી નથી. કરોડોપતિ શબ્દ મારા માટે બહુ નાનો છે. મારી ઝવેરી અટક અમસ્તી નથી સનત.’

‘હં, થોડું સમજાયું, બાકીનું સમજાઈ જશે. પણ ઘર છોડીને ભાગી નીકળવાનું કોઈ કારણ તો હશે ને?’

બહુ લાંબી વાત છે. પૂરી વાત સમજવા માટે તમને મારી આખી ફેમિલીની હિસ્ટરી કહેવી પડે એમ છે. મારો પરિવાર જેટલો અમીર છે એટલો જ વિચિત્રતાઓથી ભરેલો છે. એ બધું કહેવા માટે ઘણો સમય જોઈએ. મારા ભાગી નીકળવા સાથે એવા કેટલાય કેટલાય રેફરેન્સ જોડાયેલા છે જે તમારા માટે સમજવા મુશ્કેલ છે.’

‘જોકે મને જાણવામાં રસ નથી એમ કહી ને ખોટું નહીં બોલું. તમને જેટલું જરૂરી જણાય એટલું જ કહો. પણ બધું કહેશો તો મને વધુ ગમશે.’

‘સમય મળશે તો બધું જ કહીશ. અત્યારે એટલું જાણી લો કે મારા માટે આવનારા બે દિવસ બહુ જ અગત્યના છે. તમારે મને બે દિવસ સાચવવી પડશે. બોલો મને બે દિવસ તમારી સાથે રાખશો?’

જે સાંભળીને કોઈ યુવાન રોમાંચિત થઈ ઊઠે તે વાત સાંભળી સનત બે ઘડી ધ્રૂજી ગયો. એક બેહદ હસીન છોકરી સામેથી કહેતી હતી કે હું તારી સાથે બે દિવસ રહેવા માગું છું. તેમ છતાં સનત ચૂપ થઈ ગયો. પોતાની અસ્વસ્થતા કળાઈ ન જાય તે માટે તે ખોટું હસ્યો અને સાવ જુદી જ વાત કરી, ‘કેટલી અજીબ વાત છે નહીં? કોઈ ખૂબસૂરત છોકરી સાવ અજાણ્યા યુવાન સાથે બે દિવસ રહેવાની ઓફર કરી રહી છે. મને સમજાતું નથી કે મારે રાજી થવું કે ન થવું.’

‘હું સમજી ગઈ છું તમારા મનમાં શું ચાલતું હશે, જસ્ટ અ મિનિટ’ કહીને સોનલ નમીને તેના પગ પાસે પડેલી પીળા રંગની બેગનું સાઈડ ફોલ્ડર ખોલી કેટલીક વસ્તુઓ કાઢીને સનતને બતાવતાં કહ્યું, ‘જુઓ, હું કોણ છું તેના આ બે પુરાવા છે. આ મારો ઓરિજિનલ પાસપોર્ટ અને ડ્રાઈવિંગ લાઈસેન્સ.’

આછા પ્રકાશમાં પણ પાસપોર્ટમાં લખેલું સોનલ મોહનલાલ ઝવેરી ચોખ્ખું વંચાતું હતું સનતે જરા ક્ષોભ સાથે કહ્યું, ‘પ્લીઝ મને વધુ શરમીંદો ન કરો. પણ તમે મને કહો કે હું તમને કઈ રીતે મદદ કરી શકું?’

‘મને એવી જગ્યા જોઈએ કે બે દિવસ કોઈ મને શોધી ન શકે. પછી હું ફોડી લઈશ. તમે કંપની તરફથી જાઓ છો એટલે તમારી રહેવાની વ્યવસ્થા કંપનીએ જ કરી હશે ને? તમે મને તમારી સાથે લઈ જઈ શકો?’

સનતને વિચારમાં પડી ગયેલો જોઈ સોનલે કહ્યું, ‘શું વિચારો છો? જો તમારી જોબને કોઈ અસર થતી હોય તો પ્લીઝ કશું ન કરશો.’

‘ના, એવું નથી વિચારતો પણ મને એ ખબર નથી કે એ લોકો વધારાના વ્યક્તિને એલાઉડ કરશે કે નહીં? આપણે બેય ત્યાં જઈએ તો તમારી ઓળખાણ શું આપવી?’

‘ફીયાન્સી, વાઈફ. તમને જે ઠીક લાગે તે કહી દેજો.’

‘વ્હોટ?’ સનતની આંખો પહોળી થઈ ગઈ.

‘કેમ આઘાત લાગ્યો? મને નથી લાગતું કે તમે પરણેલા હો, જો પરણેલા હો અને થોડું ખોટું બોલશો તો આભ નહીં ફાટી પડે.’

સનત ચૂપ થઈ ગયો. ખરેખર તો તેનું હૈયું આનંદથી નાચી ઊઠવું જઈતું હતું. તેના બદલે તે ખામોશ થઈ ગયો. સોનલે તેનો હાથ પકડતા કહ્યું, ‘ડર લાગે છે?’

‘ડર નથી લાગતો. ચિંતા થાય છે. માની લ્યો કે એમણે તમને એલાઉડ ન કર્યા તો?’

‘એ મારા પર છોડી દો. તમે મને સાથે લઈ જવા તૈયાર છો?’

‘ઓકે ડન, પણ આપણને એક જ રૂમમાં રહેવાનું થશે તો?’

‘મને વાંધો નથી.’

સનતને થયુ આ છોકરી કઈ માટીની બનેલી છે? એના પર એવી કઈ આફત તૂટી પડી છે કે તે અજાણ્યા યુવાન સાથે એક જ રૂમમાં રાત રોકાવાની હિંમત કરી રહી છે. પોતાની જિંદગી અત્યાર સુધી સીધી અને સપાટ જ ચાલી છે. કોઈ જોખમભર્યું કામ કરવાનું પણ નથી આવ્યું. કૂદી પડવા દે. જે થશે તે જોયું જશે. મમ્મીપપ્પા વારંવાર પરણી જવાનું કહ્યા કરે છે. કેટલીય છોકરીઓના ફોટો બતાવી ચૂક્યા છે. હજુ કોઈ પસંદ નથી પડી. આજે સમજાયું કે છોકરી આવી હોય. સનતના હોઠ પર એક તોફાની સ્મિત આવ્યું. તેણે કહ્યું. ‘એક વાત પૂછું સોનલ? તમને મારો ડર નથી લાગતો?’

‘ડર શેનો? મને પુરુષની આંખો ઓળખતા આવડે છે સનત, યોર હાર્ટ ઈઝ સો સ્વીટ એન્ડ આઈઝ આર નીટ એન્ડ ક્લીન. પ્લીઝ હેલ્પ મી, આઈ નેવર ફરગેટ યોર હેલ્પ એન્ડ યુ ઓલ્સો’ સોનલે સનતનો હાથ પકડીને જરા દાબ્યો.

‘ઓકે. ચાલો મારી બર્થ પર બેસીએ. ત્યાં વાતો કરશું.’

‘ના, મારે વાતો નથી કરવી. મને સૂઈ જવું છે. પ્લીઝ મને સૂવા દેજો. બે રાતથી ઊંઘ નથી કરી.’

‘તથાસ્તુ!’ સનતે નાટકીય રીતે કહ્યું.

બેય બર્થ પર આવ્યા. ટ્રેન ભાગતી હતી. દિલ્હી નજીક આવતું જતું હતું. (ક્રમશઃ)■

feedback@bombaysamachar.com

**તસવીરની આરપાર**

**ભાટી એન.**

# પ્રકૃતિની અનોખી ભેટઃ જાંબુ

જાંબુ જોઈ મને ગુલાબજાંબુ યાદ આવી ગયા, વિચાર્યું કે જાંબુ પરથી ગુલાબજાંબુ નામ પડ્યું હશે? તમે નીરખીને જોજો પહેલા જાંબુડું જોઈ પછી ગુલાબજાંબુ જોજો. કહેવાનો ભાવાર્થ એટલો કે કુદરતની અનમોલ ભેટ કેટલી સારી હોય છે, તે સ્વાદ, સ્વાસ્થ્ય અને પ્રકૃતિની અનોખી ભેટ છે. ચોમાસાની શરૂઆત સાથે જ બજારમાં દેખાતું જાંબુડું માત્ર સ્વાદિષ્ટ ફળ જ નહીં, પરંતુ પ્રકૃતિની અનમોલ ભેટ છે. જાંબુડાનું ઝાડ વર્ષો સુધી લીલોતરી જાળવી રાખતું, ઘેરો છાંયો આપતું અને મજબૂત થડ ધરાવતું હોય છે. તેનાં પાન, છાલ અને બીજનો પણ પરંપરાગત રીતે વિવિધ ઉપયોગ કરવામાં આવે છે. પાકેલું જાંબુડું ખાટું-મીઠું, રસદાર અને જીભને તરત જ તાજગી આપનારું હોય છે. તેના ગાઢ જાંબલી-કાળા રંગ પાછળ એન્થોસાયનિન (Anthocyanin) નામના કુદરતી રંગદ્રવ્યો જવાબદાર હોય છે, જે શક્તિશાળી એન્ટીઑક્સિડન્ટ તરીકે પણ ઓળખાય છે.

જાંબુડું પોષક તત્ત્વોથી ભરપૂર છે. તેમાં વિટામિન ઈ, આયર્ન, ફાઈબર અને અનેક ખનિજ તત્ત્વો હોય છે જે શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદરૂપ બને છે. પાચનક્રિયા સુધારવામાં, શરીરને ઠંડક આપવામાં અને લોહીની ગુણવત્તા જાળવવામાં પણ જાંબુડું ઉપયોગી માનવામાં આવે છે. ઘણા લોકો પરંપરાગત રીતે તેના બીજના ચૂર્ણનો ઉપયોગ પણ કરે છે. વરસાદી માહોલમાં હાથમાં તાજાં જાંબુડાં હોય તો તેની મજા જ કંઈક અલગ હોય છે. જ્યાં ગુણ છે ત્યાં સાવચેતી પણ જરૂરી છે. જાંબુડું વધુ પ્રમાણમાં ખાવાથી કેટલાક લોકોને



એસિડિટી, પેટમાં ભારેપણું અથવા કબજિયાત જેવી તકલીફ થઈ શકે છે. કોઈ પણ ફળની જેમ તેનું પણ મર્યાદિત પ્રમાણમાં સેવન કરવું શ્રેષ્ઠ છે. સ્વાદ, સ્વાસ્થ્ય અને કુદરતી સૌંદર્યનો અદ્ભુત સંગમ ગણાતું જાંબુડું ભારતીય ઋતુચક્રનું એવું ફળ છે જે દર વર્ષે થોડા સમય માટે આવે છે. ભલે જીભ જાંબલી થઈ જાય પણ જાંબુડા ખાધા જ રાખ્યે તેવી પ્રતીતિ થાય. અત્યારે સીઝન છે તો જાંબુડા ખાજો ને મોજ માણજો હો... ■

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.




## ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| RATHER | તર્કસંગત |
| RATIO | ખડખડાટ |
| RATION | હકીકતમાં |
| RATIONAL | પ્રમાણ |
| RATTLE | અન્નસામગ્રી |

## શબ્દલાલિત્ય




**આડી ચાવી**

૧. અવલંબનરૂપ થાંભલો (૫)
૫. સળેખમ (૩)
૭. બહેરું (૩)
૮. રમતનો સાથી (૩)
૯. ભાગ્ય, નસીબ (૪)
૧૧. સ્પષ્ટવક્તા, સાચું બોલનાર (૪)
૧૩. પડતી (૩)
૧૫. અપવિત્ર (૩)
૧૭. ગરીબ (૨)
૧૯. હોઠ (૨)
૨૧. મુકામ (૩)
૨૩. ---ની પીપૂડી વાગે ત્યાં સુધી વગાડવી (૩)
૨૫. ઘર, રાચરચીલું, માલમિલકત વગેરે (૪)
૨૮. તંબૂ (૪)
૩૧. જાળીદાર અંતરપટ, પડદો (૨)
૩૨. પાયમાલી, બરબાદી (૩)
૩૩. સિતમગાર (૩)
૩૪. ઋણી, દેવાદાર (૫)

**ઊભી ચાવી**

૧. ઉપરીપણું (૪)
૨. તેલ જુઓ તેલની --- જુઓ (૨)
૩. સ્તબ્ધ, થોભાવેલું (૩)
૪. રીંછ (૩)
૫. દુષ્ટતા (૪)
૬. વજીર, પ્રધાન (૩)
૧૦. દીવો (૩)
૧૧. પાણી (૩)
૧૨. વાંકું (૨)
૧૪. સરિતા (૨)
૧૫. લાડ (૨)
૧૬. નાનો તંબૂ (૨)
૧૮. શહેર (૩)
૨૦. દૂબળા ઢોરને --- ઝાઝી (૨)
૨૧. મર્મ જાણનાર (૩)
૨૨. --- મૂઈ સાસુને ઓણ આવ્યા આંસુ (૨)
૨૪. કીર્તિમંત (૪)
૨૬. પરભારું (૪)
૨૭ ગરજવાન (૩)
૨૯. માગનાર, ભિક્ષુક (૩)
૩૦. ચાકર, સેવક (૩)
૩૨. ત્યારે (૨)

**ગયા વખતનો ઉકેલ**



## માતૃભાષાની મહેક

માનવીય મનના તાગ વિશાળ હોય છે. બધું કળી શકાય પણ મનુષ્યના મનમાં શું ચાલી રહ્યું છે એનું અનુમાન નથી કરી શકાતું. આ ભાવ દર્શાવતી કહેવત છે કે જૈસી દોર સમુદ્ર કી વૈસી મન કી દોર, મન કી મન મેં હી રહી, ભઈ ઔર કી ઔર. મતલબ કે સમુદ્ર અને મનની ગતિ સરખી છે. ઉછળી ઉછળીને અંદર જ સમાઈ જાય છે.

## ગુજરાત મોરી મોરી રે

‘અપાત્ર આગળ ઉત્તમ વસ્તુ પણ અર્થ વગરની બને’ એ મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે ગોઠવી કહેવત જણાવો.

આરસી બહેરા અને અંધા ગાન આગળ આગળ

## ઈર્શાદ

જિગરનો યાર જુદો તો, બધો સંસાર જુદો છે,
બધા સંસારથી એ યાર, બેદરકાર જુદો છે.
--- બાલાશંકર કંથારિયા

## ઓળખાણ પડી?



મુખ્યત્વે દક્ષિણ અમેરિકામાં જોવા મળતા પ્રાણીની ઓળખાણ પડી? પગના પંજાથી ખોરાકને ચકાસી લીધા પછી જ આરોગે છે.

અ) VIXEN બ)RACOON ક) BEAR ડ) IMPALA

## ચતુર આપો જવાબ અર્થ જણાવો

‘દરેક જીવ બદલાતી પરિસ્થિતિ સાથે અનુકૂળ થવાની ક્ષમતા ધરાવે છે ’ વાક્યમાં ક્ષમતા શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) માફી બ) શ્ર્વાસ ક) શક્તિ ડ) મુસીબત

## માઈન્ડ ગેમ

હાલ ચાલી રહેલા ફિફા વર્લ્ડ કપમાં કયા ખેલાડીએ પાંચ અલગ અલગ વિશ્ર્વ કપ સ્પર્ધામાં ગોલ કરવાની સિદ્ધિ પ્રથમ કોણે મેળવી છે?

અ) નેમાર બ) રોનાલ્ડો ક) મેરાડોના ડ) એમ્બાપે

## સુડોકુ - આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | | ૮ | ૨ | | ૪ | | | |
| ૨ | | | | ૩ | | | | |
| | | | | ૬ | | | ૩ | ૯ |
| ૭ | ૨ | | | | | ૧ | ૪ | |
| ૩ | | | | | | | | ૫ |
| | ૧ | ૪ | | | | | ૨ | ૩ |
| ૧ | ૯ | | | ૮ | | | | |
| | | | | ૫ | | | | ૬ |
| | | | ૬ | | ૯ | ૮ | | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ - ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૧ | ૩ | ૪ | ૫ | ૬ | ૯ | ૨ | ૮ |
| ૫ | ૯ | ૮ | ૧ | ૭ | ૨ | ૩ | ૪ | ૬ |
| ૨ | ૪ | ૬ | ૮ | ૩ | ૯ | ૭ | ૧ | ૫ |
| ૮ | ૬ | ૧ | ૨ | ૪ | ૩ | ૫ | ૭ | ૯ |
| ૩ | ૫ | ૪ | ૬ | ૯ | ૭ | ૨ | ૮ | ૧ |
| ૯ | ૭ | ૨ | ૫ | ૮ | ૧ | ૪ | ૬ | ૩ |
| ૧ | ૩ | ૯ | ૭ | ૨ | ૮ | ૬ | ૫ | ૪ |
| ૬ | ૨ | ૫ | ૩ | ૧ | ૪ | ૮ | ૯ | ૭ |
| ૪ | ૮ | ૭ | ૯ | ૬ | ૫ | ૧ | ૩ | ૨ |

## ગયા બુધવારના જવાબ

| A | B |
|---|---|
| RASCAL | હરામખોર |
| RASH | ફોલ્લી |
| RASHLY | અવિચારીપણે |
| RASP | કાનસ |
| RASPBERRY | ફળ |

**ગુજરાત મોરી મોરી રેઃ**
પગમાં પાવડી, હાથમાં છૂરી, ભણે ગણે ને દાનત બૂરી

**ઓળખાણ પડી?**
કોઆલા

**માઈન્ડ ગેમ :**
Otter

**ચતુર આપો જવાબ અર્થ જણાવો :**
મુશ્કેલી

**ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.**

(૧) મુલરાજ કપૂર (૨) વિપીન શાહ (૩) નૂતન વિપીન શાહ (૪) ડો. પ્રકાશ કટકિયા (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) ભરત કજરિયા (૭) ધીરેન્દ્ર મુલરાજ (૮) પ્રતિમા પમાણી (૯) ભામિની સંપટ (૧૦) શ્રદ્ધા આશર (૧૧) ભારતી બુચ (૧૨) હર્ષા મહેતા (૧૩) ખુશરૂ કાપડિયા (૧૪) મીનળ કાપડિયા (૧૫) નિતીન જયંતીલાલ બજરિયા (૧૬) કમલ માતલિયા (૧૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૮) મહેશ સંઘવી (૧૯) જ્યોતિ ખાંડવાલા (૨૦) ભાવના કર્વે (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) નિખીલ બંગાળી (૨૪) અમીશી બંગાળી (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) વિણા સંપટ (૨૭) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨૮) અંજુ ટોલિયા (૨૯) ડાયના સંતોકે (૩૦) અલકા વાણી (૩૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૨) વિજય આસર (૩૩) અરવિંદ કામદાર (૩૪) પ્રિતીબેન ઉદય શેઠ (૩૫) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૬) સુભાષ મોમાયા (૩૭) નીતા દેસાઈ (૩૮) પુષ્પા પટેલ (૩૯) લજિતા ખોના (૪૦) તાહેર ઔરંગાબાદવાલા (૪૧) શીરીન ઔરંગાબાદવાલા (૪૨) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૩) રમેશભાઈ દલાલ (૪૪) હિનાબેન દલાલ (૪૫) ઈનાક્ષીબેન દલાલ (૪૬) જ્યોત્સના ગાંધી (૪૭) મહેશ દોશી (૪૮) પ્રવીણ વોરા

### પ્રવાસીઓને રાહત નહીં

# વસઈ-વિરાર વચ્ચે ફરી ટ્રેન બંધ, મુંબઈ-પુણે વચ્ચે ટ્રેન વ્યવહાર હજુ ઠપ

## મુંબઈ અને અમદાવાદ વચ્ચે ૪૯ ટ્રેન રદ કરતા પ્રવાસીઓને મોટો ફટકો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: છેલ્લા અઠવાડિયાથી અનરાધાર વરસાદના કારણે જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે, જેને કારણે લોકલ સહિત લાંબા અંતરની મેલ-એક્સપ્રેસ ટ્રેનસેવા પર ગંભીર અસર થઈ હતી. આજે અપેક્ષા પ્રમાણે વરસાદ નહીં પડતા મુંબઈની ત્રણેય (પશ્ચિમ, મધ્ય અને હાર્બર લાઈન) લાઈનની લોકલ ટ્રેનસેવા મોડી પણ રેગ્યુલર દોડાવાઈ હતી. પશ્ચિમ રેલવેમાં ચર્ચગેટ-વિરાર સુધીની ટ્રેનસેવા પર બ્રેક વાગી હતી, જ્યારે મધ્ય રેલવેમાં મુંબઈ-પુણે રેલ રૂટ પણ મંગળવારે મોડી રાતે શરૂ થાય એવી શક્યતા છે. આ ઉપરાંત, મુંબઈ સહિત પાલઘર જિલ્લામાં ભારે વરસાદને કારણે લાંબા અંતરની મુંબઈથી અમદાવાદ/સૌરાષ્ટ્રની ૪૯ મેલ-એક્સપ્રેસ ટ્રેન રદ કરવામાં આવી હતી જેનો ફટકો પ્રવાસીઓને પડ્યો હતો.



ભારે વરસાદને કારણે રેલવે ટ્રેક પર પાણી ભરા જતાં વસઈ-વિરાર વચ્ચે ટ્રેન સેવા બંધ પડી ગઈ હતી. (એજન્સી)

**ચર્ચગેટથી વસઈ વચ્ચે ટ્રેન ચાલુ:** ભારે વરસાદનો ફટકો ફરી એકવાર લોકલ ટ્રેન સેવાને પડ્યો છે. પશ્ચિમ રેલવેએ હાલમાં ચર્ચગેટથી વસઈ રોડ વચ્ચે જ લોકલ સેવા ચાલુ છે, જ્યારે વસઈ રોડથી વિરાર વચ્ચેની લોકલ સેવા આગામી આદેશ સુધી બંધ રાખવામાં આવી છે. નિર્ધારિત માત્રા કરતા વધુ પાણી ટ્રેક પર હોવાથી લોકલની ટ્રેનસેવા સ્થગિત કરવામાં આવી છે.

ચર્ચગેટથી વસઈ વચ્ચે લોકલ ટ્રેનો (જુઓ પાનું ૪) ▸▸

# જળાશયોમાં પાણીની ભરપૂર આવક છતાં મુંબઈ પર પાણીકાપ હાલ પૂરતો યથાવત્ રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારમાં છેલ્લા એક અઠવાડિયાથી મુશળધાર વરસાદ પડી રહ્યો છે, જેને પગલે મુંબઈને પાણી પૂરું પાડનારા જળાશયોમાં પણ વરસાદી પાણીની સારી એવી આવક થઈ છે. ભારે વરસાદને પગલે મુંબઈના પાણીના જથ્થામાં એક જ દિવસમાં ૧૨ ટકાનો વધારો થયો છે. સોમવારે જળાશયોમાં પાણીનું સ્તર ૧૬.૯ ટકા હતું તે મંગળવારે વધીને ૨૮.૯ ટકા થયું છે. જળાશયોમાં પાણીનું સ્તર વધ્યું છે, છતાં મુંબઈગરા પર લાદવામાં આવેલા ૧૦ ટકા પાણીકાપ અને ઔદ્યોગિક વપરાશ પર મૂકવામાં આવેલા ૨૦ ટકા પાણીકાપને પાછો ખેંચવા માટે પાલિકા હાલ કોઈ ઉતાવળ કરવા માગતી ન હોવાનું પાલિકા કમિશનર અશ્વિની ભીડેએ કહ્યું હતું. જળાશયોના કેચમેન્ટ એરિયામાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન સારો એવો વરસાદ પડયો છે, જેને કારણે ફક્ત ૨૪ કલાકની અંદર પાણીનું સ્તર વધીને ૨૮.૯ ટકાએ પહોંચી ગયું છે, જે આ ચોમાસામાં સૌથી મોટો વધારો છે. જોકે હાલનો પાણીનો જથ્થો ગયા વર્ષના ૬૮ ટકા કરતા ઘણો ઓછો છે. મુંબઈ, થાણે સહિત રાજ્યના અનેક જિલ્લામાં થોડા દિવસથી ભારે વરસાદ પડી રહ્યો છે પણ વરસાદ જળાશયોથી દૂર હતો. છેવટે મંગળવારના ભારે વરસાદને પગલે શહેરના પાણીના જથ્થામાં અત્યાર સુધીનો સૌથી મોટો વધારો થયો છે.

મુંબઈ મહાનગરપાલિકા દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ, મુંબઈને પાણી પૂરું પાડતા સાત તળાવોમાં સંયુક્ત સંગ્રહ સોમવારે (જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈને ડૂબતી બચાવવા બીએમસી એનડીઆરએફ પાસેથી ભંડોળ મેળવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં છેલ્લા એક અઠવાડિયાથી મુશળધાર વરસાદ પડી રહ્યો છે. નદી-નાળા અને ગટરોની સફાઈ બાદ પણ ભારે વરસાદ દરમ્યાન મુંબઈના નીચાણવાળા વિસ્તારોમાં પૂરજનક પરિસ્થિતિ નિર્માણ થઈને ઘૂંટણબંધ પાણી ભરાયાં હતાં. તેથી તેનો કાયમી ઉકેલ લાવવા માટે મુંબઈ મહાનગરપાલિકા નેશનલ ડિઝાસ્ટર રિલીફ ફંડ પાસેથી ભંડોળ મેળવવાનો પ્રયાસ કરી રહી હોવાનું મુંબઈ મહાનગરપાલિકાના કમિશનર અશ્વિની ભીડેએ જણાવ્યું હતું.

મુંબઈમાં સતત વરસાદ પડ્યો છે, તેમાં પણ ભારે વરસાદ સમયે દરિયામાં ભરતી હોવાને કારણે મુંબઈના નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ ગયાં હતાં. અમુક વિસ્તારમાં ગટરો અને નાળાની સફાઈ યોગ્ય રીતે થઈ ન હોવાને કારણે પણ પાણી ભરાયાં હતાં ત્યારે પાલિકા કમિશનર અશ્વિની ભીડેએ મંગળવારે જણાવ્યું હતું કે નદી (જુઓ પાનું ૪) ▸▸

# ગટરોની સફાઈ બરોબર ન થઈ હોત તો મુંબઈ જળબંબાકાર થઈ ગયું હોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શહેરના અનેક ભાગોમાં દિવસો સુધી પડેલા ભારે વરસાદને કારણે પાણી ભરાઈ ગયા અને સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું હતું ત્યારે મુંબઈમાં ગટરોની સફાઈ ન થવાને કારણે પાણી ભરાયા હોવાની નારાજગી મુંબઈગરા વ્યક્ત કરી રહ્યા છે ત્યારે દિલ્હી, પુણે અને બેંગલૂરુ શહેરની સરખામણીમાં આ વખતે મુંબઈમાં વધુ વરસાદ થયા બાદ પણ ઓછું પાણી ભરાયું હતું અને જો ગટરોની સફાઈ ન થઈ હોત તો મુંબઈ જળબંબાકાર થઈ ગઈ હોત એવો દાવો પાલિકા કમિશનર અશ્વિની ભીડેએ કર્યો છે.મંગળવારે પાલિકા કમિશનરે પત્રકાર પરિષદમાં એવો દાવો કર્યો હતો કે મુંબઈ શહેરનો આકાર રકાબી જેવો હોવાથી અને વરસાદના સમયે જ દરિયામાં ભરતી આવતી હોવાથી, મુંબઈમાં નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી એકઠું થયું હતું. જોકે (જુઓ પાનું ૪) ▸▸

# રેડ અલર્ટની ચેતવણી વચ્ચે મુંબઈમાં વરસાદે વિરામ લીધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં સતત બે દિવસથી મુશળધાર પડી રહેલા વરસાદનું જોર મંગળવારે થોડું ઓછું થયું હતું. હવામાન વિભાગે મંગળવારે રેડ અલર્ટની ચેતવણી આપી ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરતા સ્કૂલ, કોલેજોમાં રજા આપી દેવામાં આવી હતી. સદ્નસીબે મંગળવારના વરસાદે વિરામ લેતા મુંબઈગરાએ રાહતનો શ્વાસ લીધો હતો. સાથે જ લોકલ ટ્રેન સહિત રોડ પરિવહન સેવા પણ સામાન્ય થઈ હતી. દિવસભરના આરામ પછી મુંબઈના અમુક વિસ્તારમાં મોડી રાતે ફરી વરસાદ શરૂ થયો હતો.

મુંબઈમાં શનિવારથી રેડ અલર્ટની ચેતવણી વચ્ચે ભારેથી અતિભારે વરસાદ રહ્યો હતો. સોમવારે પણ અગાઉ ઓરેન્જ અલર્ટને બાદમાં રેડમાં અપગ્રેડ કર્યા બાદ મંગળવાર માટે પણ રેડ અલર્ટ આપીને ભારે વરસાદની આગાહી કરી હતી. સ્કૂલ-કોલેજમાં રજા આપીને પ્રશાસને પણ પરિસ્થિતીનો સામનો કરવાની તૈયારી રાખી હતી પણ સદ્નસીબે રેડ અલર્ટ (જુઓ પાનું ૪) ▸▸

# થાણેમાં બે દિવસ ઓછા દબાણ સાથે પાણીપુરવઠો થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)


મુંબઈ: છેલ્લા એક અઠવાડિયાથી સતત પડી રહેલા મુશળધાર વરસાદને પગલે પિસે અને શહાડમાં રૉ વૉટર પમ્પિંગ સ્ટેશનમાં મોટા પ્રમાણમાં ગાળ અને કચરો ફસાઈ ગયો હોવાથી પંપથી ડિસ્ચાર્જ થવાનું પ્રમાણ ઘટી ગયું છે. તેથી શુદ્ધ પાણીનો સ્ટોક જાળવી રાખવામાં અડચણ નિર્માણ થઈ રહી છે. તેથી આ પરિસ્થિતિ પર તાત્કાલિક ધોરણે ઉપાયયોજના કરવા માટે અંડર વૉટર ડ્રાઈવિંગ ટીમના માધ્યમથી યુદ્ધના ધોરણે ગાળ અને કચરો કાઢવાનું કામ શરૂ કરવામાં આવ્યું છે.

આ દરમ્યાન ઉપલબ્ધ પાણીનું નિયોજન અને મુખ્ય વિતરણ વ્યવસ્થા સમતોલ રાખવા માટે શહેરમાં ઝોનિંગ પદ્ધતિએ પાણીપુરવઠો કરવામાં આવી રહ્યો છે. તેથી આગામી દિવસ થાણે શહેરમાં પાણીપુરવઠો અનિયમિત તેમ જ ઓછા દબાણથી થવાની શક્યતા છે. તેથી નાગરિકોને પાણી સંભાળીને વાપરવાની સલાહ આપવામાં આવી છે. ■

# નાશિક જિલ્લાના કેટલાક વિસ્તારમાં ધોધમાર વરસાદ

નાશિક: વાદળ ફાટવાની ચેતવણી વચ્ચે નાશિક જિલ્લાના કેટલાક વિસ્તારમાં મંગળવારે ધોધમાર વરસાદ પડ્યો હતો, જેના કારણે ગોદાવરી નદીમાં પૂર આવ્યું હતું એમ અધિકારીઓએ જણાવ્યું હતું. પરિસ્થિતિ અત્યાર સુધી નિયંત્રણમાં છે અને વરસાદ સંબંધિત કોઈ મોટી ઘટના બની નથી.

નાશિક, ત્ર્યંબકેશ્વર, ઇગતપુરી અને સુરગાણા તાલુકામાં ભારે વરસાદ પડ્યો, પરંતુ ક્યાંય વાદળ ફાટવા જેવો વરસાદ નહોતો પડ્યો. ઉત્તર મહારાષ્ટ્ર જિલ્લાના અન્ય વિસ્તારમાં મધ્યમ વરસાદ નોંધાયો (જુઓ પાનું ૪) ▸▸



નાશિકમાં મંગળવારે ભારે વરસાદને પગલે ગોદાવરી નદીમાં જળસ્તર વધ્યા બાદ ત્ર્યંબકેશ્વર જ્યોર્તિલિંગ મંદિરનો વિસ્તાર પાણીમાં ડૂબી ગયો હતો. (એજન્સી)

# ભારે વરસાદ અને સુસવાટાભર્યા પવનમાં ૮૦૦ વૃક્ષ તૂટી પડયાં: બીએમસી

## ઝાડ તૂટતાં બચાવવા મુંબઈ યુનિવર્સિટી અને આઈઆઈટીની મદદ લેવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આખા વર્ષ દરમ્યાન તૂટી પડતાં વૃક્ષોમાંથી સરેરાશ ૫૦ ટકા વૃક્ષો એક જ દિવસમાં તૂટી પડ્યાં છે. છેલ્લા કેટલાય દિવસોથી મુંબઈમાં ભારે વરસાદ અને તીવ્ર પવન ફૂંકાઈ રહ્યો છે, જેના કારણે અત્યાર સુધીમાં ૮૦૦ થી વધુ વૃક્ષો પડી ગયા હોવાનું પાલિકા કમિશનર અશ્વિની ભીડેએ જણાવ્યું હતું.

મુંબઈમાં અત્યાર સુધીના વરસાદમાં ઝાડ તૂટી પડવાને કારણે ૧૧ વર્ષના વિદ્યાર્થી સહિત ૧૮ વર્ષના યુવકનું મૃત્યુ થયું છે અને સંખ્યાબંધ વાહનો સહિત દુકાનો અને ઘરને નુકસાન થયું છે ત્યારે ઝાડ તૂટી પડવા માટે પાલિકા દ્વારા વૃક્ષોનું ટ્રિમિંગ બરોબર કરવામાં આવ્યું ન હોવાનું અને રસ્તાના સિમેન્ટ-કૉંક્રીટીકરણના કારણે ઝાડ તૂટી પડ્યા હોવાના દાવાને પાલિકા કમિશનરે ફગાવી દેતા કહ્યું હતું કે એ વાતમાં જ જરા પણ તથ્ય નથી.

ઝાડ તૂટી પડવાની દુર્ઘટનાને રોકવા બાબતે કમિશનર ભીડેએ કહ્યું હતું કે ચોમાસાની ઋતુમાં વૃક્ષો પડી જતા રોકવા માટે વૃક્ષના નિષ્ણાતો અને મુંબઈ યુનિવર્સિટી અને આઈઆઈટી, મુંબઈ જેવી સંસ્થાઓની મદદથી તેમના રક્ષણ માટે પગલાં લેવામાં આવશે.

### માર્ગદર્શિકાઓમાં સુધારો કરવામાં આવશે

કમિશનર અશ્વિની ભીડેએ કહ્યું હતું કે રસ્તાની બાજુમાં આવેલા વૃક્ષોનો ખાસ સર્વે કરવામાં આવશે અને તેમને સુરક્ષિત બનાવવા માટે અગાઉની માર્ગદર્શિકામાં ફેરફાર કરવામાં આવશે. સર્વેક્ષણ દરમ્યાન કાપવામાં આવતા વૃક્ષો માટે કોઈ અલગ પદ્ધતિનો ઉપયોગ કરી શકાય કે? અથવા તેમના મૂળને મજબૂત કરવા માટે ચોક્કસ પદ્ધતિઓ લાગુ કરી શકાય કે એ બાબતે વૃક્ષ નિષ્ણાતોની મદદ લેવામાં આવશે.

મુંબઈમાં ૨૦૧૮ની વૃક્ષ ગણતરી મુજબ ૨૯ લાખ ૭૫ હજાર વૃક્ષો છે. તેમાંથી બે લાખ વૃક્ષો રસ્તાની બંને બાજુ છે. એવું જોવા મળ્યું છે કે રસ્તાની બંને બાજુનાં વૃક્ષો ઘણીવાર જોખમી હોય છે. આમાંથી ચોમાસાની ઋતુ પહેલા પાલિકાના ઉદ્યાન વિભાગ દ્વારા લગભગ એક લાખ વૃક્ષોનું ટ્રિમિંગ કરવામાં આવ્યું હતું. છતાં આ વર્ષે વૃક્ષો પડવાની સંખ્યામાં વધારો થયો છે. અત્યાર સુધીમાં ૮૩૦ વૃક્ષો પડી ગયા છે, જેમાંથી ૪૮૦ વૃક્ષો ખાનગી વિસ્તારમાં હતા અને ૧,૨૩૮ જેટલી ડાળખીમાં ૭૦૯ ખાનગી વિસ્તારમાં હતા. પરંતુ પૂરતા ડેટા ઉપલબ્ધ ન હોય ત્યારે કોંક્રીટિંગના કામને કારણે આ વૃક્ષો પડી રહ્યાં છે એમ કહેવું ખોટું છે, એમ ભીડેએ જણાવ્યું હતું. પાલિકાના ડેટા અનુસાર ૨૦૨૨ની સાલ માં ૬૫૫, ૨૦૨૩ માં ૬૮૭, ૨૦૨૪ માં ૬૫૩, ૨૦૨૫ માં ૮૫૫ ઝાડ તૂટી પડયા હતા.

વધુમાં કમિશનરે કહ્યું હતું કે ઘણાં વૃક્ષો રસ્તાની બાજુમાં ફૂટપાથ પર છે અને તેમની નીચેથી પસાર થતી યુટિલિટીઝ સર્વિસ માટે ખોદકામને કારણે ઘણીવાર નુકસાન થવાની સંભાવના છે. તેથી ભવિષ્યમાં આ બધાને ધ્યાનમાં લીધા પછી રક્ષણ માટે પગલાં લેવામાં આવશે. પાણી વૃક્ષોના મૂળ સુધી પહોંચે તે જરૂરી હોવાથી પ્રશાસન એ પણ વિચારી રહ્યું છે કે શું તે અંદાજ લગાવી શકે છે કે વૃક્ષોના મૂળ ક્યાં સુધી ફેલાશે અને તે હદ સુધી ખાડા ખોદીને તેમને પાણી આપવા માટે (જુઓ પાનું ૪) ▸▸

# શરદ પવાર એનડીએમાં જોડાવાની તૈયારી કરી રહ્યા છે?

મુંબઈ: ગયા મહિને ઠાકરે જૂથના છ સાંસદોએ નાયબ મુખ્ય પ્રધાન શિંદેના નેતૃત્વ હેઠળ પક્ષમાં પ્રવેશ કર્યો હતો. આ દરમિયાન વરિષ્ઠ નેતા શરદ પવારના નેતૃત્વ હેઠળની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી પણ એનડીએમાં સામેલ થવા જઈ રહી છે તેવી ચર્ચાઓ રાજકીય વર્તુળોમાં જોર પકડ્યું હતું. તેવામાં જ રાષ્ટ્રવાદીના વરિષ્ઠ નેતા જયંત પાટીલ અને ભાજપના વિનોદ તાવડે વચ્ચે ગુપ્ત બેઠક થઈ હોવાના સમાચાર કેટલાક પ્રસાર માધ્યમોએ આપતાં આ ચર્ચાઓએ વધુ વેગ પકડ્યો હતો.

જોકે, શરદ પવારના પુત્રી અને સાંસદ સુપ્રિયા સુળેએ આ તમામ ચર્ચાઓનું ખંડન કર્યું છે. ''હાલમાં જે કંઈ પણ ચર્ચાઓ ચાલી રહી છે, તે જોઈને મને આશ્ચર્ય અને રમુજ થાય છે,'' એવી પ્રતિક્રિયા તેમણે આપી હિતી. આથી શરદ પવાર ભાજપ સાથે જવાના છે તેવી અફવાઓ પર હાલ પૂરતો વિરામ મુકાયો છે. ■

# મુખ્ય પ્રધાન ફડણવીસ પર ગંભીર આરોપો

અયોધ્યામાં શ્રી રામ મંદિરમાં દાન ચોરીના કેસના વિરોધમાં કૉંગ્રેસે નાશિકના પંચવટીમાં પ્રખ્યાત કાલારામ મંદિરની બહાર વિરોધ પ્રદર્શન કર્યું. આ વિરોધ પ્રદર્શનમાં કૉંગ્રેસના પદાધિકારીઓ સહિત વિસ્તારના સેંકડો નાગરિકોએ ભાગ લીધો હતો. સભાને સંબોધતા કૉંગ્રેસના પ્રદેશ પ્રમુખ હર્ષવર્ધન સપકાળે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ પર ગંભીર આરોપો લગાવ્યા હતા.

અમારા આંદોલનમાં લોકો ન આવે, એટલા માટે ફડણવીસે નાશિકમાં વાદળ ફાટવાની અફવા ફેલાવી. કોઈ પણ જોખમ ન હોવા છતાં ત્ર્યંબકેશ્વરમાં વાદળ ફાટવાનું છે તેવો હાઉ ઉભો કરવામાં આવ્યો, એવો આરોપ સપકાળે કર્યો હતો. ફડણવીસનો વહીવટ સુલતાની છે અને તેમને ખેડૂતો સાથે કોઈ લેવાદેવા નથી.

હાલમાં તેઓ પક્ષો તોડવામાં વ્યસ્ત હોવાની ટીકા પણ સપકાળે કરી હતી. તેમની આ ટીકા પર હવે ભાજપ તરફથી શું પ્રતિક્રિયા આપવામાં આવશે, તે જોવું મહત્ત્વનું રહેશે. ■

# થાણેમાં કિલ્લાઓ અને ધોધ પર પ્રવાસીઓના પ્રવેશ પર પ્રતિબંધ

થાણે: મહારાષ્ટ્રના ઠાણે જિલ્લા વહીવટીતંત્રે ભારે વરસાદની આગાહીને પગલે, કિલ્લાઓ અને જળાશયો સહિતના તમામ પર્યટન સ્થળોએ પ્રવેશ પર આગામી આદેશ સુધી પ્રતિબંધ મૂક્યો છે.

કલેક્ટર ડૉ. શ્રીકૃષ્ણ પંચાલ દ્વારા સોમવારે ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ હેઠળ આદેશ જારી કરવામાં આવ્યો હતો. ચોમાસા દરમિયાન અકસ્માતો ટાળવા માટે કિલ્લાઓ, ધોધ, ડેમ, તળાવો અને નદીઓમાં પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

છેલ્લા ત્રણ દિવસ દરમિયાન, જિલ્લાએ પાણી ભરાવાની, વૃક્ષો ધરાશાયી થવા અને ટ્રાફિકની સમસ્યાનો સામનો કર્યો છે. ભારતીય હવામાન વિભાગે જિલ્લામાં અમુક સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદ અને અમુક સ્થળોએ ભારે વરસાદ સાથે ૭૦ થી ૮૦ કિમી પ્રતિ કલાકની ઝડપે (જુઓ પાનું ૪) ▸▸

# પુખ્ત મહિલાને માતા પિતાના ઘરે પાછા ફરવા રાજ્ય દબાણ કરી શકે નહીં: બોમ્બે હાઈ કોર્ટ

મુંબઈ: પોતે ક્યાં રહેવું એ નક્કી કરવા પુખ્ત મહિલા કાયદેસર રીતે સક્ષમ છે અને રાજ્ય સત્તાવાળાઓ તેને તેના માતાપિતાના ઘરે પાછા ફરવા માટે દબાણ ન કરી શકે એમ જણાવી બૉમ્બે હાઈ કોર્ટે તેલંગાણા પોલીસને ૨૧ વર્ષીય મહિલા સામે કોઈ પણ પ્રકારની જબરદસ્તી કાર્યવાહી ન કરવાનો આદેશ આપ્યો છે.

કાર્યકારી મુખ્ય ન્યાયમૂર્તિ રવીન્દ્ર ઘુગે અને ન્યાયમૂર્તિ ગૌતમ અંખડની ખંડપીઠે બીજી જુલાઈના આદેશમાં સ્પષ્ટતા કરી હતી કે મહિલાએ સ્વેચ્છાએ હૈદરાબાદમાં તેના માતા પિતાનું ઘર છોડી દીધું હતું. આદેશની નકલ મંગળવારે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી

અદાલતે એમ પણ જણાવ્યું હતું કે 'મહિલા પુખ્ત વયની વ્યક્તિ હતી અને પોતે ક્યાં રહેવા માગે છે, લગ્ન કરવા માગે છે કે નહીં અથવા ઉચ્ચ શિક્ષણ (જુઓ પાનું ૪) ▸▸

# ભિવંડીમાં પાણી ભરાયેલા રસ્તાઓ પર મુસાફરોની મદદે આવ્યો 'સ્પાઈડરમેન'

થાણે: મહારાષ્ટ્રના ભિવંડીમાં પાણી ભરાયેલા રસ્તાઓ પર ખાડાઓ ઓળંગવામાં લોકોને મદદ કરી રહેલા 'સ્પાઈડરમેન'ના પોશાકવાળા એક વ્યક્તિનો વીડિયો સોશ્યલ મીડિયા પર વાઈરલ થયો છે. સોમવારે થાણે જિલ્લામાં ભારે વરસાદને કારણે ભિવંડી અને આસપાસના વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. આ દરમિયાન શાદાબ મોમીન નામના એક કન્ટેન્ટ ક્રિએટરે સ્પાઈડરમેનનો પોશાક પહેરીને લોકોને મદદ કરવાનું શરૂ કર્યું હતું.

વીડિયોમાં શાદાબ બે બાળકોને પોતાના ખભા પર બેસાડીને પાણી ભરાયેલા રસ્તા પરથી સુરક્ષિત રીતે બહાર કાઢતો જોવા મળે છે. તે પૂર જેવા ભરાયેલા પાણીમાંથી વાહનોને આગળ વધારવામાં મદદ કરતો પણ દેખાય છે. મોમીને જણાવ્યું કે તેનો હેતુ માત્ર મદદ કરવાનો જ નથી, પણ રોડ મરામત અને ગટર સફાઈ પાછળ દર વર્ષે કરોડો રૂપિયા ખર્ચાતા હોવા છતાં દર ચોમાસે ભરાતા પાણીની નાગરિક સમસ્યા તરફ તંત્રનું ધ્યાન દોરવાનો પણ છે.■

### પુણે લોહગડ મર્ડર કેસ

# કેતનની હત્યાના મહિનાઓ પહેલાં જ સિયા અને ચેતને 'ગુપ્ત રીતે લગ્ન' કર્યાં હતાં

## બન્નેના ચૅટિંગના વિશ્લેષણ પરથી લગ્નનો રહસ્યસ્ફોટ: પોલીસ ખાતરી કરી રહી છે

પુણે: લોનવલાના લોહગડ કિલ્લા પરથી ખીણમાં ધકેલીને પુણેના રિયલ એસ્ટેટ કંપનીના ડિરેક્ટર અને ટ્રેકર કેતન અગરવાલની હત્યા કરવાના કેસમાં રોચક વળાંક આવ્યો છે. કેતનની હત્યાના આરોપસર ધરપકડ કરાયેલી વાગ્દત્તા સિયા ગોયલ અને તેના પ્રેમી ચેતન ચૌધરીનાં અમુક મહિના પહેલાં જ ગુપ્ત રીતે લગ્ન થઈ ગયાં હોવાનો રહસ્યસ્ફોટ તેમની વચ્ચેના ચૅટિંગ પરથી થયો છે. જોકે પોલીસ આ બાબતે ખાતરી કરવા વધુ તપાસ કરી રહી છે.

લોહગડ કિલ્લા પરથી ૧૮ જૂને કેતન અગરવાલ (૨૫)ને ખીણમાં ધકેલી દેવામાં આવ્યો હતો. કેતનની (જુઓ પાનું ૪) ▸▸

# નવી મુંબઈમાં બેકાબૂ કારે પાંચ વાહનને ટક્કર મારી: યુવાનનું મોત, પાંચ જખમી



તળોજામાં મંગળવારે વિચિત્ર અકસ્માતમાં સાત વાહન એકમેક સાથે ટકરાતાં વાહનોનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. અકસ્માતની આ ઘટનામાં એક જણનું મોત થયું હતું.

મુંબઈ: બેકાબૂ ઈલેક્ટ્રિક કારે આગળ જઈ રહેલાં પાંચથી છ વાહનને ટક્કર મારી હોવાની ઘટના નવી મુંબઈના તળોજા ખાતે બની હતી. આ ઘટનામાં એક યુવાનનું મોત નીપજ્યું હતું, જ્યારે પાંચ જણ ઘવાયા હતા. તળોજા પોલીસના જણાવ્યા મુજબ ગમખ્વાર અકસ્માત મંગળવારની બપોરે ૧૨.૪૫ વાગ્યાની આસપાસ તળોજા ફેઝ-૧ ખાતે થયો હતો. ઘટનામાં જીવ ગુમાવનારાની ઓળખ નદીમ આઝમ ખાન તરીકે થઈ હતી. અકસ્માત બાદ આરોપી ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. જોકે કારને ઓળખી કાઢવામાં આવી હોવાથી આરોપીની શોધ ચલાવાઈ રહી છે.પુરપાટ વેગે આવેલી મહિન્દ્રા એક્સયુવી ઈલેક્ટ્રિક કાર પરથી ડ્રાઈવરે કાબૂ ગુમાવ્યો હતો. કાર આગળ જઈ રહેલા વાહનોને ટકરાઈને રસ્તાને કિનારે ઊભી રહી હતી. કારે છ જણને અડફેટે લીધા હતા, જેમાં નદીમ ખાનનું મૃત્યુ થયું હતું. અકસ્માતમાં જખમી શરાફુદ્દીન શાકીર અલી (૪૩), રામદુલારે રામસહાય ગુપ્તા (૩૭), સની મહેન્દ્ર નિષાદ (૩૩), વિઘ્નેશ સંતોષ પાનસરે (૧૭) અને મોહમ્મદ ગુલફરાઝ અમડી નસીમ શેખ (૨૮) જખમી થયા હતા. ■

# પાછોતરા સત્રમાં નફારૂપી વેચવાલી નીકળતાં ચાર સત્રની તેજીને બ્રેક, સેન્સેક્સમાં ૧૦૪ પૉઈન્ટનો અને નિફ્ટીમાં ૩૧ પૉઈન્ટનો ઘટાડો

## ▸ વિદેશી ફંડોની ₹ ૩૯૩.૧૯ કરોડની ખરીદી સામે સ્થાનિક ફંડોની ₹ ૩૮૩.૪૩ કરોડની વેચવાલી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે એકંદરે સુધારાતરફી વલણ રહ્યા બાદ ખાસ કરીને પાછોતરા સત્રમાં એશિયન બજારોમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે નફારૂપી વેચવાલીનું દબાણ વધતાં સતત ચાર સત્રની તેજીનો અંત આવ્યો હતો અને બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરના બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૧૦૪.૩૫ પૉઈન્ટનો અને નેશનલ સ્ટોક એક્સચેન્જના ૫૦ શૅરના બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૩૧.૬૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હતો. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના ચાર સત્રમાં સેન્સેક્સ અને નિફ્ટીમાં અંદાજે બે ટકાનો ઉછાળો આવ્યો હતો અને સોમવારે બન્ને બૅન્ચમાર્ક બે મહિના કરતાં વધુ સમયગાળાની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા.

વધુમાં આજે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૮,૪૧૪.૦૧ કરોડની ખરીદી સામે રૂ. ૧૮,૦૨૦.૮૨ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૩૯૩.૧૯ કરોડની ચોખ્ખી ખરીદી રહી હતી, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૮,૮૯૭.૪૪ કરોડની ખરીદી સામે રૂ. ૧૯,૨૮૦.૮૭ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૩૮૩.૪૩ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાનું એક્સચેન્જને આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું.

એક્સચેન્જ તરફથી પ્રાપ્ત થયેલી આંકડાકીય માહિતી અનુસાર આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૭૮,૨૮૫.૦૭ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૭૮,૪૬૧.૧૬ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૭૮,૦૩૧.૦૪ અને ઉપરમાં ૭૮,૬૬૪.૯૨ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૦૪.૩૫ પૉઈન્ટ અથવા તો ૦.૧૩ ટકા ઘટીને ૭૮,૧૮૦.૭૨ની સપાટીએ બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે એનસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૪,૪૩૦.૩૫ના બંધ સામે વધીને ૨૪,૪૬૪.૪૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૨૪,૩૪૮.૯૫ અને ઉપરમાં ૨૪,૫૩૦.૯૦ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૩૧.૬૫ પૉઈન્ટ અથવા તો ૦.૧૩ ટકા ઘટીને ૨૪,૩૯૮.૭૦ના મથાળે બંધ રહ્યો હતો.

અમેરિકી ફેડરલ રિઝર્વની છેલ્લી નીતિવિષયક બેઠકની આવતીકાલે જાહેર થનારી મિનિટ્સ પૂર્વે આજે એશિયન બજારોમાં સાવચેતીના અભિગમ વચ્ચે નરમાઈનું વલણ રહ્યું હોવાના નિર્દેશોને ધ્યાનમાં લેતા સ્થાનિકમાં પાછોતરા સત્રમાં નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં બૅન્ચમાર્કમાં પીછેહઠ જોવા મળી હતી. જોકે, વર્તમાન નાણાકીય વર્ષનાં પહેલા ત્રિમાસિકગાળાના પરિણામોની મોસમ પૂર્વે ખાસ કરીને આઈટી શૅરોમાં ઘટ્યા મથાળેથી લેવાલી નીકળતાં બૅન્ચમાર્કમાં ઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું જિઓજીત ઈન્વેસ્ટમેન્ટ લિ.નાં રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું.

વધુમાં સ્ટ્રેટ ઑફ હોર્મુઝ પરથી પસાર થઈ રહેલાં તેલના વેસલ પર હુમલો કરવામાં આવ્યો હોવાના અહેવાલો વહેતા થતાં ક્રૂડતેલના ભાવમાં ઘટ્યા મથાળેથી સુધારો આવતાં એશિયન બજારોમાં રોકાણકારોનું માનસ ખરડાઈ જતાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી તેમ જ સતત ચાર સત્રની તેજી પશ્ચાત્ નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં બૅન્ચમાર્કમાં ઘટાડો જોવા મળ્યો હોવાનું વૅલ્થ ટૅક કંપની એન્રીચ મનીનાં ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર પોન્મુડી આર એ જણાવ્યું હતું.

આજે બીએસઈ ખાતે કુલ ૪૩૯૭ શૅરોમાં કામકાજ થયા હતા. જેમાંથી ૧૫૩૪ શૅરના ભાવ વધીને, ૨૭૦૦ શૅરના ભાવ ઘટીને અને ૧૬૩ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ આજે ૧૪૭ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૭૩ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે પહોંચ્યા હતા અને સાત શૅરના ભાવમાં નીચલી સર્કિટ લાગી હતી.

વધુમાં સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી ૧૪ શૅરના ભાવ વધીને અને ૧૬ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા. જોકે, વર્તમાન નાણાકીય વર્ષના પહેલા ત્રિમાસિકગાળામાં ટ્રેન્ટની આવકમાં વૃદ્ધિ બજારની અપેક્ષા કરતાં ઓછી હોવાના નિર્દેશો મળતાં શેરના ભાવમાં સૌથી વધુ ૧૨.૪૨ ટકાનો કડાકો બોલાઈ ગયો હતો. આ સિવાય અન્ય મુખ્ય ઘટનાર શૅરોમાં અદાણી પોર્ટસમાં ૧.૫૯ ટકાનો, ભારત ઈલેક્ટ્રોનિક્સ લિ.માં ૧.૫૯ ટકાનો, લાર્સન ઍન્ડ ટૂબ્રોમાં ૧.૧૯ ટકાનો, રિલાયન્સમાં ૧.૧૨ ટકાનો અને આઈસીઆઈસીઆઈ બૅન્કમાં ૦.૮૧ ટકાનો ઘટાડો આવ્યો હતો, જ્યારે તેની સામે મુખ્ય વધનાર શૅરોમાં એચસીએલ ટેક્નોલૉજીસમાં ૩.૦૪ ટકાનો, ટેક મહિન્દ્રામાં ૨.૮૬ ટકાનો, ઈન્ફોસિસમાં ૨.૮૧ ટકાનો, ટાઈટનમાં ૨.૬૨ ટકાનો, ઈટર્નલમાં ૨.૧૨ ટકાનો અને ટીસીએસમાં ૧.૮૬ ટકાનો સુધારો આવ્યો હતો.

નોંધનીય બાબત એ છે કે આવતા ગુરુવારે આઈટી ક્ષેત્રની અગ્રણી ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ વર્તમાન નાણાકીય વર્ષના પહેલા ત્રિમાસિકગાળાના પરિણામોની જાહેરાત કરશે અને આ સાથે પરિણામોની મોસમનો આરંભ થશે.

એક્સચેન્જની આંકડાકીય માહિતી અનુસાર આજે સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૧.૦૮ ટકાનો અને મિડિકેપ ઈન્ડેક્સમાં ૦.૧૫ ટકાનો ઘટાડો આવ્યો હતો. તેમ જ બીએસઈ ખાતેના સેક્ટોરિયલ ઈન્ડેક્સમાં સૌથી વધુ ૧.૭૩ ટકાનો ઘટાડો કેપિટલ ગૂડ્સ ઈન્ડેક્સમાં નોંધાયો હતો. ત્યાર બાદ અનુક્રમે રિઅલ્ટી ઈન્ડેક્સમાં ૧.૬૧ ટકાનો, ઈન્ડસ્ટ્રિયલ ઈન્ડેક્સમાં ૧.૪૯ ટકાનો, પાવર ઈન્ડેક્સમાં ૧.૧૨ ટકાનો, મેટલ ઈન્ડેક્સમાં ૧.૦૪ ટકાનો, કૉમૉડિટી ઈન્ડેક્સમાં ૦.૯૦ ટકાનો અને હૉસ્પિટલ ઈન્ડેક્સમાં ૦.૯૦ ટકાનો ઘટાડો આવ્યો હતો, જ્યારે ફોકસ્ડ આઈટી ઈન્ડેક્સમાં ૨.૨૫ ટકાનો, આઈટી ઈન્ડેક્સમાં ૨.૧૨ ટકાનો, કન્ઝ્યુમર ડ્યુરેબલ ઈન્ડેક્સમાં ૦.૬૫ ટકાનો, મીડસ્મોલ પ્રાઈવેટ બૅન્ક ક્વૉલિટી ટિલ્ટ ઈન્ડેક્સમાં ૦.૫૫ ટકાનો, ઑઈલ ઍન્ડ ગૅસ ઈન્ડેક્સમાં ૦.૦૯ ટકાનો સુધારો આવ્યો હતો.

દરમિયાન આજે એશિયન બજારોમાં દક્ષિણ કોરિયાના કોસ્પીમાં ૪.૯૧ ટકાનો ઘટાડો આવ્યો હતો, આ સિવાય જાપાનનો નિક્કી ૨૨૫, શાંઘાઈનો એસએસઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ, અને હૉંગકૉંગનો હૅંગસૅંગ નરમાઈના અન્ડરટોને બંધ રહ્યો હતો. તેમ જ આજે મધ્યસત્ર દમિયાન યુરોપના બજારોમાં મિશ્ર વલણ રહ્યું હતું અને બ્રેન્ટ ક્રૂડ તેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૨૨ ટકા વધીને બેરલદીઠ ૭૨.૮૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. ■

# વિશ્વ બજાર પાછળ ચાંદીમાં ₹ ૫૯૫૮નો અને સોનામાં ₹ ૧૫૦૦નો કડાકો

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ ઉપરાંત અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ઈરાન પર લશ્કરી કાર્યવાહી કરવાની ધમકી આપતાં વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવમાં ઘટ્યા મથાળેથી સુધારાતરફી વલણ રહ્યું હોવાના નિર્દેશોને ધ્યાનમાં લેતા લંડન ખાતે સતત બીજા સત્રમાં સોના અને ચાંદીના ભાવમાં ઘટાડાતરફી વલણ જળવાઈ રહ્યું હતું. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૪૯૪થી ૧૫૦૦નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૫૯૫૮નો કડાકો બોલાઈ ગયો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં વિશ્વ બજાર પાછળ ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હતું તેમ જ તાજેતરમાં ભાવ ઘટી રહ્યા હોવાથી સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની લેવાલી ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૫૮૫૮ના ઘટાડા સાથે રૂ. ૨,૨૭,૨૦૦ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ જ્વેલરી ઉત્પાદકો, રોકાણકારો અને રિટેલ સ્તરની નિરસ માગ અને વિશ્વ બજારમાં નરમાઈનું વલણ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૪૯૪ના ઘટાડા સાથે રૂ. ૧,૪૫,૦૦૦ના મથાળે અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૫૦૦ ઘટીને રૂ. ૧,૪૪,૦૮૩ના મથાળે રહ્યા હતા.

દરમિયાન ગત જૂન મહિનામાં ચીનની કેન્દ્રવર્તી બૅન્કની સતત ૨૦માં મહિનામાં સોનાની લેવાલી જળવાઈ રહેતાં તેની સોનાની અનામત જે મે મહિનાના અંતમાં ૭.૪૯૬ કરોડ ફાઈન ટ્રોય ઔંસ હતી તે વધીને ૭.૫૪૪ કરોડ ફાઈન ટ્રોય ઔંસની સપાટીએ રહી હોવાના અહેવાલ હતા. તેમ જ હૉંગકૉંગે આજથી સોના માટે સેન્ટ્રલ ક્લિયરીંગ સિસ્ટમ શરૂ કરી હતી અને ડૉલર ગોલ્ડ ફ્યુચર ટ્રેડિંગ પુનઃ શરૂ કર્યું હોવાના અહેવાલ હતા.

આંતરરાષ્ટ્રીય ડૉલર ઈન્ડેક્સમાં જોવા મળેલા ૦.૧ ટકાના સુધારા અને ક્રૂડતેલની મજબૂતી સાથે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૮ ટકા ઘટીને ઔંસદીઠ ૪૧૨૯.૩૬ ડૉલર આસપાસ અને ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૬ ટકા ઘટીને ૪૧૪૦.૯૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૧.૯ ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૬૦.૯૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અમેરિકી ફેડરલ રિઝર્વની છેલ્લી નીતિવિષયક બેઠકની આવતીકાલે મિનિટ્સની જાહેરાત થવાની હોવાથી સાવચેતીના અભિગમ વચ્ચે લંડન ખાતે સોના-ચાંદીમાં કોન્સોલિડેશન જળવાઈ રહ્યું હોવાનું એક્ટિવ ટ્રેડના વિશ્લેષક રિકાર્ડો ઈવાન્જેલિસ્ટાએ જણાવતાં ઉમેર્યું હતું કે મિનિટ્સમાં ફુગાવા અને રોજગાર અંગે કેવું તારણ આપે છે અને આગામી નાણાનીતિ અંગે કોઈ અણસાર આપે છે કે કેમ તેના પર ટ્રેડરોની નજર છે. જોકે, આજે આગામી સપ્ટેમ્બર મહિનામાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો કરે તેવી ૫૮ ટકા શક્યતા સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો વ્યક્ત કરી રહ્યા હતા.

વધુમાં અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ઈરાનને લશ્કરી કાર્યવાહીની ધમકી આપતા ઈરાનના વિદેશ પ્રધાને જણાવ્યું હતું કે જો અમેરિકા ધમકી આપવાનું બંધ નહીં કરે તો શાંતિ વાટાઘાટો ચાલુ નહીં રહી શકે. આમ આજે ભૂરાજકીય તણાવ સપાટી પર આવતા બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં પણ ભાવ વધી આવ્યા હતા. સામાન્યપણે ક્રૂડતેલના ભાવ વધતા ફુગાવો વધવાની ચિંતા સપાટી પર આવતી હોય છે અને ફુગાવામાં વૃદ્ધિ થવાની ભીતિને ધ્યાનમાં લેતા કેન્દ્રવર્તી બૅન્કો તંગ નાણાનીતિ અપનાવે તેવી શક્યતા બળવત્તર બનતા સોના અને ચાંદી જેવી કિંમતી ધાતુઓના ભાવ દબાણ હેઠળ આવતા હોય છે. ■

# ડૉલર સામે રૂપિયો ૪૭ પૈસા ઉછળીને ૯૫ની અંદર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરિયાઈ માર્ગ પર વધેલા ટ્રાફિકને ધ્યાનમાં લેતા વૈશ્વિક સ્તરે જોખમોનું પ્રમાણ હળવું થવાની સાથે પુરવઠાખેંચની અનિશ્ચિતતા દૂર થવાના આશાવાદ તેમ જ સાઉદી અરેબિયાએ એશિયા માટે ક્રૂડ તેલના ઑગસ્ટ ડિલિવરી શરતે ભાવમાં બેરલદીઠ ૧૧ ડૉલરનો ઘટાડો કર્યો હોવાથી સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો ૪૭ પૈસાના ઉછાળા સાથે ૯૫ની સપાટીની અંદર ઊતરીને ૯૪.૯૬ના મથાળે બંધ રહ્યો હતો.

વધુમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી ફુગાવાલક્ષી દબાણ પણ હળવું થવાની શક્યતાને લીધે રૂપિયાને ટેકો મળ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૫.૪૩ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૯૫.૩૩ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૫.૩૭ અને ઉપરમાં ૯૪.૯૪ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૪૭ પૈસાના સુધારા સાથે ૯૪.૯૬ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયો પચ્ચીસ પૈસા નબળો પડ્યો હતો.

વૈશ્વિક સ્તરે જોખમો હળવા થવાની સાથે ડૉલર ઈન્ડેક્સમાં વધ્યા મથાળેથી પીછેહઠ અને ક્રૂડતેલના ભાવમાં ઘટાડાતરફી વલણ રહેતાં ફુગાવામાં વૃદ્ધિ અટકવાના આશાવાદ સાથે આજે ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતા ઉમેર્યું હતું.

અમારા મતે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ રહેતાં રૂપિયો ૯૪.૬૦થી ૯૫.૩૦ની રેન્જમાં રહેશે. જોકે, આયાતકારોની ડૉલરમાં હેજરૂપી લેવાલી રૂપિયામાં સુધારો મર્યાદિત રાખી શકે છે, એમ તેમણે ઉમેર્યું હતું.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૧૧ ટકા વધીને ૧૦૦.૯૬ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ઘટ્યા મથાળેથી ૧.૧૯ ટકાના સુધારા સાથે બેરલદીઠ ૭૨.૮૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

સ્થાનિક સ્તરે આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૧૦૪.૩૫ પૉઈન્ટનો અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૩૧.૬૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હતો. જોકે, ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૨૪૩.૦૩ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાનું એક્સચેન્જે આંકડાકીય માહિતીમાં જણાવતાં રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો. ■

## સ્પોર્ટ્સ

# રોનાલ્ડો છેલ્લા વર્લ્ડ કપમાં વહેલો બહાર થઈ ગયો, રડતા ચહેરે ચાહકોને ગુડબાય કરી



અર્લિંગટન (ટેક્સસ): પોર્ટુગલ સોમવારે મધરાત બાદ ૨૩મા ફિફા વર્લ્ડ કપમાં કટ્ટર યુરોપિયન હરીફ સ્પેન સામે ૦-૧થી હારી જતાં પોર્ટુગલનો કેપ્ટન ક્રિસ્ટિયાનો રોનાલ્ડો રડમસ ચહેરે ચાહકોને અલવિદા કરીને મેદાનમાંથી પાછો આવ્યો હતો. ૯૦,૦૦૦-પ્લસ પ્રેક્ષકોથી ખીચોખીચ ભરાયેલા સ્ટેડિયમમાં બેઠેલા તમામ લોકોએ ઊભા થઈને, તાળીઓના ગડગડાટ સાથે રોનાલ્ડોને હાઈએસ્ટ છઠ્ઠા વર્લ્ડ કપની સિદ્ધિ પૂર્ણ કરવા બદલ આ ટૂર્નામેન્ટમાંથી તેને માનભેર વિદાય આપી હતી. આર્જેન્ટિનાના ફૂટબોલ-લેજન્ડ લિયોનલ મેસીનો પણ આ વિક્રમજનક છઠ્ઠો વર્લ્ડ કપ છે. રોનાલ્ડો વિશ્વનો એકમાત્ર ફૂટબોલર છે જેણે તમામ છ વર્લ્ડ કપમાં ગોલ કર્યા છે.

### સબસ્ટિટ્યૂટ મરિનોનો ગોલ

સોમવાર રાતની પોર્ટુગલ સામેની પ્રી-ક્વૉર્ટર ફાઈનલમાં એકમાત્ર ગોલ થયો હતો જે સ્પેનના સબસ્ટિટ્યૂટ મિકેલ મરિનોએ મૅચની અંતિમ પળોમાં (૯૦ મિનિટની મુખ્ય મૅચ બાદ સ્ટોપેજ ટાઈમની પ્રથમ મિનિટમાં) કરીને સ્પેનને ક્વૉર્ટર ફાઈનલમાં પહોંચાડી દીધું હતું જેમાં એનો મુકાબલો બેલ્જિયમ સામે થશે. એ સાથે, પોર્ટુગલ આ ટૂર્નામેન્ટની બહાર થઈ ગયું હતું. સ્પેનના મરિનોએ પોર્ટુગલને વર્લ્ડ કપની ટ્રોફી અપાવવાના રોનાલ્ડોના સપનાને ચકનાચૂર કરી નાખ્યું છે. રોનાલ્ડોની આ રીતની વિદાયના ૨૪ કલાક પહેલાં બ્રાઝિલના નેમારે નોર્વે સામેની ૧-૨ની હાર બાદ રડમસ હાલતમાં આંતરરાષ્ટ્રીય ફૂટબૉલમાંથી નિવૃત્તિ જાહેર કરી હતી.

### ટાઈટલ્સમાં વર્લ્ડ કપનો તાજ નથી

૪૧ વર્ષીય રોનાલ્ડોએ આ સાથે વર્લ્ડ કપમાંથી ઉદાસ ચહેરે વિદાય લીધી છે. તે મૅચમાં ઘણા તબક્કે તેમ જ છેલ્લી સેકન્ડના પ્રયાસમાં પોર્ટુગલને ગોલ નહોતો અપાવી શક્યો. વર્લ્ડ કપના ઈતિહાસમાં સૌથી વધુ મૅચ રમનારાઓમાં તે ૨૭ મૅચ સાથે (લિયોનેલ મેસીની ૩૦ મૅચ પછી) બીજા નંબરે છે. રોનાલ્ડો પોર્ટુગલને યુરોપિયન ચેમ્પિયનશિપનું એક ટાઈટલ તેમ જ યુઇફા નેશન્સ લીગના બે ટાઈટલ અપાવી ચૂક્યો છે, પણ એ બધામાં ફિફા વર્લ્ડ કપનો તાજ ખૂટતો હતો જે રોનાલ્ડો પોર્ટુગલને આ વખતે પણ ન અપાવી શક્યો.

### આંતરરાષ્ટ્રીય ફૂટબૉલ નથી છોડી

કરોડો ફૂટબૉલપ્રેમીઓમાં લોકપ્રિય ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ છ વર્લ્ડ કપમાં કુલ ૧૧ ગોલ કર્યા અને વ્યક્તિગત રીતે સૌથી વધુ ગોલ કરનારાઓમાં તે નવમા સ્થાને છે. મેસી ૨૦ ગોલ સાથે મોખરે છે. સોમવારે સ્પેન સામેના પરાજય બાદ ગમગીન ચહેરે રોનાલ્ડોએ કહ્યું, આ મારો છેલ્લો વર્લ્ડ કપ હતો. આ રીતે મારે વર્લ્ડ કપને અલવિદા કરવી પડી રહી છેએ બદલ મને ખૂબ દુઃખ થઈ રહ્યું છે. મેં પોર્ટુગલને હંમેશાં જિતાડવા માટે બનતા તમામ પ્રયાસો કર્યા અને હું હૃદયના શુદ્ધ ભાવ સાથે વર્લ્ડ કપમાંથી વિદાય લઈ રહ્યો છું. ફૂટબોલરનું જીવન આવું જ હોય. નિરાશા મળે તો પણ આગળ વધવું જ પડે. થોડો સમય મારી ફેમિલી સાથે વીતાવીશ. (આંતરરાષ્ટ્રીય ફૂટબૉલ છોડવા બાબતમાં) હું ઉતાવળે કોઈ પગલું ભરવા નથી માગતો.' ■

# પુણેના અર્ણવે વિમ્બલ્ડનમાં અમેરિકાના ત્રીજા ક્રમાંકિતને હરાવ્યો!

લંડનઃ પુણેમાં રહેતા ૧૮ વર્ષની ઉંમરના અર્ણવ પાપરકરે ટેનિસ જગતની સૌથી લોકપ્રિય વિમ્બલ્ડન ચૅમ્પિયનશિપમાં બીજો રાઉન્ડ જીતી લીધો છે અને આ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં તે ભારતને ગૌરવ અપાવી રહ્યો છે. તેણે બૉય્સ સિંગલ્સમાં વર્લ્ડ નંબર-થ્રી અમેરિકાના કીટૉન હાન્સને હરાવીને ત્રીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો.

અર્ણવ જુનિયર ટેનિસમાં ભારતનો સર્વશ્રેષ્ઠ ખેલાડી છે. આ ટૂર્નામેન્ટમાં તેણે પોતાનું બેસ્ટ રિઝલ્ટ બતાવ્યું છે. તેણે કીટૉનને ૬-૨, ૬-૩થી હરાવ્યો હતો.

અર્ણવ સામેની મૅચ કીટૉન જીતવા માટે ફેવરિટ મનાતો હતો. જોકે ભારત-તરફી ક્રાઉડની હાજરીમાં અર્ણવે તેને ટૂર્નામેન્ટની બહાર કરી દીધો છે. તેમની મૅચ લગભગ એક કલાક સુધી ચાલી હતી.

તાજેતરની ફ્રેન્ચ ઓપનમાં અર્ણવ ત્રીજા રાઉન્ડમાં હરીફ ખેલાડીને લડત આપીને હાર્યો હતો. જુનિયર વર્લ્ડ ટેનિસમાં અર્ણવની ૧૯મી રૅન્ક છે. તેણે શનિવારે બીજા રાઉન્ડમાં બ્રિટનના જોશુઆ ક્રેઝને સળંગ સેટમાં ૬-૨, ૬-૨થી પરાજિત કર્યો હતો.



### કૉકો ગૉફ અને નંબર વન યાનિક સિનર સેમિ ફાઇનલમાં

દરમ્યાન, વિમ્બલ્ડન ટેનિસ સ્પર્ધામાં મંગળવારે મહિલાઓની ક્વૉર્ટર ફાઇનલમાં અમેરિકાના કૉકો ગૉફે તેના જ દેશ જેસિકા પેગુલાને ૪-૬, ૬-૩, ૬-૩થી હરાવીને સેમિ ફાઇનલમાં પ્રવેશ મેળવ્યો હતો. પુરુષોના વર્ગમાં વર્લ્ડ નંબર-વન યાનિક સિનરે જર્મનીના યૅન-લૅનાર્ડ સ્ટ્રફને ૭-૫, ૭-૪, ૬-૩થી હરાવીને સેમિ ફાઇનલમાં એન્ટ્રી કરી હતી. ■

# ધોની, નિવૃત્તિ પહેલાં રાંચીમાં એક મૅચ તો રમજે જઃ ૪૫મા જન્મદિને ચાહકોની માગણી

## ▸ સેહવાગે મૅસેજમાં લખ્યું, 'ઉપર સે શાંત, અંદર સે આગ': ફિફા વર્લ્ડ કપના ઈન્સ્ટા પેજ પર પણ માહીને શુભેચ્છા





નવી દિલ્હી/રાંચીઃ કરોડો લોકોના લાડલા ભારતીય ક્રિકેટ-લેજન્ડ મહેન્દ્ર સિંહ ધોનીએ મંગળવાર, સાતમી જુલાઈએ ૪૫મો જન્મદિન ઉજવ્યો હતો અને એ પ્રસંગે દેશભરમાંથી જ નહીં, વિશ્વમાં અનેક ઠેકાણેથી સોશ્યલ મીડિયામાં તેના પર અભિનંદન અને શુભેચ્છાનો વરસાદ વરસ્યો હતો. ભારતીય ક્રિકેટ બોર્ડે પણ ધોનીને જન્મદિવસની શુભકામના પાઠવી હતી. મંગળવારે રાંચીમાં ધોનીના નિવાસસ્થાનની બહાર તેના અનેક ચાહકો એકત્રિત થયા હતા. એક ધોની-ચાહકે રાંચીના તમામ ફૅન્સ વતી ડિમાન્ડ કરી હતી કે અમે ઇચ્છીએ છીએ કે તે પોતાની અંતિમ મૅચ રમે એ પહેલાં તે રાંચીમાં એક મૅચ રમે એવી તેને અમારી વિનંતી છે.

વીરેન્દર સેહવાગે મંગળવારે ઇન્સ્ટાગ્રામ પર ધોનીને અનોખી સ્ટાઇલમાં હિન્દી ભાષામાં આપેલી શુભેચ્છામાં અંગ્રેજી લિપીમાં આ મુજબ લખ્યું હતુંઃ 'કેરલા કે પલક્કડ મેં, એક જંગલ કે અંદર એક વૉટરફૉલ હૈ જિસ કા નામ હૈ ધોની. કોઈ સીધા નહીં પહુંચ શક્તા. રાસ્તા મુશ્કિલ હૈ થોડા. ગાઇડ ચાહિયે. તીન ઘંટે ચલ કે જાઓ તબ દિખતા હૈ. ઔર જબ દિખતા હૈ? ઉપર સે બિલકુલ શાંત, અંદર સે આગ. સરફેસ સ્મૂથ, લેકિન કરીબ જાઓ તો પતા ચલતા હૈ કિતના પાવરફુલ હૈ. કેરલા ફૉરેસ્ટ ડિપાર્ટમેન્ટને ઇસકે સાથ એક રુલ બનાયા હૈ. પાની શાંત દિખતા હૈ, હૈ નહીં. મુઝે નહીં પતા યે રુલ વૉટરફૉલ કે લિયે થા યા નં.૭ કે લિયે. ઔર યે જગહ, યે ધોની કેરલા મેં તબ સે હૈ જબ મહેન્દ્ર સિંહ ધોની પૈદા ભી નહીં હુઆ થા. જૈસે નૅચર કો પહેલે સે પતા થા કોઈ આયેગા. ઐસા હી હોગા, ઐસા હી મિલેગા, મુશ્કિલ રાસ્તે કે બાદ, બિલકુલ અનએક્સ્પેક્ટેડ જગહ પે. ઔર એક બાર જો મિલ ગયા તો ભૂલના મુશ્કિલ હૈ. હૅપી બર્થ-ડે માહી...સ્ટે બ્લેસ્ડ ફૉરએવર.'

### ફિફા તરફથી શુભેચ્છા

ધોની સમગ્ર વિશ્વમાં પ્રિય છે અને અમેરિકા, કૅનેડા, મેક્સિકોમાં ચાલી રહેલા ફિફા ફૂટબૉલ વર્લ્ડ કપના પ્રસંગે ખુદ ફિફા વર્લ્ડ કપના ઇન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર પણ ધોનીને અનોખી સ્ટાઇલમાં શુભકામના આપવામાં આવી હતી. ધોનીને ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)ના ચાહકો 'થાલા' (લીડર)ના હુલામણા નામે ઓળખાવે છે. ધોનીના જન્મદિનની તારીખ '૭' છે અને તેનો ફેવરિટ આંકડો પણ '૭' છે. ફિફાના અકાઉન્ટ પર એક ફોટો શૅર કરવામાં આવ્યો હતો જેમાં લિયોનેલ મેસી, કીલિયાન ઍમ્બપ્પે અને અર્લિંગ હાલૅન્ડને (મંગળવાર સવાર સુધીના) ત્રણેયના આ વર્લ્ડ કપના ૭-૭ ગોલ બદલ એકસાથે બતાવવામાં આવ્યા હતા અને સંદેશમાં લખવામાં આવ્યું હતું, '૭ ગોલ...(થાલાનો જર્સી નંબર પણ એ જ છે). હૅપી થાલા ડે.'

### ધોનીની કરીઅરની આંકડાબાજી

(૧) ૫૩૮ ઇન્ટરનૅશનલ મૅચ (૨) ૧૭,૨૬૬ ઇન્ટરનૅશનલ રન (૩) ૧૬ સેન્ચુરી અને ૧૦૮ હાફ સેન્ચુરી (૪) ૩૫૯ છગ્ગા અને ૧૪૮૬ ચોગ્ગા (૫) ૬૩૪ કૅચ અને ૧૯૫ સ્ટમ્પિંગ (૬) ૨૦૦૭માં ટી-૨૦ વર્લ્ડ કપ ટ્રોફી (૭) ૨૦૧૧માં વન-ડે વર્લ્ડ કપ ટ્રોફી (૮) ૨૦૧૩માં ચૅમ્પિયન્સ ટ્રોફીનું ટાઇટલ. ■

# ટેસ્ટ ચૅમ્પિયનશિપમાં કરાશે ફેરફાર

નવી દિલ્હીઃ ક્રિકેટ જગતનું સંચાલન કરતી ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)ની વાર્ષિક સામાન્ય સભા બુધવારે યોજાશે જેમાં વન-ડે ક્રિકેટથી માંડીને ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)માં મોટા બદલાવ કરવામાં આવશે એવી સંભાવના છે.

ડબ્લ્યૂટીસી શરૂ થવાને કારણે ટેસ્ટ-ક્રિકેટ રોમાંચક તો થઈ છે, પણ એની પૉઇન્ટ સિસ્ટમ ચર્ચાસ્પદ રહી છે અને એની સામે કેટલાક સવાલ પણ ઉઠ્યા છે. ડબ્લ્યૂટીસીના પૉઇન્ટ્સ-ટેબલમાં ખાસ કરીને એવી ટીમોને ફાયદો થાય છે જે ઓછી મૅચોની સિરીઝ રમે છે. જે ટીમો વધુ મૅચોની સિરીઝ રમે એનાથી એ ટીમોને વધુ ફાયદો થતો હોય છે. જોકે આ સંબંધમાં આઇસીસી પૉઇન્ટ સિસ્ટમમાં ફેરફાર કરવા વિચારતી હોવાની ચર્ચા છે.

બીજી રીતે કહીએ તો હવે ટેસ્ટ સિરીઝના આધારે જ પૉઇન્ટ મળશે. કોઈ ટીમ ટેસ્ટ સિરીઝ જીતે તો એને આધારે જ એના પૉઇન્ટ નક્કી થશે. એક મૅચ હારવાથી જે જીતવાથી કોઈ ફરક નહીં પડે. સિરીઝ જીતવામાં આવશે તો જ એ ટીમના પૉઇન્ટમાં ફેરફાર થશે. ૨૦૨૧ના ચૅમ્પિયન ન્યૂ ઝીલૅન્ડ અને ૨૦૨૫ના વિજેતા સાઉથ આફ્રિકા જેવી ટીમો સામાન્ય રીતે ઓછી મૅચોની ટેસ્ટ સિરીઝ રમતી હોય છે એટલે એમાં તેમણે ઓછા પરાજય જોવા પડતા હોય છે અને આવી ટીમોના પૉઇન્ટ પાંચ-પાંચ મૅચની સિરીઝ રમતી ભારત, ઑસ્ટ્રેલિયા, ઇંગ્લૅન્ડ જેવી ટીમો કરતાં વધુ જોવા મળતા હોય છે. વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપને હવે ૧૨ ટીમની સ્પર્ધા બનાવવાની પણ વિચારણા છે કે જેથી એમાં આયરલૅન્ડ, ઝિમ્બાબ્વે અને અફઘાનિસ્તાન જેવી ટીમોની એન્ટ્રી પર પણ ચર્ચા થઈ શકે.

આઇસીસીની બુધવારની મીટિંગમાં વન-ડે મૅચોની સંખ્યા ઘટાડવા પર તેમ જ ચૅમ્પિયન્સ લીગ જેવી વર્લ્ડ ટી-૨૦ ટૂર્નામેન્ટ શરૂ કરવાની વિચારણા થઈ રહી છે. ■

# દિલ્હીમાં અફઘાનિસ્તાની ક્રિકેટર શાપૂર ઝદ્રાનનું જન્મદિનના એક દિવસ પહેલાં નિધન





નવી દિલ્હીઃ દિલ્હીમાં અફઘાનિસ્તાનના ભૂતપૂર્વ ફાસ્ટ બોલર શાપૂર ઝદ્રાનનું ગંભીર બીમારી સામે લડ્યા બાદ નિધન થયું છે. ક્રિકેટ જગતમાં શોકની લહેર ફરી વળી છે. તે ૨૦૦૯થી ૨૦૨૦ દરમ્યાન અફઘાનિસ્તાન વતી ૪૪ વન-ડે અને ૩૬ ટી-૨૦ રમ્યો હતો. આઠમી જુલાઈ (આજે) તેનો ૩૯મો જન્મદિન છે, પરંતુ તેણે સાતમી જુલાઈ (મંગળવારે) અંતિમ શ્વાસ લીધા. ઝદ્રાનનું ઓછી જાણીતી જીવલેણ બીમારી સામે ઝઝૂમ્યા બાદ અવસાન થયું છે. તેને હૅમોફેગોસાયટિક લીમ્ફોહિસ્ટિયોસાયટસિસ (એચએલએચ) બીમારી હતી. તે ઊંચા કદનો હતો અને આક્રમક રન-અપ સાથેની ઝંઝાવાતી બોલિંગ માટે જાણીતો હતો. ■

# કુસ્તીમાં ભારતીયો ૨૦ મેડલ જીત્યા

પટ્ટાયાઃ કુસ્તીબાજો માટેની અન્ડર-૨૦ એશિયન રેસલિંગ ચૅમ્પિયનશિપ્સમાં ભારતીય રેસલરો શાનદાર પર્ફોર્મન્સ સાથે કુલ ૨૦ મેડલ જીત્યા છે જેમાં ચાર ગોલ્ડ, સાત સિલ્વર અને નવ બ્રૉન્ઝ સામેલ છે. મોટા ભાગની કુસ્તીની હરીફાઈ બાદ મેડલ માટેના મંચ પર ભારતીય રેસલરની હાજરી જોવા મળી હતી. મહિલા અને પુરુષ, બન્ને વર્ગમાં ભારતીયોએ ટોચની ત્રણ ટીમમાં સ્થાન મેળવ્યું છે. મહિલા વર્ગમાં ભારત (૧૮૪ પૉઇન્ટ) જરાક માટે નંબર-વન ચીન (૧૮૯ પૉઇન્ટ)થી દૂર રહ્યું હતું. જાપાન (૧૪૨) ત્રીજા સ્થાને હતું. પુરુષોમાં ભારત (૧૫૨ પૉઇન્ટ)ની ફ્રીસ્ટાઇલ ટીમ ત્રીજા સ્થાને હતી. કઝાખસ્તાન (૧૭૦) પ્રથમ નંબરે અને ઇરાન (૧૬૪) રનર-અપ હતું. ■



રાજકોટમાં વહેલી સવારે કડાકા-ભડાકા અને ભારે પવન સાથે વરસાદ વરસ્યો હતો. આ વરસાદી માહોલને કારણે અસહ્ય ગરમી અને બફારાથી ત્રસ્ત શહેરવાસીઓને મોટી રાહત મળી હતી...
(ફોટોગ્રાફર- પ્રવિણ સેદાણી, રાજકોટ)

# પૂર્વ કચ્છ પોલીસ વિભાગમાં મોટો ફેરફારઃ ૨૯૩ પોલીસ કર્મચારીઓની સામૂહિક બદલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પૂર્વ કચ્છ ગાંધીધામ જિલ્લા પોલીસ વિભાગમાં વહીવટી સુધારણા અને જાહેર હિતના કારણોસર મોટા પાયે આંતરિક ફેરબદલ કરવામાં આવ્યો હતો. પૂર્વ કચ્છ પોલીસ વડા સાગર બાગમારે એકીસાથે ૨૯૩ પોલીસ કર્મચારીઓની બદલીના આદેશ જારી કરતાં પોલીસ બેડામાં ભારે ચર્ચા જાગી છે.

આ બદલીઓમાં ૮૮ કર્મચારીઓને તેમની રજૂઆતો ધ્યાને લઈ મનગમતી જગ્યાએ મૂકાયા છે, જ્યારે ૨૦૫ કર્મચારીઓની વહીવટી કારણોસર જાહેર હિતમાં સામૂહિક બદલી કરવામાં આવી છે. કેટલાક કર્મચારીઓને એક જ શહેરમાં આંતરિક બદલી અપાતા સ્થાનિક સ્તરે અનેક તર્ક-વિતર્ક પણ શરૂ થયા છે.

પોલીસ તંત્રમાંથી પ્રાપ્ત વિગતો અનુસાર, પૂર્વ કચ્છ જિલ્લાના જુદા-જુદા પોલીસ મથકો અને શાખાઓમાં ફરજ બજાવતા કુલ ૧૯૧ પોલીસ કર્મચારીઓએ અંગત અને પારિવારિક મુશ્કેલીઓના કારણે બદલી મેળવવા માટે સત્તાવાર માંગણી કરી હતી. આ રજૂઆતોના યોગ્ય નિકાલ માટે એસપી કચેરી ખાતે ખાસ ઓર્ડલી રૂમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ઓર્ડલી રૂમમાં કુલ ૧૫૩ પોલીસ કર્મચારીઓ રૂબરૂ હાજર રહ્યા હતા. ઉચ્ચ પોલીસ અધિકારીઓએ તમામ કર્મચારીઓની મુશ્કેલીઓ અને રજૂઆતોની ઊંડાણપૂર્વક સમીક્ષા કરી હતી.

જેમાં કુલ ૮૮ પોલીસ કર્મચારીઓની બદલી માંગવા પાછળના કારણો વ્યાજબી અને યોગ્ય જણાતા, તંત્રે માનવીય અભિગમ દાખવીને તેમને પદના ખર્ચે બદલી આપવાના સત્તાવાર હુકમો કર્યા હતો. ■

# ભુજમાં એસીબીની સફળ ટ્રેપ વાયોરના પીએસઆઇ ₹ ૪૦ હજારની લાંચ લેતા ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પશ્ચિમ-કચ્છ ભુજના વાયોર પોલીસ મથકમાં ફરજ બજાવતા વર્ગ-૩ના પોલીસ સબ ઇન્સ્પેક્ટર ઇન્દ્રવિજયસિંહ રાજેન્દ્રસિંહ ગોહિલ રૂ ૪૦,૦૦૦/- ની લાંચ સ્વીકારતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા.

એસીબીએ ગુનો નોંધી આરોપી પીએસઆઈ વિરુદ્ધ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, આ કેસના ફરિયાદી નાગરિક વિરુદ્ધ વાયોર પોલીસ મથકમાં એક ગુનો દાખલ થયો હતો. આ ગુનાની તપાસ સંદર્ભે ફરિયાદીને હેરાન-પરેશાન ન કરવા તેમજ તેમની ફેક્ટરી નિર્બાધપણે ચાલુ રાખવા દેવાના હપ્તા પેટે પીએસઆઇ ઇન્દ્રવિજયસિંહ ગોહિલે રૂ.૫૦,૦૦૦/- ની ગેરકાયદેસર લાંચની માગણી કરી હતી. જાગૃત ફરિયાદી આ લાંચની રકમ આપવા માંગતા ન હોવાથી, તેઓએ એન્ટી કરપ્શન બ્યુરોની હેલ્પલાઇન 'ટોલ ફ્રી નંબર ૧૦૬૪' પર સંપર્ક કર્યો હતો અને ગાંધીધામ એસીબી ઓફિસ ખાતે રૂબરૂ આવી કાયદેસરની ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદના આધારે એસીબીની ટીમ દ્વારા ગત ૦૬/૦૭/૨૦૨૬ ના રોજ ભુજના ગાયત્રી મંદિરના ગેટ પાસે રોડ પર લાંચનું છટકું ગોઠવ્યું હતું. આ દરમિયાન આરોપી પીએસઆઈએ ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી હતી અને લાંબી રકઝકના અંતે રૂ.૪૦,૦૦૦/- ની લાંચની રકમ સ્વીકારી હતી. જોકે, રકમ સ્વીકાર્યા બાદ આરોપી પોલીસ અધિકારીને કોઈ બાબતની શંકા કે વહેમ જતાં, તેઓ લાંચના નાણાં લઈને સ્થળ પરથી નાસી છૂટ્યા હતા. પરંતુ એસીબીની સજાગ ટીમે ગણતરીની મિનિટોમાં જ તેમને દબોચી લીધા હતા. ■

# ભાવનગરના શેળાવદર ગામે મારામારીના બનાવમાં ઈજાગ્રસ્ત યુવકનું મોતઃ બનાવ હત્યામાં પરિણમ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના દાઠા પોલીસ સ્ટેશન હેઠળના શેળાવદર ગામે આજથી ૧૦ દિવસ અગાઉ રમેશભાઈ ધનાભાઈ જાદવ ઉં. વ. ૫૦ પર જાનથી મારી નાંખવાની કોશિશના ઈજાગ્રસ્ત યુવકનું સારવાર દરમિયાન મોત નીપજતા બનાવ હત્યામાં પરિણમ્યો હતો.





પોલીસે આ ગુનામાં સંડોવાયેલા આરોપીઓની ગણતરીના કલાકોમાં જ ધરપકડ કરી હતી. જેમાં ગીગાભાઈ કથડભાઈ ભમ્મર ઉ.વ.૪૦ રહે. પાદરી (ભમ્મર) તા. તળાજા જી. ભાવનગર, ધનાભાઈ ભીખાભાઈ કામળીયા ઉ.વ.૨૬ રહે. પાદરી (ભમ્મર) તા. તળાજા જી. ભાવનગર, રામભાઈ પાતાભાઈ ભમ્મર ઉ.વ.૩૦ રહે. મોટા ઘાણા તા. તળાજા જી. ભાવનગર, રામભાઈ માણસુરભાઈ કાગ ઉ.વ.૩૪ રહે. સાલોલી તા. મહુવા જી. ભાવનગર, ગુલાબસિંહ ઝીણકુભા સરવૈયા ઉ.વ.૫૨ રહે. શેળાવદર તા. તળાજા જી. ભાવનગર, રામભાઈ ગીગાભાઈ ભમ્મર ઉ.વ.૪૩ રહે. પાદરી (ભમ્મર) તા. તળાજા જી. ભાવનગર તમામ વિરૂદ્ધ દાઠા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કર્યો હતો જેમાં ઈજાગ્રસ્ત યુવકનું મોત થતા હત્યાની કલમનો ઉમેરો થયો હતો. ■

# ભુજ તાલુકાના નારણપરમાં યુવાને ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: તાલુકાના નારણપર ગામે આવેલા ઈન્દિરાવાસ વિસ્તારમાં એક ૨૩ વર્ષીય યુવાને ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતાં સમગ્ર પંથકમાં ભારે અરેરાટી સાથે શોકની લાગણી વ્યાપી ગઈ છે.

મળતી વિગતો મુજબ, નારણપરના ઈન્દિરાવાસમાં રહેતા ૨૩ વર્ષીય યુવાન જિતેન્દ્ર જુમા સૂર્યાએ ગઈકાલે રાત્રિના અરસામાં પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ લીધો હતો.

આ ઘટનાની જાણ થતાં જ તેના કૌટુંબિક ભાઈ બુટ્ટાભાઈ મહેશ્વરી તાત્કાલિક તેને ગંભીર હાલતમાં સારવાર અર્થે ભુજની જી. કે. જનરલ હોસ્પિટલ ખાતે લઈ આવ્યા હતા. જો કે, અહીં હાજર પરના તબીબે યુવાનને મૃત જાહેર કર્યો હતો.

આ કરુણ ઘટના અંગે માનકૂવા પોલીસ મથકને જાણ કરવામાં આવતા પોલીસે હોસ્પિટલ પહોંચી મૃતદેહનો કબ્જો સંભાળ્યો હતો અને અકસ્માતે મોત અંગેનો ગુનો દાખલ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

યુવાને કયા કારણોસર આ આત્યંતિક પગલું ભર્યું તે અંગે પોલીસે વધુ તપાસ શરૂ કરી છે. ■

# રાજકોટમાં બાળકને ટ્યુશન ટીચરે ડામ આપતા ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ શહેરના રેલનગર વિસ્તારમાં આવેલા શ્યામજી કૃષ્ણ વર્મા ટાઉનશિપમાંથી ગુરુશિષ્યના સંબંધને લાંછન લગાડતો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. અહીં માત્ર સાડા ચાર (૪.૬) વર્ષના એક માસૂમ બાળકને તેના ટ્યુશન ટીચરે ગરમ વસ્તુ વડે ડામ આપ્યો હોવાનો ગંભીર આક્ષેપ બાળકના પરિવાર દ્વારા કરવામાં આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ હતી. બાળકના શરીર પર ઈજાના નિશાન જોવા મળતા પરિવારજનોમાં ભારે આક્રોશ ફેલાયો હતો. પોલીસ અને સંબંધિત તંત્ર દ્વારા આ મામલે તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. આ ઘટનાએ સોશિયલ મીડિયા અને સ્થાનિક સ્તરે ભારે ચર્ચા જગાવી છે.

પરિવારના જણાવ્યા અનુસાર, માસૂમ બાળકી ટ્યુશન ક્લાસમાં હોમવર્ક કે લખવાનું કામ કરતો ન હતો. આ બાબતથી ઉશ્કેરાઈને નિરાલી નામની ટ્યુશન ટીચરે બાળકને શિસ્તના નામે અતિ ક્રૂર સજા કરી હતી અને તેને કોઈ ગરમ વસ્તુ વડે ડામ આપી દીધા હતા.

ઘરે પરત ફરેલા બાળકના શરીર પર ડામના સ્પષ્ટ નિશાન જોઈને માતા-પિતા સહિતના પરિવારજનો ચોંકી ઉઠ્યા હતા. આ અમાનુષી કૃત્ય અંગે જ્યારે બાળકના કાકા સંબંધિત ટ્યુશન ટીચરને ઠપકો આપવા અને જવાબ માગવા ગયા, ત્યારે શિક્ષિકા નમવાને બદલે સામે ધમકી પર ઉતરી આવી હોવાનો પણ પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો. જો કે, આ ગંભીર આક્ષેપો અંગે હજુ સુધી કોઈ સ્વતંત્ર પુષ્ટિ થઈ શકી નથી. ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખીને બાળકના પરિવાર દ્વારા સંબંધિત ઉચ્ચ સત્તાધિકારીઓ સમક્ષ લેખિત/મૌખિક રજૂઆત કરવામાં આવી છે. ■

# સુરેન્દ્રનગરના ધ્રાંગધ્રામાં ચોમાસામાં વારંવાર વીજ પુરવઠો ખોરવાતા રહીશોમાં રોષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગરઃ જિલ્લાના ધ્રાંગધ્રા શહેરની સાત સોસાયટીના રહીશોએ ચોમાસાની શરૂઆત સાથે જ વારંવાર વીજ પુરવઠો ખોરવાતો હોવાની ફરિયાદ સાથે સામે ઉગ્ર રોષ વ્યક્ત કર્યો હતો. સમસ્યાના કાયમી ઉકેલની માંગ સાથે રહીશોએ પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવી તાત્કાલિક હસ્તક્ષેપ કરવાની માંગ કરી હતી. રહીશોના જણાવ્યા મુજબ, સામાન્ય વરસાદી છાંટા પડતા જ કલાકો સુધી વીજ પુરવઠો બંધ થઈ જાય છે. જેના કારણે ઘરગથ્થુ કામકાજ, વિદ્યાર્થીઓના અભ્યાસ, વેપાર-ધંધા તેમજ વૃદ્ધો અને દર્દીઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. ઉપરાંત, વારંવાર વીજળી જતી રહેતાં ઇલેક્ટ્રોનિક ઉપકરણોને નુકસાન થવાની પણ ભીતિ વ્યક્ત કરવામાં આવી છે. આવેદનપત્રમાં જણાવાયું છે કે દ્વારા દર વર્ષે પ્રિમોન્સૂન કામગીરી અને નિયમિત મેન્ટેનન્સના દાવા કરવામાં આવે છે, પરંતુ વરસાદ શરૂ થતાં જ વીજ પુરવઠો ખોરવાઈ જતાં આ કામગીરીની અસરકારકતા સામે સવાલો ઊભા થયા છે. સાતેય સોસાયટીના રહીશોએ પ્રાંત અધિકારી સમક્ષ આ સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવા માંગ કરી હતી. તેમની મુખ્ય માંગણીઓમાં ફોલ્ટની સંખ્યામાં ઘટાડો, વરસાદી સીઝનમાં અવિરત અને સ્થિર વીજ પુરવઠો સુનિશ્ચિત કરવો તેમજ વીજ વિક્ષેપની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવાનો સમાવેશ થાય છે. રહીશોએ ચેતવણી આપી છેકે જો તેમની રજૂઆત પર વહેલી તકે યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં વધુ ઉગ્ર વિરોધ કાર્યક્રમો અને આંદોલનનો માર્ગ અપનાવવામાં આવશે. ■

# મુંદરાના દેશલપર અને સમાઘોઘામાં ₹ ૫૫.૩૪ લાખની સરકારી જમીન દબાણમુક્ત કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ મુંદરા તાલુકાના દેશલપર અને સમાઘોઘા ગામમાં સરકારી જમીન પર થયેલા ગેરકાયદે દબાણો વિરુદ્ધ સ્થાનિક તંત્ર દ્વારા કાર્યવાહી હાથ ધરીને અંદાજે રૂા. ૫૫,૩૪,૬૪૮ની વર્તમાન બજાર કિંમત ધરાવતી જમીન સંપાદન મુક્ત કરાવવામાં આવી હતી. પોલીસ અને મહેસૂલ વિભાગના સત્તાવાર સાધનોમાંથી મળતી વિગતો મુજબ, મુંદરા તાલુકાના દેશલપર ગામે સરકારી સર્વે નંબર ૩૬ની ૪૮,૨૫૯ ચોરસ મીટર સરકારી જમીન પર લાંબા સમયથી ખેતી વિષયક ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, તાલુકાના જ સમાઘોઘા ગામે સરકારી ટ્રાવર્સ સર્વે નંબર ૩૬૯ પૈકીની ૨,૦૦૦ ચોરસ મીટર સરકારી જમીન પર વાણિજ્ય હેતુ માટે ગેરકાયદેસર બાંધકામ કે કબજો કરીને દબાણ ઊભું કરાયું હતું. સરકારી જમીનો પરના આ દબાણો અંગે મુંદરા મામલતદાર દ્વારા કાયદેસરની નોટિસ આપીને સુનાવણી હાથ ધરવામાં આવી હતી. દબાણકર્તાઓને રજૂઆતની પૂરતી તક આપ્યા બાદ આખરે જમીન ખાલી કરવાનો આખરી હુકમ જારી કરાયો હતો. ■

# કચ્છમાં વાવાઝોડા અને વેગીલા વાયરા સાથે મેઘ પધરામણી, રાપરમાં દોઢ ઈંચ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છીમાડુઓ જેની લાંબા સમયથી કાગડોળે રાહ જોઈ રહ્યા હતા, તે મેઘરાજાએ આખરે તોફાની પવન અને ગાજવીજ સાથે કચ્છ જિલ્લામાં ધમાકેદાર પધરામણી કરી હતી. વાગડ પ્રદેશથી શરૂ થયેલો વરસાદી ઝાપટાંનો દોર મોડી રાત સુધીમાં જિલ્લાના અન્ય વિસ્તારોમાં પણ ફેલાયો હતો. રાપરમાં માત્ર એક કલાકમાં જ દોઢ ઈંચ વરસાદ ખાબક્યો હતો, જ્યારે ભચાઉ, અંજાર, ગાંધીધામ અને ભુજના સરહદી વિસ્તારોમાં પણ મેઘરાજાએ હાજરી પુરાવી હતી. દિવસભરના અસહ્ય ઉકળાટ અને બફારા બાદ સમીસાંજે વાતાવરણમાં આવેલા પલટાથી લોકોને અકળાવનારી ગરમીમાંથી મોટી રાહત મળી હતી.

સીમાવર્તી રાપર શહેરમાં સોમવારે મોડી સાંજે ગાજવીજ અને વેગીલા પવન સાથે એક કલાકમાં ૩૬ મી.મી. (દોઢ ઈંચ) વરસાદ નોંધાયો હતો. ભારે વરસાદના કારણે માર્ગો પર પાણી વહી નીકળ્યા હતા અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયાં હતાં.

હાઈવે પટ્ટીના ગાગોદર, પલાંસવા (૧ ઈંચ), પલાંસવા, કાનમેર, મેવાસા અને આડેસર સહિતના ગામોમાં સારો વરસાદ થયો છે. પ્રાંથળના બાલાસર અને જાટાવાડામાં મિની વાવાઝોડા સાથે વરસાદ ત્રાટક્યો હતો, જ્યારે ત્રંબૌમાં એક ઈંચ વરસાદ નોંધાયો હતો. આ વાવણીલાયક વરસાદથી ખેડૂતોમાં આનંદની હેલી વ્યાપી ગઈ હતી. ■

# જૂનાગઢમાં માંગરોળના મકતુપુર નજીક કારે બાઈકને અડફેટે લેતાં કમકમાટીભર્યું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકામાં પોરબંદર-સોમનાથ નેશનલ હાઈવે પર આવેલા મકતુપુર ગામ નજીક એક ગાડી અને બાઈક વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. આ ભયાનક અકસ્માત એટલો જોરદાર હતો કે ગંભીર ઈજાઓ થવાના કારણે એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું,

જેને પગલે હાઈવે પર લોકોના ટોળેટોળાં એકઠા થઈ ગયા હતા. આ અકસ્માતની જાણ થતાં જ માંગરોળ પોલીસ સ્ટેશનનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને ફરાર થયેલા કાર ચાલક વિરુદ્ધ બેદરકારીથી વાહન ચલાવી મોત નીપજાવવા અંગેનો ગુનો દાખલ કર્યો હતો.

બેકાબૂ બનેલી કારએ બાઈક સવારને અડફેટે લેતા બાઈકનો કચ્ચરઘાણ વળી ગયો હતો.

અકસ્માતને પગલે સ્થાનિક રહીશોએ તાત્કાલિક એમ્બ્યુલન્સને જાણ કરી હતી. ત્યારબાદ, મૃતકના શવને પંચનામાની વિધિ અને પોસ્ટમોર્ટમ માટે તાબડતોબ નજીકની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં પરિવારજનોના આક્રંદથી વાતાવરણ ગમગીન બની ગયું હતું. ■

# ભાવનગરમાં ભગવાન જગન્નાથની યોજાનાર રથયાત્રાની તૈયારીઓને પગલે પોલીસ અધિક્ષક નિતેશ પાંડેયની અધ્યક્ષતામાં બેઠક યોજાઇ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરમાં શ્રી જગન્નાથજી રથયાત્રા મહોત્સવ સમિતિ ટ્રસ્ટ આયોજિત ગુજરાતની બીજા નંબરની મોટી રથયાત્રા યોજાય છે. રથયાત્રાની તૈયારીઓને આખરી ઓપ આપવાં માટે પોલીસ અધિક્ષક નિતેશ પાંડેયની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરી આયોજન હોલ ખાતે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા ૪૦ વર્ષથી પરંપરાગત રીતે શ્રી જગન્નાથજી રથયાત્રા ભાવનગરમાં યોજાય છે અને આ વર્ષે ૪૧ મી રથયાત્રાનું આયોજન તા. ૧૬/૭/૨૬ ના રોજ થનાર હોય જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ તથા રથયાત્રા સમિતિના સભ્યો સાથે બેઠક યોજાઇ હતી.

આ રથયાત્રા શાંતિપૂર્ણ રીતે યોજાય તે માટે પોલીસ અધિક્ષકશ્રીએ વિવિધ વિભાગોના અધિકારીઓને લેવાનાં પગલાઓ વિશે માર્ગદર્શન આપ્યું હતું. પોલીસ અધિક્ષકએ રથયાત્રાના રૂટમાં આવતાં ઝાડવાઓની ડાળીઓ કટીંગ, સતત લાઇટનો પુરવઠો જળવાય, રસ્તાની સફાઇ થઇ જાય, રસ્તામાં અડચણરૂપ વાયરો દૂર કરવામાં આવે, પાણીની સગવડ સચવાય વગેરે રથયાત્રા સંલગ્ન કામગીરી વિશે તંત્રનું માર્ગદર્શન કર્યું હતું.

રથયાત્રા સમિતિના હરૂભાઇ ગોંડલીયાએ રથયાત્રા તેના પરંપરાગત રૂટ પર નિર્વિઘ્ને ચાલે તે માટેના વિવિધ સૂચનો કર્યાં હતાં. રથયાત્રા તેના નિર્ધારિત રૂટ પર ભાવેણાવાસીઓ માટે ફરશે તે માર્ગ પર જરૂરી સુવિધાઓ અને સગવડોની માહિતી તેમણે આપી હતી તથા તંત્ર પાસેથી જરૂરી મંજૂરી તથા સહકારની વિગતો રજૂ કરી હતી.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી હનુલ ચૌધરી, નાયબ વન સંરક્ષક વાય. એ. દેસાઈ, નિવાસી અધિક કલેકટર એન. ડી. ગોવાણી, પ્રાંત અધિકારી અક્ષર વ્યાસ તેમજ રથયાત્રા સમિતિના સભ્યો, જિલ્લાના અધિકારીઓ- કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. ■

# રાજકોટના શાપરમાં ₹ ૨.૪૯ કરોડની લૂંટના મામલે પોલીસે વધુ ચાર શખસને ઝડપ્યા



(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ જિલ્લાના શાપર-વેરાવળમાં ૭૭ વર્ષીય ખેડૂત જીતેન્દ્રસિંહ જાડેજાના ઘરે થયેલી રૂ. ૨.૪૯ કરોડની ધાડ (લૂંટ) ના ગુનામાં પોલીસને વધુ એક મોટી સફળતા મળી હતી. અગાઉ આ કેસના મુખ્ય આરોપીઓની મધ્યપ્રદેશમાંથી ધરપકડ કરાયા બાદ, પોલીસે કડીઓ મેળવીને આ ગુનામાં સંડોવાયેલા અન્ય વધુ ૪ આરોપીઓને ઝડપી પાડ્યા હતા. લીસે તેમની પાસેથી રોકડ રૂ.૧૨.૫૦ લાખ, ગુનામાં ઉપયોગમાં લેવાયેલી કાર, એક મોટરસાઇકલ અને ચાર મોબાઇલ સહિત કુલ રૂ.૧૭.૦૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગ્રામ્ય પોલીસ આ કેસમાં અગાઉ ૭૬ લાખથી વધુના મુદ્દામાલ સાથે ત્રણ આરોપીઓની ધરપકડ કરી ચૂકી છે. તેમ છતાં ગેંગના માસ્ટરમાઇન્ડ પૈકીના એક બહાદુર બબેરિયા સહિત છ આરોપીઓ અને અંદાજે દોઢ કરોડથી વધુનો મુદ્દામાલ હજુ પોલીસ પકડથી દૂર છે.

આ કેસમાં પોલીસે અત્યાર સુધી વિજન માવી, રામેશ્વર ઉર્ફે પપ્પુ મચ્છાર, રાજુ ભાભોર અને સાગર મેડાની ધરપકડ કરી ચુકી છે. જ્યારે કમલસિંહ ઉર્ફે કલમસિંહ સિંગાડ, કરણસિંહ ઉર્ફે મડીયા સિંગાડ, મહોબતસિંહ, આલમસિંહ ઉર્ફે સુલસુલા, બહાદુર બબેરિયા અને નિલેશ મચ્છાર હજુ ફરાર છે. ■

# ભારે વરસાદથી અસરગ્રસ્ત સનખડા અને ખત્રીવાડા ગામોની ધારાસભ્ય કાળુભાઈ રાઠોડે મુલાકાત લીધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ઉનાઃ તાલુકામાં તા. ૪ અને ૫ જુલાઈ દરમિયાન પડેલા અવિરત અને ધોધમાર વરસાદને કારણે અનેક ગામોમાં જનજીવન પ્રભાવિત બન્યું હતું.

ખાસ કરીને સનખડા અને ખત્રીવાડા ગામોમાં વરસાદી પાણી ઘરોમાં ઘૂસી જતાં અનેક પરિવારોની ઘરવખરી, અનાજ, ઘરઉપયોગી ચીજવસ્તુઓ તેમજ દૈનિક જીવનને ભારે નુકસાન પહોંચ્યું હતું. અનેક પરિવારોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ તથા જિલ્લા પંચાયતના સભ્ય અજીતસિંહ ભીખુભા ગોહિલ (અજુભાઈ)એ સનખડા અને ખત્રીવાડા ગામોની સ્થળ મુલાકાત લીધી હતી.

આ દરમિયાન ખત્રીવાડા ગામના સરપંચ જીતેન્દ્રભાઈ શિયાળ, સનખડા ગામના સરપંચ રવિરાજસિંહ રાઠોડ તેમજ ગામના આગેવાનો તેમની સાથે જોડાયા હતા.

મુલાકાત દરમિયાન બંને ગામોમાં વરસાદથી થયેલા નુકસાનનું સ્થળ પર નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. અસરગ્રસ્ત પરિવારોના ઘરોમાં જઈ તેમની સ્થિતિની જાણકારી મેળવી હતી તેમજ ગ્રામજનોની રજૂઆતો, મુશ્કેલીઓ અને માંગણીઓને ધ્યાનપૂર્વક સાંભળી હતી.

ગામલોકોએ વરસાદી પાણીના કારણે થયેલા નુકસાન, ઘરવખરીની બરબાદી, રસ્તાઓની હાલત અને અન્ય પ્રશ્નો અંગે રજૂઆત કરી હતી. ધારાસભ્ય કાળુભાઈ રાઠોડે અસરગ્રસ્ત પરિવારોને વિશ્વાસ આપ્યો હતો કે તેમના પ્રશ્નો સરકારના સંબંધિત વિભાગો સમક્ષ અસરકારક રીતે રજૂ કરવામાં આવશે અને જરૂરી સહાય તેમજ નુકસાનનું યોગ્ય મૂલ્યાંકન કરાવી વહેલી તકે રાહત મળે તે માટે તમામ પ્રયાસો હાથ ધરવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે મુશ્કેલીની આ ઘડીએ સરકાર અને સ્થાનિક તંત્ર અસરગ્રસ્ત લોકોની સાથે ઊભું છે અને શક્ય તેટલી ઝડપથી જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. ■